॥હરિ:ૐ॥



# જીવનસૌરભ

પૂજ્ય શ્રીમોટા

॥ હરિ:ૐ ॥

પૂજ્ય શ્રીમોટા

વિરચિત

# જીવનસૌરભ

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં, જહાંગીરપુરા,
રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫, ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑ **આવૃત્તિ વર્ષ પ્રત**

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૧ | ૧૨૫૦ |
| બીજી | ૨૦૦૭ | ૫૦૦ |

❑ પૃષ્ઠ : ૨૪ + ૩૩૬ = ૩૬૦

❑ પડતર કિંમત : **રૂ.** ૩૦/-

❑ વેચાણ કિંમત : **રૂ.** ૨૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

# સમર્પણાંજલિ

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના દેહની હયાતી દરમિયાન પોતે અને
પોતાનો પરિવાર તેમના સંપર્કમાં આવી ન શક્યો
તેનો અફસોસ જેઓને સતત રહ્યા કરે છે
અને
ટાઇલ્સ ઉત્પાદનનો હાલનો કારોબાર શ્રીહરિકૃપાથી જ
વિસ્તર્યો છે, એવી ભાવના હૃદયથી સેવનાર
તેમ જ
હરિઃૐ આશ્રમ, સુરતના મૌનરૂમો સહિતના
પુનર્વસનના કાર્યમાં વિનમ્રભાવે સહયોગ આપી
કૃતાર્થ થયાની ભાવના રાખનાર
એવાં
**શ્રી નટુભાઈ જગજીવનદાસ અખાણી**
અને
**શ્રીમતી પુષ્પાબહેન નટુભાઈ અખાણી**
તેમ જ તેમના સમગ્ર પરિવારને
પૂજ્ય શ્રીમોટા વિરચિત **'જીવનસૌરભ'**ની આ
દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન સમર્પિત કરતાં
અમો આનંદ અનુભવીએ છીએ.

તા. ૩૦-૯-૨૦૦૭ — ટ્રસ્ટીમંડળ,
ભાદરવા વદ-૪ — હરિઃૐ આશ્રમ,
સંવત ૨૦૬૩ — સુરત

॥ હરિઃૐ ॥

# શ્રી ઈન્દ્રવદન શૅરદલાલ

તથા

# શ્રીમતી જયશ્રીબહેન શૅરદલાલને

# સપ્રેમ ભાવાંજલિ

**(પ્રથમ આવૃત્તિ)**

(અનુષ્ટુપ)

સંકલ્પ કૈં કૃપાથી જે જે આ જીવનમાં થયા,
તેના મૂળથી સાક્ષી તો પ્રત્યક્ષ શા ખરા રહ્યા ! ૧

મૂળથી જે થયેલા છે સંકલ્પ પરમાર્થના,
ફળાયા કેમ સંપૂર્ણ, તેનાય સાક્ષી છો સદા. ૨

મોટાના કર્મને માટે ઉત્સાહ, ખંત, ઉદ્યમ,
એકધારો બતાવ્યા શો કરેલો થઈ ઉદ્યત ! ૩

પોતાનું બધું જે તેયે પૂરું વેગળું મૂકીને,
કર્તવ્યમાં જ 'મોટા'ના પૂરું લક્ષ પરોવી દે. ૪

કેવી સરળતા, પાછી સૌ સગવડ સાચવે !
ખડે પગે જ તૈયાર, સેવામાં નિત્ય તત્પરે. ૫

સેવાને આપવામાં તો જેનું હેત અપાર છે,
સેવામાં 'જયશ્રી'ને શી ભાવથી વળગાડી છે ! ૬

'જયશ્રી'નો મને કેવો સહકાર મળ્યા કર્યો,
શરીર રોગીલાની શી સેવા આપી નિવાજિયો ! ૭

ઉભયતણી સેવામાં છે આશીર્વાદ બાતણા,
કર્મ ફળાવવા ભારે શ્રમ કેવો કર્યો લીધાં ! ૮

આડુંતેડુંય મારું સૌ જેણે નભાવી લીધું છે,
સદા તત્પરતા સેવા કાજે દાખવી કેવી છે ! ૯

જે કાળે જોઈએ ત્યારે પોતે તત્પર હાજર,
સધાવા કર્મ 'મોટા'નું જોયાં ના રાતદિવસ. ૧૦

'મોટા'ને જોઈતું જે હો લાવી દેવા જ હર્ષ છે,
પૂરું પાડ્યા વિના હૈયે એને જંપ વળે ન છે. ૧૧

જીવને સથવારો શો એનો કૃપાથી તો મળ્યો ?
ને ખપ લાગવાને તો એને દિલ ઉમંગ શો ! ૧૨

એ બંનેને શું અર્પી હું શકું, પાસ કશું ન છે,
હૈયા કેરા નર્યા ભાવે ધરું ભાવાંજલિ પદે. ૧૩

હરિ:ૐ આશ્રમ, **- મોટા**
નડિયાદ, તા. ૨-૯-૧૯૭૨

# અમારાં અહોભાગ્ય !

(અનુષ્ટુપ)

તમારું નામ તો 'મોટા' છતાં નાના તમે રહી,
આત્મકલ્યાણની વાતો કેવી આ વિશ્વને કહી !

(મંદાક્રાંતા)

આ સંસારે મનુજ સઘળાં બંધનોમાં જ ગ્રસ્ત,
કો'ને કો'ની પડી નવ કંઈ સૌ ગુમાને મસ્ત,
માયા કેરાં પડળ ધરીને વિશ્વમાં સૌ રહેતાં,
ને જીવે છે જગત ઉપરે પ્રેમથી એમ ક્‌હેતાં.

(અનુષ્ટુપ)

પ્રભો ! સંસારમાં બાજી એ રીતે રમતાં બધાં,
તમે એ દેખતા તોયે ર્‌હો નિરાળા જ તે છતાં.

(શિખરિણી)

તમારે તો માયા જગત પરની ભસ્મ કરવી,
ધખાવીને ધૂણી જીવનતણી આહુતિ ધરવી,
ન કો'ને કહેવાનું, પરંતુ દેવાનું,
સદાયે વ્‌હેવાનું બસ હૃદયમાં એ જ રટણા,
તમારી તો એવી અજબ ભરી કેવી જ ઘટના !

(અનુષ્ટુપ)

ગંગામૈયા સમા મીઠાં સૌને શીતળ પાન દો,
પ્રભુના નામના સાથે મધુરાં પ્રેમગાન દો.

જનેતા જેમ કો વેળા વ્હાલ શા અમને કરો !
પિતાની પેઠ ક્યારેક ગ્રહીને આંગળી ફરો.
તમે તો સાધના સાધી જીવતો પ્રેમને કર્યો,
સર્વને પ્રેમ સીંચીને સંસાર મીઠડો કર્યો.

(શિખરિણી)

તમારે તો વિશ્વે સહુ હૃદયમાં વાસ કરવો,
વસીને સૌનામાં નવજીવનનો શ્વાસ ધરવો,
અહો ! આ પૃથ્વીપે મનુજ સહુ જે જે અવતર્યાં,
તમે ચાહો તેને ઝળહળ કરી તેજસભર્યાં.

(અનુષ્ટુપ)

અજ્ઞાને અટવાયાં જે તેમને જ્ઞાનદૃષ્ટિ દો,
પ્રેમના તાંતણે જાણે સૌની ફેરવી સૃષ્ટિ દો.

(શિખરિણી)

તમારે તો ચ્હાવું જગતજનને એ જ સપનું,
સદા સૌને દેવો જીવનરસ એ કામ ખપનું,
જગે ત્રાસેલાં જે સકળ જનને શાંતિ ધરવી,
તમારે તો સૌના જીવનતણી રક્ષા જ કરવી.

(અનુષ્ટુપ)

તમે સર્વસ્વ આપીને સંસારે તો સદા હસો,
અહોભાગ્ય અમારાં કે અમારી સાથમાં વસો.
તમારા અંતરે ભાવ અમારી પ્રતિ જાગજો,
માગીએ ના બીજું કાંઈ એટલું બસ આપજો.

**- સોમાભાઈ ભાવસાર**

॥ હરિઃૐ ॥

# સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

જગતમાં ભગવદ્પ્રાપ્તિ કોને નથી કરવી ? દરેક માણસ સંસાર-વહેવારમાં રચ્યોપચ્યો રહે છે અને તેનું સુખ પણ પામતો હોય છે, વેપાર-વણજમાં પડે છે અને ધનદોલત પણ કમાય છે, અને તેથી આગળ જઈને સમાજકલ્યાણનાં કાર્યો કરી જનસેવા દ્વારા જીવનમાં સંતોષ પણ મેળવે છે, તેમ છતાં તેને તેથી તૃપ્તિ મળતી નથી અને હજીયે તેને કંઈક મેળવવાનું બાકી રહે છે એમ લાગ્યા કરે છે. અને આ માટે દરેક દેવદર્શન દ્વારા, સાધુસમાગમ કરીને કે કથાકીર્તનો સાંભળીને તે મેળવવાનો પ્રયત્ન કરે છે.

વર્ષોથી ચાલી આવતી સમાજની આ રૂઢિગત પ્રણાલિકામાં જ માણસ એવો અટવાઈ જાય છે કે તેને જ તે ઈતિઅલમ્ માનીને અટકી જાય છે અને જગતમાંથી વિદાય લેતો હોય છે.

જીવન જોઈએ છીએ એટલું સરળ નથી. એમાં પણ અનેક સંઘર્ષો આવતા હોય છે અને તેમાંથી પાર પડવા માટે દરેક માણસને અથાગ પુરુષાર્થ અને શ્રમ કરવો પડતો હોય છે, એ સુવિદિત હકીકત છે. સંસારવહેવારમાં કે વેપાર-વણજમાં પણ કોઈ વાર એવી વિષમ પરિસ્થિતિ આવે છે કે માણસ સાવચેતી ન રાખે તો ડૂલી જાય છે, તેના સત્ય ઘટનાત્મક પ્રસંગો આપણા સૌના જાણવામાં અને જોવામાંય આવ્યા હશે. જો સ્થૂળ મેળવવા માટે દરેક કંઈક કરે તો જ તે પામે છે તો પછી સૂક્ષ્મ મેળવવા માટે એને કેટકેટલું કરવું પડતું હશે તેનો વિચાર કરવો ઘટે છે.

આ પુસ્તકના કર્તા પૂજ્ય શ્રીમોટા એક સામાન્ય માણસ જ હતા. તેમણે એટલી બધી ગરીબી વેઠેલી છે કે જે આજના માણસના માન્યામાં ન આવે. તેમણે વેઠેલી ગરીબી માટે જાણવું હોય તો તેમનાં ‘જીવનદર્શન’, ‘જીવનરસાયણ’, ‘જીવનતપ’, ‘જીવનકથની’ વગેરે પુસ્તકો વાંચીએ, ત્યારે જ આપણને ખ્યાલ આવે.

જીવનમાં મળેલી ગરીબી અને દુઃખને પણ તેમણે પ્રભુનો પ્રસાદ માની આનંદથી સ્વીકારી અને જીવનઉન્નતિના માર્ગમાં જ્ઞાનપૂર્વક સદ્દુપયોગ કર્યો. તેઓ કહે છે કે જીવનમાં મને આટલી બધી ગરીબી અને દુઃખ મળ્યાં તે માટે ભગવાનનો પાડ માનું છું, નહિ તો મને ઊંચે આવવાનું મન જ ન થાત. જ્ઞાનની જેને તરસ લાગે છે, તેને દુઃખ કઠતાં નથી પણ માર્ગપ્રેરક બને છે, તે આ ઉપરથી જોઈ શકાય છે.

આપણા સમાજમાં સામાન્ય માણસ ઊંચે આવી ન શકે તેવી પ્રચલિત માન્યતા છે. તેમ છતાં ગાંધીજી એક સામાન્ય માણસમાંથી જ દેવકોટિ સુધી પહોંચ્યાનો દાખલો આપણને જોવા મળે છે. પૂજ્ય શ્રીમોટાએ પણ તેમની જીવંત ઉન્નતિ આ જ પ્રકારે સાધેલી છે અને આજે તેઓ પોતે જે રીતે ઉન્નત બન્યા તે રીતે સમાજને ઉન્નત બનાવવા અનેક લોકકલ્યાણનાં કાર્યો તેમણે હાથ ધર્યાં છે અને મૌનએકાંતના સાધન દ્વારા જીવનમાં સર્વને શાંતિ મળે તે માટે તેમના આશ્રમોમાં યોજના કરી છે. તેનો લાભ ઘણાં ભાઈબહેનો લઈ રહ્યાં છે.

આ **‘જીવનસૌરભ’** પુસ્તકમાં પૂજ્ય શ્રીમોટાએ તેમની જીવન-સાધના કયા પ્રકારે કરી તેનાં ગીતો આપવામાં આવ્યાં છે. તે ઉપરથી આપણને જણાશે કે સાધનાસિદ્ધિ માટે સાધકે કેટકેટલી મથામણ કરવી પડે છે.

પૂજ્ય શ્રીમોટાની જીવનસાધનાની સ્વાનુભવવાણીનાં પુસ્તકો એક પછી એક તૈયાર થયે જતાં હતાં અને છપાયે જતાં હતાં, ત્યારે જ અમને પણ થયેલું કે તેમના આવા એકાદ પુસ્તકને છપાવવાનો લાભ અમને પણ મળે તો સારું.

આ બાબતમાં અમે પૂજ્ય શ્રીમોટાને વિનંતી કરતાં તેમણે તે માન્ય રાખી અને અમને આ **'જીવનસૌરભ'** પુસ્તક છપાવવાની તક મળી, તે માટે અમે તેમના ઘણા ઘણા આભારી છીએ.

પૂજ્યશ્રીની કલમે આવાં અનેક પુસ્તકો લખાય અને તેના રસપાનનો લાભ સૌને મળો એ જ પ્રાર્થના.

**- કલ્પનાબહેન કે. જીવરાજાણી**

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

શ્રી**हरि**ની કૃપાથી **આ જીવ**ના શરીરને બહુ વેદનાકારી દર્દ અને રોગ છે. જેમાં એકધારો ભજનનો ભાવ ટકવો એ તો અતિશય દુર્લભ. અને વેદનાની ભૂમિકામાં સર્જવું એ તો વળી એનાથીય વધારે મુશ્કેલ.

શ્રી**हरि**ની કૃપાથી **આ** જીવનમાં અનેક પ્રકારના પ્રયોગો થયા છે. રોગ અને દર્દની વેદનામાં ઉત્તમ પ્રકારનું મૌલિક સર્જન થાય, તો એ પણ શ્રી**हरि**ની કૃપાનું પ્રત્યક્ષ પરિણામ જીવનમાં અનુભવવાનું મળે. એટલે તો રોજ ને રોજ ભજન લલકારું છું અને તેનું સર્જન થયા કરે છે, પરંતુ આ ભજનોમાં તો મારા જીવનમાં થઈ ગયેલાં સાધનાભ્યાસનાં અનેક પ્રકારનાં પાસાં ઉકેલાતાં જતાં હોય છે. એ પાસાંની હકીકતનો હું એકલો જ સાક્ષી છું. કેટલાક લોકોએ સતત સ્મરણ કરતો, ભજન ગાતો કે ધ્યાનાવસ્થામાં મગ્ન થઈ ગયેલો અથવા નિત્ય નિત્ય એકાંતમાં જ સૂવાનો જેનો ટેક, ભયંકરમાં ભયંકર જ્યાં છળી ઉઠાય એવી જગાએ પણ સૂવાનું જેનું કૃતનિશ્ચયી દિલ, આ બધું તો **આ જીવ**ની સાથે પરિચયમાં આવેલાંઓએ પ્રત્યક્ષ હકીકતરૂપે જાણ્યું છે. નમ્રતા પણ શ્રી**हरि**કૃપાથી સભાનતાપૂર્વક અને હેતુના જ્ઞાનભાન સાથે કેળવાઈ છે. એકાંત સેવવાનો તો જીવનનો સ્વભાવ જ પડી ગયો છે. અને ત્યારે ઘણું ખરું તો મૌન જ સેવાતું હતું.

અભય, નમ્રતા, મૌન અને એકાંત, તે મારા શરૂઆતના સાધનાના ગાળાનાં મુખ્ય સાધનો. સને ૧૯૩૦ની સત્યાગ્રહની લડતમાં અભય કેટલો કેળવાયેલો છે, તે નાણી જોવાને શ્રી**हरि**કૃપાથી ભાગ લેવાનું બનેલું. લાઠીઓના માર ખાતાં ખાતાં એક ઈંચ પણ

ખસવાનું બની શક્યું નથી. સતત મોટેથી 'હરિઃૐ'ના જય પોકારાયા જ જતા હતા. એવા જે પ્રસંગો શ્રીપ્રભુકૃપાથી મળ્યા, અને તે રીતે શ્રી**હરિ**કૃપાથી કંઈક અભય કેળવાયો છે, તેની ખાતરી થઈ. એવી જ રીતે તે કાળમાં જેલમાં જવાનું પણ સહેતુક અને અમુક મુદ્દાસર જ્ઞાનપૂર્વક વિચારીને જવાનું થયું હતું. કેટકેટલા જુદા જુદા વિચિત્ર પ્રકારના સ્વભાવવાળા માનવીઓની સાથે રહેવું, અને અનેક પ્રકારની જ્યાં ધમાચકડી ચાલતી હોય, અનેક પ્રકારનું જ્યાં 'તીકડમ્' ચાલતું હોય, જ્યાં ચર્ચાનો તો કોઈ પાર જ ના હોય, જરા જેટલી દાળ માટે કે રોટલાના ટુકડા માટે ઝપાઝપી ચાલતી હોય અને જ્યાં માણસના સ્વભાવ એટલા બધા તો છીછરા થઈ ગયા હોય અને અનેક પ્રકારના પ્રપંચની જ્યાં ધમાલ હોય, એવા વાતાવરણમાં આપણા પોતાના સાધનમાં એકાગ્રતા કેટલી જામેલી અને જીવતી થયેલી છે, તે અનુભવવાની નેમની ખાતર જેલમાં જવાનું થયું હતું. ત્યાં પણ સતત મૌન જ પાળતો. ભજન, પ્રાર્થના, ધ્યાન વગેરે સાધનમાં જ બધો સમય ગાળતો. અને એક વાર વીસાપુરની જેલમાં તો **'ગીતાજી'**નું સર્જન પણ શ્રીભગવાનની કૃપાથી થયું.

વૃત્તિ પણ જો આપણામાં પ્રગટે છે તો તેની ગતિ થાય છે, તો જીવન પરત્વેના વિકાસની ગતિમાંથી જે ભાવના પ્રગટે, તે ભાવના ઠેરની ઠેર કેવી રીતે રહી શકે ? પ્રભુકૃપાથી મારાથી તો તેનો સતત ઉપયોગ થયા કર્યો છે. હૃદયમાં જેમ ભાવ વધ્યો અને તે અનુભવાયું અને એવા ભાવથી કરીને ભાવનો જે ઉછાળો પ્રગટવા માંડતો, ત્યારે ત્યારે આપમેળે ધ્યાનમાં તેનો ઉપયોગ કરવાનું બનતું. કાં તો ભજનનું સર્જન કરતો, કાં તો પ્રાર્થના કરતો. કદી પણ એમ ને એમ ભાવને એળે જવા દીધો નથી. જેલમાં પણ સતત એકધારો ભજનભાવમાં જ અને ધ્યાનાદિ સાધનમાં જ શ્રી**હરિ**કૃપાથી પ્રવર્તવાનું થતું. ઉપર લખી

જણાવ્યું છે તેવા ભાઈઓના સંઘના વાતાવરણમાં સંપૂર્ણ નિઃસંગ કેમ અને કેટલું ટકી શકાય છે, એ પણ અનુભવવાનું ત્યારે પ્રત્યક્ષ મળ્યું. કોઈની સાથે કંઈ પણ કશા અંગે મુદ્દલે વાતચીત નહિ. પોતાના સાધનમાં જ શ્રી**हरि**કૃપાથી મસ્ત રહેવાનું થતું. આમ, જીવનમાં પ્રગટતો ભાવ, શક્તિ, શ્રદ્ધા, એ બધું લક્ષણ વડે કરીને પરખાય. લક્ષણને મેં હંમેશાં મહત્ત્વ આપ્યું છે. પ્રત્યેક જે કંઈ સ્થિતિ હોય, તો તેનાં લક્ષણો હોય જ. પ્રત્યેક જે જે કંઈ પોતાની દશા અને સ્થિતિ કહેતો હોય તો તેનાં પણ લક્ષણો હોય છે જ. પ્રત્યક્ષ લક્ષણના વક્તવ્ય વિના સાચું કંઈ પણ પરખી શકાય જ નહિ. એટલે સાધનાભ્યાસમાં જે કંઈ પરિણામ ભગવાનની કૃપાથી નીપજતું તેને લક્ષણો વડે કરીને સમજવાનું થતું. તેથી, મારાં લખાણોમાં તેવાં તેવાં લક્ષણો વિશેનો પણ નિર્દેશ થયા વિના રહી શકેલો નથી.

**आ** કાળમાં કેટલાય લોકોને જ્ઞાનની વાતો કરતા સાંભળું છું. ભગવાન વિશે અને તેના તત્ત્વજ્ઞાન વિશે બોલતા પણ સાંભળું છું, પરંતુ અનુભવની વાત તો કોઈ ન્યારી છે. જીવનમાં લક્ષ્મી મળી હોય છે, તો તેનો મદ વર્તાતો હોય છે. જગતવહેવારના અને અનેક વિદ્યાના પ્રખર જ્ઞાનનો પણ તોર હોય છે. તો અનુભવનું પણ કંઈક ને કંઈક પ્રકારે વ્યક્ત લક્ષણ તો હોવું ઘટેને ? જો એમાં ખબરદારી, ટટારી, મસ્તી, થનગનતો ધબકતો હૃદયનો રણકાર કોઈ ને કોઈ રીતે એમના જીવનમાં પ્રગટ થતો ન અનુભવાય તો વિચારવું પડે ખરું. સામાન્યપણે તો એવું હોય ખરું, પરંતુ અનુભવની કેટલીક દશા તો એવી છે કે જેમાં તે પથ્થર જેવો પડી રહેલો પણ વર્તાય. કેટલીક વખત તો શિશુ જેવું પણ વર્તન હોય, પરંતુ તેના શરીરની ઉંમર ઘણી મોટી હોય એટલે તેને કોઈ શિશુ તરીકે માની જ ન શકે અને સ્વીકારી પણ ન લે. કેટલીક વખત કોઈક અનુભવી કોઈક કારણને પરિબળે ઉન્મત્ત જેવું પણ વર્તે. અને કોઈક તો હંસ જેવું પણ વર્તન કરે. મેં કોઈક

એકાદ એવાને પિશાચ જેવું વર્તન કરતા જોયા છે, પણ એમની અનુભવની કોટિ કશાની સાથે સરખામણી ન થઈ શકે એવા પ્રકારની હતી. આ હકીકત કોઈ માન્યતાની સમજણથી લખતો નથી, પરંતુ મને તેનો તેવો પ્રત્યક્ષ અનુભવ થયો હતો. આમ, અનુભવી માત્ર આમ જ વર્તે કે તેમ જ વર્તે તેવા ખાસ કોઈ નિશ્ચિત પ્રકારના ધારાધોરણમાં તે અનુભવી બંધાયેલો હોતો નથી. અનુભવીમાં ખુમારી તો વર્તાય જ. હરહંમેશ ભલે તે ન હોય, પણ કોઈ પ્રસંગે તે વર્તાયા વિના ન રહે. ખુમારી તો અનુભવના બિરુદ જેવી છે. ખબરદારી, ટટારી અને મસ્તી એ પણ એના જીવનમાં તેવા તેવા નિમિત્તમાં જીવતાંજાગતાં, ચેતનાત્મકપણે, પ્રગટ થયેલાં વર્તાતાં હોય છે જ. જીવદશાની કક્ષાની ખરાબમાં ખરાબ પરિસ્થિતિમાં પણ તે કદી પણ ડગી જતો હોતો નથી. તેનું મસ્તક સદાયે ઉન્નત રહે છે.

પ્રયોગ વિના સાચી વસ્તુ પારખી ન શકાય. શ્રી**हरि**કૃપાથી સાધનાભ્યાસના ગાળામાં પ્રગટ થતી જતી ભાવનાને ચકાસવા માટે પ્રયોગો પણ થતા. અને એવી કસોટીમાંથી અને પરીક્ષામાંથી શ્રી**हरि**-કૃપાથી પસાર થવાતાં, એની એવી ધન્યતાની પ્રસાદીનો મસ્ત આનંદ કેટલીય વાર અનુભવ્યો છે.

**આ** શરીર હવે જીવનના છેલ્લે આરે આવેલું ગણાય તો ખરું. સતત હઠીલાં અને વેદનાકારી દર્દોના નિત્યના સહવાસમાં પણ જે સર્જન થયા કરે છે, તે પણ એક લક્ષણ છે. નિમિત્ત મળતાં તદ્દન મૌલિક પ્રકારનાં સર્જન થયાં. જિજ્ઞાસા, શ્રદ્ધા, ભાવ, નિમિત્ત, રાગદ્વેષ, કૃપા, કર્મઉપાસના આ બધું **ए**ની કૃપાથી જ સર્જાયું અને શરીરની આવી વેદનાકારી ઢંગધડા વગરની અવસ્થામાં, તે **हरि**ની કૃપાની વિશિષ્ટતા. આ બધાં પુસ્તકો એટલે કે શાસ્ત્ર ગુજરાતી ભાષામાં તો નથી જ. તે કેટલાં ઉત્તમપણે લખાયાં છે, એ તો તે પ્રકારના જે અભ્યાસી છે, તે વાંચીને તેનો ન્યાય આપે ત્યારે ખરું. જિજ્ઞાસા,

શ્રદ્ધા, ભાવ કે નિમિત્ત વગેરે ઉપર સંસ્કૃતમાં આમતેમ વેરવિખેરપણે ક્યાંક  ક્યાંક જરૂર કંઈક લખાયેલું તો હશે, પરંતુ તે તે વિષયનાં સર્વ પાસાં ઉપર આમૂલાગ્રપણે વિસ્તારપૂર્વક યથાયોગ્યપણે લખાયું હોય, તેવું જાણવામાં આવ્યું નથી. શરીરની આવી હાલતમાં આવું બધું જે મૌલિક સર્જન થયું, તેથી જીવનની એક પ્રકારની કૃતકૃત્ય થયાપણાની, ધન્યતાની અને શ્રી**हरि**ની કૃપાપ્રસાદીના અનુભવની જે ટકોરાબંધ, ચેતનાત્મક જીવનમાં સાબિતી મળી, તે તો એક મારા જીવનની ધબકતા રણકારની સત્ય હકીકત છે. કેટલાક વિદ્વાનોએ તે તે સર્જનની સારી કદર પણ કરી છે. શાસ્ત્ર તો હું ભણેલો છું જ નહિ.

આવાં બધાં મૌલિક સર્જનો શ્રી**हरि**કૃપાથી સર્જાયાં. તે ઉપરાંત, રોજ ને રોજ જીવનમાં જે સાધનાનો અભ્યાસ થયા જતો હતો, તેનાં જુદાં જુદાં પાસાં-ભજન દ્વારા લખાયે જ જાય છે. અને તેનો આનંદ મારા શરીરને જુસ્સામાં અને પ્રાણમાં ટકાવી રાખે છે. આવા શરીરે ઘણી મુસાફરીઓ પણ થાય છે. બધાંની સાથે બોલવા ચાલવાનું પણ થાય છે. શ્રી**हरि**કૃપાથી થયેલા સંકલ્પો શ્રી**हरि** જ પાર પડાવે છે. અને તેમાં શરીર મસ્તીથી પોતાનો ભાગ ભજવે છે.

‘હબસીનો ડાબો કાન પકડાવે’ એવું મારી બાબતમાં શ્રી**हरि**એ કર્યું લાગે છે. **આ** શરીરને ફેફરાંનો રોગ જો ન પ્રગટાવ્યો હોત તો હું **આ** માર્ગે વળી જ ન શક્યો હોત. એમાંથી જ મને સ્મરણનું સાધન મળ્યું. સ્મરણના સાધનની ઉપયોગિતા વિશે લખ્યું પણ છે, અને એમ સ્મરણમાંથી મને જુદાં જુદાં સાધનો પણ શ્રી**हरि**કૃપાથી મળ્યાં છે. જેમાં જેમાં એકધારું, ગરજવાળું, સ્વાર્થવાળું, રસવાળું, લગનીવાળું, એકધારું દિલ પરોવાયેલું રહ્યા કરતું હોય છે અને તેમાં તેમાં જ્યારે સંપૂર્ણ એકાગ્રતા કેળવાય છે ત્યારે તેમાંથી નવાં નવાં સાધનો શ્રી**हरि**કૃપાથી મળ્યાં જ કરતાં હોય છે. તેનો પણ મને નક્કર અનુભવ છે.

સ્મરણ, પ્રાર્થના, ભજનકીર્તન, આત્મનિવેદન, સમર્પણ, સન્મુખતા, સત્સંગ, સત્સોબત, સત્કર્મ આ બધું શ્રી**हरि**કૃપાથી થયા કરતું હતું. આશ્રમમાં કે નિશાળમાં વર્ગોમાં હોઉં ત્યારે કેટલીયે વાર ભાવાવસ્થામાં પ્રગટી જવાતું. એવા ભાવનો પણ ઉપયોગ થયા કર્યો હતો. જેમ જેમ સાધનાના વિષયમાં એકાગ્રતા અને કેંદ્રિતતા પ્રગટતાં ગયાં, તેમ તેમ બીજાં ગૂઢ અને રહસ્યભર્યાં સાધનો પણ મળ્યાં. તે બધું લખવાનો કશો અર્થ નથી. અમુક ભૂમિકાની યથાયોગ્ય હકીકત પાંગર્યા વિના અમુક અમુક સાધન થઈ શકતાં હોતાં નથી, એ મારી સમજણની દૃષ્ટિએ નિર્વિવાદ હકીકત છે. આવા બધા અનુભવોનાં પાસાંની હકીકત મારાથી લખાતાં જતાં ભજનોમાં વ્યક્ત થતી રહે છે.

અમારા નડિયાદના સદ્ગત બાલાશંકરભાઈની 'ગુજારે જે શિરે તારે' એ ગઝલ મને નાનપણમાં બહુ પ્રિય. અને ગરીબાઈમાં ઘણું વેઠવાનું આવેલું હતું અને ઘણા કારમા પ્રસંગો પણ સાંપડેલા હતા. કઠણાઈઓ તો પાર વિનાની. શરીર તૂટી પડે, એટલી હદ સુધીની મજૂરી અને તેમાંય મજૂરી કરાવનારની પ્રપંચવૃત્તિ. આ બધાંમાં 'ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે !' આ ગઝલના ભજને મને ઘણું પ્રોત્સાહન આપ્યું હતું. એ ગઝલનો લય મારા કંઠમાં બેસી ગયો છે. તેથી, મારા સાધનાભ્યાસના કાળના જુદા જુદા તબક્કાનાં જુદાં જુદાં પાસાં 'ગુજારે જે શિરે'ની લયમાં જ લખાયેલાં છે. ગઝલના શબ્દાકાર કે માત્રમેળ જાણતો નથી, પરંતુ ગાતાં ખટકાય નહિ, એટલું તો જોવાયું છે. સામાન્ય રીતે તો આપોઆપ જે કહેવાનું હોય છે, તે ઢાળમાં યથાસ્થિતપણે યોગ્ય રીતે નીકળ્યાં જ કરતું હોય છે, ભાગ્યે જ ફેરફાર કરવો પડે છે. એક વાર લખ્યું તે લખ્યું. ફરી વાંચી જતો પણ નથી, અને એને મઠારવાનું તો જાણતો જ નથી. જેમ જે સ્ફુર્યું તેને તેમને તેમ રાખ્યું છે.

માત્ર, કેટલાક મિત્રોએ મને આમાં મદદ કરી છે. એના ખંડ પાડી આપ્યા છે અને ભાવ પ્રમાણે ભજનને ગોઠવ્યાં છે પણ ખરાં.

હજુ તો પાંચછ પુસ્તકો વિના છપાયેલાં તૈયાર પડેલાં જ છે. મારી સાથે પરિચયમાં આવેલાં ભાઈબહેનોને મારી વિનંતી છે કે તેઓ આનું પ્રકાશનખર્ચ આપવાને તૈયાર થાય અને વેચી આપવાને માટે પણ. આમાંથી એકપણ પૈસો મારા અંગત ઉપયોગ માટે વાપરતો નથી, તેની કોઈને સાબિતી જોઈતી હોય તો આપી શકાય તેમ છે. મારા શ્રીગુરુમહારાજ તો કહેતા, 'દીકરા, વચનમાં વિશ્વાસ રાખવો.' પરંતુ હાલના સાંપ્રત કાળમાં એવું પ્રવર્તતું નથી. **આ** શરીર જીવે છે ત્યાં સુધી હવે બાકીના ગાળામાં એકમાત્ર ભજન લલકારવાનું કર્મ **એ**ની કૃપાથી સૂઝ્યું છે અને તે જ કર્યા કરવું છે. શ્રી**હરિ**કૃપાથી થયેલા સંકલ્પને માટે રોટલા ખાવા માટેનાં અને દક્ષિણા માટેનાં આમંત્રણ મળે છે, ત્યાં ત્યાં જવાનું થતાં, અને ઘણાં બધાં મળવા કરવા આવતાં હોવા છતાં, શ્રી**હરિ**કૃપાથી ભજનનું સર્જન તો ચાલુ જ છે. તેથી, પરિચયમાં આવેલાં ભાઈઓ, બહેનોને મારી વિનંતી છે કે આ અંગે તેઓ વિચારે અને કંઈ નહિ તોય પચાસ-સો નકલ વેચી આપવાનું કામ તો કરે જ. તો મને મોટી થયેલી મદદ ગણાશે. પરમાર્થના કામમાં તેનો ઉપયોગ થઈ જશે. લાગણી કે ભાવના પણ ખાલી ફોગટ હોતી નથી. તે જો ખરેખરી રીતે અને સાચેસાચી રીતે ઉપયોગમાં પ્રવર્તતાતી અનુભવાય ત્યારે જ તે લાગણી કે ભાવના સાચી, આ હકીકત અંગે પણ શ્રીપ્રભુકૃપાથી મારી સાથે પરિચયમાં આવેલાં ભાઈબહેનો ઊંડું વિચારે એવી મારી પ્રાર્થના છે.

હરિઃ ૐ આશ્રમ, નડિયાદ **-મોટા**

તા. ૩-૯-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની જીવનસાધનાનો સ્વાનુભવવાણીનો **'જીવનઅનુભવગીત'**થી શરૂ થયેલો સરસ્વતીપ્રવાહ હજી પણ અખંડ અને એકધારો ગંગધારાની જેમ અસ્ખલિત અને અવિરતપણે વહ્યા જ કર્યો છે અને તેના પરિપાકરૂપે અત્યાર સુધીમાં તેનાં કેટલાંયે પુસ્તકો પ્રસિદ્ધ થઈ ગયાં છે અને આ **'જીવનસૌરભ'**ના પ્રકાશનથી તે પ્રકારનાં પુસ્તકોમાં એક વધુ પુસ્તકનો ઉમેરો થાય છે.

પૂજ્યશ્રીના સાહિત્યનું જેઓ વાચન-મનન કરશે, તેમને એટલું તો જરૂર સમજાશે કે આધ્યાત્મિક  જેવા ગહન વિષયને એમણે સર્વને સમજાય તેવી સરળ વાણીમાં અને તેમ છતાં સચોટ દર્શન કરાવ્યું છે. વિદ્વદ્‌વર્ગ પણ કબૂલ કરશે કે જ્યારે પણ કોઈ પણ કળા સંપૂર્ણ રીતે હસ્તગત થાય છે ત્યારે જ તેને આવી રીતે સહજપણે અને સરળપણે વ્યક્ત કરવાનું બને છે. સર્જનકારને ત્યારે સર્જનની ખોજ કરવી પડતી નથી, પણ આપોઆપ હૃદય દ્વારા તે વ્યક્ત થાય છે.

વધુ આનંદની વાત તો એ છે કે પૂજ્યશ્રીનાં એક પછી એક પુસ્તકો જેમ તૈયાર થતાં ગયાં, તેમ તેમ તેને પ્રસિદ્ધ કરનાર સ્વજનો પણ મળતાં ગયાં. આ **'જીવનસૌરભ'** પુસ્તકના પ્રકાશનનું તમામ ખર્ચ એક સદ્‌ગૃહસ્થે આપ્યું છે, તે માટે અમે તેમના ઘણા ઘણા આભારી છીએ.

વડોદરાવાળા ભાઈશ્રી નાગજીભાઈ પટેલે આ **'જીવનસૌરભ'**નાં ગીતોની સુવાચ્ય અક્ષરમાં નકલ ઉતારવાનું કામ જે ઉત્સાહપૂર્વક કર્યું અને દરેક ગીતને ખંડવાર કરવાનું સરળ બને તે માટે જે તારવણી કરી આપી, તેથી ભાઈ સોમાભાઈ ભાવસારને પ્રેસમાં આપવાની હસ્તપ્રત તૈયાર કરવામાં ઘણી સુવિધા મળી. ભાઈશ્રી નાગજીભાઈના ભાવની અમે કદર કરીએ છીએ.

પૂજ્યશ્રીનાં પુસ્તકોની આવકની બધી રકમ પરમાર્થના કાર્યમાં જ વપરાય છે. એટલે ગુજરાતનાં ધર્મપ્રેમી ભાઈબહેનો આ પુસ્તકોના વેચાણમાં જે કાંઈ મદદ કરશે, તે પરમાર્થને જ મદદ કરી ગણાશે. આશા છે કે ગુજરાતનાં સુજ્ઞ ભાઈબહેનો આ હકીકત ધ્યાનમાં લેશે.

અંતમાં મે. લાઈટ પબ્લિકેશન્સ લિ. વડોદરાએ આ **'જીવનસૌરભ'** છાપવાનું કામ તાત્કાલિક હાથ ધરીને, કાળજી અને ચીવટપૂર્વક સુઘડ અને સુંદર છાપકામ કરી આપ્યું છે, તે માટે અમે તેમના ખાસ આભારી છીએ.

**નંદુભાઈ**

વ્યવસ્થાપક ટ્રસ્ટી,

તા. ૩-૯-૧૦૭૨ હરિઃૐ આશ્રમ, નડિયાદ.

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાને સને ૧૯૭૦ની આખરમાં માનનીય શ્રી રમણભાઈ અમીનના મહી નદીના કાંઠે આવેલા ફાજલપુરના ફાર્મહાઉસમાં ગઝલો સ્ફુરવા લાગી અને તે પ્રવાહ તેઓશ્રીના દેહના અંતિમ તબક્કા સુધી ચાલુ રહ્યો. પોતે વહાલા પ્રભુને જે ભાવે અને જે રીતે ભજેલો, તે બધું આ ગઝલોમાં વ્યક્ત થયું છે. એટલે પોતાની સાધનાનો ઈતિહાસ ‘Autobiography of My Sadhana’ની રીતે એનું મૂલ્યાંકન થયેલું છે. ઉપરાંત, દેહના પીડાકારી રોગોમાં આ સર્જનથી પોતે રાહત અનુભવતા તેમ તેઓશ્રીએ સ્પષ્ટ કહ્યું છે.

**‘જીવનસૌરભ’**ની ગઝલોનું પ્રથમ પ્રકાશન સને ૧૯૭૧માં થયેલું. તે બાદ લગભગ સાડા ત્રણ દાયકાના સમય પછી આ બીજી આવૃત્તિનું પ્રકાશન થઈ રહ્યું છે. પૂજ્ય શ્રીમોટાએ સ્પષ્ટતા કરી છે કે તેઓના ગદ્ય કરતાં તેમનું પદ્ય સરળ અને પ્રથમ વાંચને ઝટ સમજી શકાય તેવું છે. જોકે સ્વજનોના વર્તુળમાં પદ્ય પ્રકાશનોની ખરીદી અને વાંચન એકંદરે મંદ પ્રકારનું રહ્યું છે. તેમ છતાં પૂજ્ય શ્રીમોટાનાં પ્રકાશનો ઉપલબ્ધ હોવાં જોઈએ, એ ભાવનાથી અને હાલમાં આ પુસ્તક અપ્રાપ્ય હોવાથી તેની બીજી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમો સંતોષની લાગણી અનુભવીએ છીએ.

એક મંતવ્ય એવું પણ છે કે દેહના દર્દની પીડાશામક તરીકે સર્જન પામેલ ગઝલોનું વાંચન-મનન જીવને સંસારનાં કષ્ટોમાં શાતા આપનારું નીવડે છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

| | |
|---|---|
| તા. ૩૦-૯-૨૦૦૭ | ટ્રસ્ટીમંડળ, |
| ભાદરવા વદ-૪ | હરિઃૐ આશ્રમ, |
| સંવત ૨૦૬૩ | સુરત |

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | સ્મરણ | ... | ૧ થી ૭૦ |
| ૨ | ભજનકીર્તન, પ્રાર્થના | ... | ૭૧ થી ૮૬ |
| ૩ | હરિલીલા | ... | ૮૭ થી ૧૬૪ |
| ૪ | સદ્‌ગુરુ | ... | ૧૬૫ થી ૧૭૬ |
| ૫ | ચરણ | ... | ૧૭૭ થી ૧૯૦ |
| ૬ | કૃપા | ... | ૧૯૧ થી ૨૨૮ |
| ૭ | ભાવ, રસ, લગની | ... | ૨૨૯ થી ૨૪૮ |
| ૮ | પ્રકૃતિ અને અહમ્ | ... | ૨૪૯ થી ૨૬૪ |
| ૯ | સાધનાવિકાસના અનુભવો | ... | ૨૬૫ થી ૨૯૬ |
| ૧૦ | શરીરાવસ્થા અને ભગવદ્‌ભાવ | ... | ૨૯૭ થી ૩૧૦ |
| ૧૧ | મળેલાંને ઉદ્‌બોધન | ... | ૩૧૧ થી ૩૨૮ |


❑

# જીવનસૌરભ

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

હરિઃૐ

# ખંડ - ૧

## સ્મરણ



જીવનને ઊર્ધ્વ કરવાનું સ્મરણ સાધનને જાણ્યું છે,
સ્મરણ શું સદ્ગુરુ મુજને જીવમનાં નીવડેલું છે.

હરિઃૐ

# સ્મરણના ભેખની કફની

સ્મરણના ભેખની કફની અમે ધારણ કરેલી છે,
**हरि** અહાલેક જગાવીને ઘરેઘર ભીખ માગી છે.

**हरि**ના નામના કેવા હૃદય મસ્તાન દીવાના !
**हरि**સોબતની મસ્તીનો નશો અલમસ્ત છે શો ત્યાં !

**हरि**ભક્તિનો જે લહાવો લહેજત એની જુદી છે,
જીવન જે **જીવદશા**નું છે, શી તેની ભસ્મ ચોળીને
-બધી તન પર લગાડીને અમે સંન્યાસ ધાર્યો છે.*

હૃદય સંન્યાસનો મર્મ, હૃદય તેનું જ પરખીને,
સમજી, સમજી જ સંન્યાસ હૃદય સમજણથી લીધો છે.

---

* જીવન સર્વસ્વ હરિચરણે સમર્પી ભેખ ધાર્યો છે.

હરિ:ૐ

## સ્મરણલગની લગાડીને

તને સંબોધી સંબોધી વરાળો દિલની કાઢું,
ઊંચા અવાજથી કાઢું બધો કચવાટ દિલનો હું.

કદીક તકરાર તુજ સાથે કરી બેસું નકામો હું,
કશાય ઢંગધડા ના છે, કશું મારું ન ઠેકાણું.

છતાં મતિ પ્રેરી એવાને તારું થવા હૃદયે,
વળી **તેં** લત સ્મરણકેરી મને કેવી પડાવી છે !

સ્મરણલગની લગાડીને હૃદયનેડો લગાડ્યો છે,
કૃપાનો કેટલો મોટો અનુભવ **તેં** કરાવ્યો છે !

હરિઃૐ

## સ્મરણની લાકડી ગ્રહીને

સ્મરણની લાકડી ગ્રહીને સીધું પંથે ધપાવ્યું છે,
ન આડીઅવળી દૃષ્ટિને અમે દોડાવી છે ક્યાંયે.

**हरि** તારાં ચરણકમળે મનાદિ લગ્ન કરવાને,
ઊગ્યાં સાધનમાં થઈ મગ્ન હૃદય જહેમત ઉઠાવી છે.

ભરોંસો બેઠો **हरि** પર છે, **हरि** સંભાળી અમ લેશે,
ન અધવચ તે મૂકી દેશે, **हरि** એવો અમારો છે.

**हरि**, **हरि** નિત્ય બોલું છું, **हरि**, **हरि** દિલથી બોલું છું,
**हरि** હું આશ્રયે તુજ છું, **हरि** બેલી જ મારો તું.

હરિઃૐ

# મને તારી સ્મરણધૂને

**हरि** સર્વસ્વ મુજ ભાર કૃપાથી **તેં** ઉપાડ્યો છે,
કશું ના લાગવા દીધું મને તલભાર જરાકેયે.

મને જેમાં અને તેમાં શું હળવો ફૂલ રાખ્યો છે !
ઢસરડો તો બધો મુજ **તેં हरि** તાણ્યાં કરેલો છે.

જીવનની ચાલ અટપટીમાં નિવેડો **તેં** જ આણ્યો છે.
નિરંતરના જ તુજ ભાવે મને કેવો રખાવ્યો છે !

મને તારી સ્મરણધૂને સતત જીવવું કરાવીને
-**हरि** તુજ ભાવનાધારે મને **તેં** શો રમાડ્યો છે !

હરિઃૐ

# સ્મરણ તુજ દિનરાત જ છે

થવા લાયક તને પૂર્ણ અમે ના કોઈ રીતે તે,
કૃપાથી **તેં** છતાં અમને ચરણઆશ્રય દીધેલો છે.

જીવનનો નિત્ય વ્યવહાર સ્મરણ **હરિ**નાથી ચાલે છે,
ચરણ આગળ નિવેદી સૌ જીવનની દિનચર્યા તે.

સ્મરણ **હરિ**નું પ્રથમ સહુથી લઈ, આરંભીને હૃદયે,
દિવસના કાર્યક્રમમાંયે શું ઉચ્ચારેલ સ્મરણને તે !

સ્મરણ દિનરાત કેવું તે ટકોરાબંધ ચાલે છે !
મહત્ત્વે મોખરે હૃદયે અમે ધારેલ **હરિ**ને છે.

હરિઃૐ

# સ્મરણ તારું લઈ લઈને

સ્મરણ તારું લઈ લઈને તને આમંત્રી લીધો છે,
મને તારી પકડમાં **તેં** હવે પકડી લીધેલો છે.

ભગીરથ કર્મ મુજ પાસે **હરિ તેં** શાં કરાવ્યાં છે !
થતો દિગ્મૂઢ હું હ્રદયે, કૃપાલીલા શી તારી તે !

રવડતાને, રખડતાને ખીલે તુજ બાંધી લઈને **તેં**
-નજર તારી વિશે એને પૂરો બાંધી જ લીધો છે.

હવે તારી નજરથી તે કદી ના છૂટી શકવાનો,
લગામ જ મારી તુજ હાથે તને ગમતું સરકવાનું.

હરિઃૐ

# સ્મરણમાં સ્વાર્થ, રસ, લગની

શરીરના રોગના ભાને સ્મરણને લેવરાવ્યું છે,
સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, શરીરરોગ જ મટેલો છે.

સ્મરણમાં તેથી ઉત્સાહ હૃદય દ્વિગુણિત થયેલો છે,
જીવનમાં ઑર ધસમસતો હૃદય ઉલ્લાસ વ્યાપ્યો છે.

સ્મરણમાં સ્વાર્થ, રસ, લગની, ગરજ ઊંડાં જ જાગ્યાં છે,
સ્મરણનું તે સ્વરૂપ કોઈ અનોખું ભવ્ય કેવું તે !

સ્મરણના ભાવને કારણ સ્વરૂપ નગ્ન જીવનનું તે,
ખરેખર મુજ દિલ જાગી નરી નજરે નિહાળ્યું છે.

હરિઃૐ

## સ્મરણમાં સ્વાર્થ લાગ્યો છે

જીવનમાં અવ્યવસ્થા શી કદીક પ્રગટી ગયેલી છે !
બધું ગોઠવાયેલું તંત્ર, થયું શું અસ્તવ્યસ્ત જ તે !

કશાનું ક્યાંય ઠેકાણું, કશુંયે યોગ્ય રહેતું ના,
બધુંએ વેરવિખેર જ પડેલું યદ્વાતદ્વા ત્યાં.

જીવન ભંગાર સંપૂર્ણ સમું થયું જે હતું તેને,
સ્મરણના ભાવથી ઘડવા, સ્મરણ ચાલુ કરેલું તે.

સ્મરણનો એમ અભ્યાસ થતાં હૃદયે રૂડી રીતે,
પછી કેવો ઊંડો મુજને સ્મરણમાં સ્વાર્થ લાગ્યો છે !

હરિઃૐ

## સ્મરણની લગની શી દિલમાં

સ્મરણની લગની શી દિલમાં શી એમની એમ જીવન તે
-કદી પ્રગટી જતી ના તે, ઝઝૂમવું ત્યાં પડેલું છે.

શરૂશરૂમાં ગરજ પાકી હતી મુજને સ્મરણની તે,
સ્મરણ તે અર્થ લેવાતાં, સ્મરણયાત્રા વધેલી છે.

સમય વધુ દિલ લેવાતાં સ્મરણ ત્યારે ખરેખર તે
-સ્મરણમાં દિલ ભળવાનો થયો આરંભ કેવો જે !

થતાં એમ જ સ્મરણ ઊંડું, સ્મરણ અભ્યાસ પડિયો છે,
હૃદય અભ્યાસને લીધે સ્મરણમાં જોશ પ્રગટ્યું છે.

હરિઃૐ

# સ્મરણનું વ્રત પૂરેપૂરું

શરૂશરૂમાં સ્મરણનું મેં નિયમનું વ્રત લઈ લઈને,
તકેદારી ઘણી રાખી સ્મરણને મેં વધાર્યું છે.

સ્મરણનું વ્રત પૂરેપૂરું હૃદય દઢતાથી જીવનમાં
-સતત શો પાળવાકેરો નિયમ પાકો જ પાળ્યો ત્યાં !

ભૂલેચૂકે કદીક ભંગ થતાં, શિક્ષા સહેલી છે,
નિયમને પાળવા દિલમાં શી મક્કમતા ધરેલી છે !

મરણિયો દિલ નિરધાર, પરમ બળવાન નિશ્ચયને
-બઢવવા સ્મરણને દિલમાં પૂરો ઉપયોગ લીધો છે.

હરિઃૐ

## સ્મરણ ઉપાસનાથી તો

સ્મરણને બહુ રીતે મેં તો હૃદય લહેકાથી ગાયું છે,
સ્મરણને દોહરાવ્યું છે, સ્મરણને લહેરાવ્યું છે.

સ્મરણનાં તો કર્યાં કરવાં નર્યાં ગુણગાન ગમતું છે,
સ્મરણને સર્વ પાસાંથી હૃદય ગાયાં કરેલું છે.

સ્મરણનું દિલ મહત્ત્વ જ તે ખરું ઊપસાવવા અર્થે,
સ્મરણને સ્પષ્ટ ગાયું કે શકે ઊતરી હૃદય કો'ને.

સ્મરણ ઉપાસનાથી તો તરેલા કંઈક સંસારે,
બધા ઈતિહાસનાં પાને લખાયા ભક્ત જે, તે તે.

હરિઃૐ

# સ્મરણ મહિમા અનુભવશે

સ્મરણ સ્મરતાં, સ્મરણ સ્મરતાં, સ્મરણનું તાન જાગીને,
સ્મરણની ધૂન કેવીક ભરી મસ્તીની લાગી છે !

હૃદય એકાગ્રતા ઊંડી સ્મરણ અખંડતા લીધે
-થઈ કેવી ગયેલી છે ! સ્મરણનો ભક્ત જાણે તે.

સ્મરણથી ફાયદા શા શા જીવન મુજને થયેલા છે !
ગણાવું શી રીતે સૌ તે, લખ્યે ના પાર આવે તે.

સ્મરણ લેવા હૃદય જેને અભિલાષા શી ઉત્કટ છે !
સ્મરણ લેનાર પાકો જે સ્મરણ મહિમા અનુભવશે.

હરિઃૐ

# સ્મરણનો મહાવરો પડતાં

સ્મરણનો મહાવરો પડતાં જીવનની તે લઢણ થઈ છે,
લઢણમાં ને લઢણમાં તે જીવન વહેતું થયેલું છે.

લઢણની એકધારી તે જીવનપટની નદી વહે છે,
બધાં મળ, આવરણ, તેથી વળી વિક્ષેપ હઠેલાં છે.

બધું પ્રત્યક્ષ જીવનમાં અનુભવના પ્રયોગોએ
-પૂરેપૂરું તપાસીને જીવનમાં તે પ્રમાણ્યું છે.

સ્મરણની શક્તિને મેં તો કરી અનુભવ પ્રમાણીને
-કૃપાથી ગાઈ છે, દિલના ઉમળકાથી સ્તવી સ્તવીને.

હરિઃૐ

## સ્મરણના તત્ત્વના ભાવે

સ્મરણને કોઈક ‘L.S.D.’તણી સાથે શું સરખાવે !
સ્મરણને તે પ્રયોગોથી પિછાણ્યું છે શું કોઈએ ?

કરી યાહોમ જીવનને **હરિ**ચરણે સમર્પીને
-પ્રયોગોથી સ્મરણ લહાવો, સ્મરણ સ્વીકારી મહાણ્યો છે.

અનુભવના અનેકાનેક જીવનપ્રયોગ સાધ્યા છે,
પ્રયોગોથી શું સાધીને સ્મરણનું તત્ત્વ જાણ્યું છે !

સ્મરણના તત્ત્વના ભાવે જીવન શણગારી લીધું છે,
જીવનસૌંદર્યની ઉષા હવે ઝળકી ઊઠેલી છે.

હરિઃૐ

# સ્મરણના ભાવની શક્તિ

સ્મરણની દિલ ખુમારીતણાં, મસ્તી નશો શાં છે !
અનુભવવા મળ્યાં કેવાં જીવનમાં રસથી મુજને તે !

ભયંકર રોગની ઉત્કટ થતી રહી વેદના જે છે,
હૃદયની ભાવમસ્તીથી જીવન જિવાતું તેથી છે.

ભયંકર રોગની ઉત્કટ થતી જે વેદના દિલ છે,
છતાં પણ તે થકી મુજને તણાવા તે મહીં ના દે.

સ્મરણના ભાવની શક્તિ પ્રચંડ જ શી ખરેખર છે !
શી થાબડી પીઠ મારી **તે** મને ઊભો રખાવે છે !

હરિઃૐ

# સ્મરણમાં ઊંડું ઊતરાતાં

સ્મરણમાં ઊંડું ઊતરાતાં સ્મરણ સભાનતા હૃદયે
-જીવન પ્રગટી, સ્મરણકેરી અખંડ જ ધારણા થઈ છે.

હૃદયની ધારણાથી તે હૃદયનો ભાવ જીવતો છે,
હૃદયની ભાવની ઊંડી શી બઢતી ગાઢતા થઈ છે !

નિરંતર ભાવ બસ ભાવ જીવન વહેતો થયેલો છે,
અસ્ખલિત ભાવનું વહેણ ખરેખરું જોશયુક્ત જ છે.

અખંડિત ભાવની મસ્તીતણી મોજ નિરાળી છે !
હૃદય તે ભાવમસ્તીનાં પૂરે જીવન વહેતું છે.

હરિઃૐ

## અનુભવના પ્રયોગોથી

સ્મરણથી ને સ્મરણમાં તો જીવનશક્તિ બઢેલી છે,
અનુભવના પ્રયોગોથી પ્રતીતિ દિલ મળેલી છે.

વધેલી શક્તિ તે પોતે શી આપોઆપ બોલે છે !
પુરાવાની જરૂર એને પછી કોઈ રીતની ના છે.

સ્ફુરેલી શક્તિ તે છાની પડી કોઈ રીત ના રહે છે,
વધે દિલ સ્ફૂર્તિ, ઉલ્લાસ ખરેખરું તે પ્રમાણ જ છે.

થતી જે જે ભૂમિકાનું બધું પ્રત્યક્ષ લક્ષણ તે,
વિચારી જોઈ, નાણીને હૃદય તે તે પ્રમાણ્યું છે.

હરિ:ૐ

# સ્મરણ શું સદ્ગુરુ મુજને !

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં સ્મરણમાં રંગ જામ્યો છે,
હૃદયમાં તાન ઉછાળો સ્મરણના ભાવથી શો છે !

જીવનને ઊર્ધ્વ કરવાનું સ્મરણસાધનનું જાણ્યું છે,
સ્મરણ શું સદ્ગુરુ મુજને જીવનમાં નીવડેલું છે !

સુવર્ણભસ્મની માત્રા શરીરશક્તિ ભઢવવાને,
સ્મરણ પ્રત્યક્ષ શક્તિ તે જીવનમાં પ્રેરવા બળ છે.

કરે કાયાપલટ કેવું ન માન્યામાં જ આવે તે,
પ્રયોગો તે કરી જોવા નિમંત્રું છું બધાં જનને.

હરિઃૐ

# સ્મરણલગની હૃદય લાગી

સ્મરણલગની હૃદય લાગી લગનીના વિષય પ્રત્યે
-સતત પ્રેરાવી પ્રેરાવી હૃદય જોડાવતું રહે તે.

હૃદયના ભાવથી ઐક્ય જીવન જે જામતું રહે છે,
ખરી તે ઐક્યની મોજ શું અવર્ણનીય રીત છે !

બધા ગુણધર્મ પ્રકૃતિના લગની પૂરમાં તણાઈને
-ભળી લગની પૂરે કેવા જતા છે પીગળી શા તે !

**હરિ**ના સ્મરણની ધૂન હૃદય અલમસ્ત જાગી છે,
**હરિ**, **હરિ**નું રટણ માત્ર સતત દિનરાત ચાલે છે.

હરિઃૐ

# સ્મરણથી ભાવ જે જાગે

જીવનમાં જ્યાં સ્મરણ મોંઘામૂલું મુજને મળેલું છે,
થવા કમાણી જીવનની ખરા ખપમાં જ લાગ્યું તે.

પથે આંટીઘૂંટી ભારે જીવનમાં આવી શી મુજને !
સ્મરણના ભાવથી ત્યારે બચાવાયું ખરેખર છે.

સ્મરણથી ભાવ જે જાગે હૃદયની પ્રાર્થના કરવે,
-હૃદયથી પાડવા બૂમ સતેજ દિલ થયેલું છે.

હૃદયની ભાવ ઉત્કટતા ઊંડે ઊંડે જીવન વિશે
-ઊંડે અંતરમાં ઊતરાવી પ્રતિષ્ઠા ત્યાં જમાવી છે.

હરિઃૐ

# સ્મરણની મસ્તીનો ભાવ

સ્મરણમાં ને સ્મરણમાં શો હૃદય જુસ્સો જઢેલો છે !
હૃદય તે જોશ જુસ્સાથી સ્મરણયજ્ઞ જ ચલાવ્યો છે.

સ્મરણનો યજ્ઞ જલતો તે થતો ગયો જેમ ઊર્ધ્વે તે,
સ્મરણની મસ્તીનો ભાવ અનોખો મસ્ત જાગે છે.

હૃદય તે મસ્તીના ભાવે બધો આધાર ન્હાતાં તે,
બધું જે તે ભીંજાઈને પલળતું તો રહેલું છે.

હૃદયભક્તિની છોળો શી ઊડી કેવી રહેલી તે !
હૃદય તે કાળનો ભાવ અદ્વિતીય અનુપમ છે.

હરિઃૐ

## સ્મરણ દિલમાં પચેલું છે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં સ્મરણ દિલમાં પચેલું છે,
પચેલામાંથી લોહી ને બને શક્તિ અનુપમ તે.

અને તે શક્તિ જીવનને વિકસવા પૂર્ણ સર્વાંગે,
-કરે છે કર્મ પોતાનું, શું શક્તિનો પ્રભાવ જ તે !

થતું રહેતાં જ શક્તિનું જીવનનું કર્મ તે સમયે
-હૃદયની પ્રાર્થનાકેરી હું અર્પું આહુતિ ત્યારે.

**હરિ**નાં પદકમળમાં શો થઈ કૃતકૃત્ય દિલથી તે,
અનંતવાર વારી જઈ લળી લળી હું પડું ચરણે.

હરિઃૐ

## સ્મરણનો ઑર જાદુ છે

અનુભવથી જ ઊગ્યું કે સ્મરણનો ઑર જાદુ છે,
સ્મરણથી ઊર્ધ્વ જીવવાની હૃદય લગની શી લાગી છે !

'સ્મરણ નાનકડું સાધન છે, છતાં ફળ એનાં મીઠાં છે',
સ્મરણનો દિલનો ઊંડો પ્રયોગાત્મક અનુભવ તે.

પ્રતિષ્ઠા ઊંડી જીવનમાં કૃપાથી થઈ **હરિ**ની છે,
**હરિ**ની માત્ર લગનીમાં હૃદય ઝંખ્યાં કરે છે તે.

**હરિ હરિ**નું રટણ કેવું કર્યાં કરતું સતત દિલ તે,
જીવનનો સર્વ આધાર હવે **હરિ** શો બનેલો છે !

હરિઃૐ

# અનુભવની પ્રતીતિ છે

સ્મરણની ભક્તિ જીવંતી થતાં આધારમાં જ્યારે,
જીવનમાં **ગુણ**સામર્થ્ય પ્રગટતું, અનુભવેલું છે.

પડે જ્યાં વેગળું મૂકવું તમારું માથું, એવાંયે
-મળ્યાં સાધન હતાં, ત્યારે કરી સ્વાર્પણ દીધેલું છે.

ઊછળતો દિલ ઉત્સાહ વધેરાવાતણો પદ તે,
-હૃદય વ્યાપેલ પ્રત્યક્ષ, અનુભવની પ્રતીતિ છે.

બધો ગુણધર્મ બુદ્ધિનો નર્યો પલટાય છે ત્યારે,
મતિ ભક્તિથી રંગાતાં નવો અવતાર પામે છે.

હરિઃૐ

# સ્મરણમાં દિલ રંગાતાં

હૃદયના ભાવથી ઊંડું હૃદય ઝંખ્યા કરી કરીને
-સ્મરણ લેવાતણો દિલનો ઊંડો અભ્યાસ પાડ્યો છે.

સ્મરણમાં દિલ રંગાતાં જીવનમાં શો સ્મરણનો તે
-થતો રહેતો ચમત્કાર ! સ્મરણનો ભક્ત પ્રીછે છે.

સ્મરણથી અશ્રુ પડિયાં છે, સ્મરણથી દિલ પીગળ્યું છે,
સ્મરણથી **પ્રાણ** નીતર્યાં છે, સ્મરણથી ભાળ લાગી છે.

સ્મરણમાત્રા અખંડિત થતાં, ઉત્સવ જીવનનો **આ**
-કૃપાથી મોજીલો, રસીલો મળ્યો કેવો અનુભવવા !

હરિ:ૐ

## સ્મરણ અભ્યાસમાં જ્યારે

સ્મરણની ભાવનાથી શા વલોપાત જ કરેલા છે !
વલોપાત જ નહોતા તે, હૃદયનાં ભાવનાં પૂર તે.

**हरि** તારાં ચરણકમળો હૃદયના અશ્રુપાતેથી
-કંઈક વાર શું ભીંજવ્યાં છે ! જીવનકથની કથી દિલથી.

રજેરજનું જીવનનું સૌ ચરણકમળે નિવેદ્યું છે,
કરંતાં આત્મનિવેદન હૃદય મારું ભીંજાયું છે.

સ્મરણ અભ્યાસમાં જ્યારે હૃદય અખંડતા વ્યાપી,
સીનો જીવનનો સંપૂર્ણ જતો કેવો જ બદલાઈ !

હરિઃૐ

## સ્મરણની શક્તિનો ત્યારે

સ્મરણ ના ગોખવું માત્ર, ન ખાલી બોલવાનું તે,
સ્મરણ લેતાં હૃદયમાંનો શું માંહ્યલો જાગતો રહે છે !

સ્મરણથી એકદમ એવું કદી કાળ જ થતું ના તે,
સતત પરિચય થતાં પૂર્ણ થતો અભ્યાસ દિલથી તે.

સ્મરણના બોલવામાં તે હૃદય ઉલ્લાસ જન્મે છે,
હૃદય ઉલ્લાસ પ્રગટંતો હૃદયમાં **પ્રાણ** જગવે છે.

સ્મરણની શક્તિનો ત્યારે અનુભવ દિલ થતો રહે છે,
પરંપરા અનુભવથી હૃદયમાંહ્યલો શું ચેતે છે !

હરિઃૐ

# સ્મરણને જીવતું કરવા

સ્મરણમાં ને સ્મરણમાં મેં દિવસ ને રાત ગાળ્યાં છે,
સ્મરણને જીવતું કરવા બહુએ તપ કરેલાં છે.

શરૂશરૂમાં સ્મરણમાં દિલ જરા સરખું ન પલળ્યું છે,
પરંતુ જેમ અભ્યાસે પરોવાતાં, ભળ્યું દિલ છે.

વિના દિલનું થતું જે જે ન તેમાં રસ જરા પણ છે,
ભળેલું દિલ જેમાં છે, મજા તેની અનોખી છે.

ભળંતાં દિલ સાધનમાં, પરાકાષ્ઠાએ સાધનમાં
-ચઢી કેવું જવાતું છે, પછીનો સ્વાદ શો દિલમાં !

હરિઃૐ

## ચલવવામાં સ્મરણયજ્ઞ

ચલવવામાં સ્મરણયજ્ઞ **હરિ**એ મહેર કીધી છે,
કૃપામૃતનું કરી સિંચન હૃદયપદમાં પલાળ્યું છે.

સ્મરણથી કેટલાં કેવાં નૂતન સાધન ઊગેલાં છે !
ઊગેલું સ્મરણનું બળ તે ખપ્યું છે સાધવા વિશે.

જુદાં જુદાં મળ્યાં સાધન સધાયાથી જ અંતરનું
-બધું કેવું થતું છતું ત્યાં, અનુભવવા મળેલું શું !

થતાં સાધનના અભ્યાસે જહીં પરિપક્વતા થઈ છે,
હૃદયના માંહ્યલાનો શો થતો પરિચય રહે છે તે !

હરિઃૐ

## સ્મરણ હરિનું મળેલું છે

જીવનની ખુશનસીબી કે સ્મરણ **હરિ**નું મળેલું છે,
સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, લહેકો ઑર ઊછળ્યો છે.

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણની શક્તિનું હૃદયે
-મને પ્રત્યક્ષ તે ભાન શું ચેતનવંતું જાગ્યું છે !

નવીનતાઓ સ્મરણકેરી જીવન માટે શી પ્રગટી છે !
નવું નવું જાણવાનું ને જીવનમાંનું શું ઊઘડ્યું છે !

સ્મરણની ભવ્ય ભૂમિકા શી એક એકથી ચડિયાતી !
જીવન ઊગી ઉષા સુંદર શી રળિયામણી પ્રભા તેની !

હરિઃૐ

## સ્મરણયજ્ઞ ભભૂકે છે

સ્મરણયજ્ઞતણી જ્વાળા પ્રચંડ જ કેવી પ્રગટી છે !
શું ધસમસતો ઊછળતો શો ધસારો દિલ વહેતો તે !

ન કચવાટ જ કશો ત્યારે સહજ બેઠું થવાતું છે,
સતત મથવાતણો યજ્ઞ શું ત્યારે ચાલતો રહે છે !

ઉપાધિ ત્યારે આવંતીતણી ગણના ન કંઈ રહે છે,
ચપોચપ વિઘ્નનો ત્યારે થતો અંત જ બધો રહે છે !

થતી મુશ્કેલીઓમાં ત્યાં ભરાઈ ના પડાયે છે,
ધસારાબંધ જવાયાથી સ્મરણયજ્ઞ ભભૂકે છે.

હરિઃૐ

# સ્મરણ આનંદનો પાર

સ્મરણમાં **જીવ** ઘાલીને સ્મરણ પાછળ પડેલો જે,
સતત આદું ખઈને શી સ્મરણની લત લગાડી છે !

સ્મરણનો એટલો ઊંડો હૃદય અભ્યાસ પાડ્યો કે
સ્મરણ વિના ન ચાલે છે, સ્મરણ એવું જીવંતું છે.

સ્મરણમાં **પ્રાણ** પ્રગટંતાં શું શ્વાસોશ્વાસ બનેલું તે !
સ્મરણ ત્યારે જીવનશક્તિ બને પ્રગટાવનારું તે.

બલિહારી સ્મરણની તે જીવન ત્યારે અનોખી છે,
સ્મરણ આનંદનો પાર કહીં પણ આવતો ના તે.

હરિઃૐ

## સ્મરણથી આ જીવનનું સૌ

સ્મરણથી સહુ જીવનપાસાં ઉકેલાતાં જતાં છે તે,
સ્મરણથી ભૂમિકા યોગ્ય થતી પરિપક્વ શી ગઈ છે !

સ્મરણની ભક્તિથી જીવન શું ઉજમાળું થતું રહ્યું છે !
સ્મરણ અભ્યાસથી કેવાં શહૂર ને શૌર્ય વ્યાપે છે !

પરાક્રમની પરાકાષ્ઠા શિખર પર તે ઉરાડે છે,
ચરમ મર્દાનગી ટોચે સ્મરણ તે શક્તિ પ્રેરે છે.

સ્મરણથી **આ** જીવનનું સૌ પરમ સદ્‌ભાગ્ય ફળતું છે,
સ્મરણથી શું મળ્યું તેની ગણતરી સૌ નકામી છે !

હરિઃૐ

# સ્મરણથી સર્વ આધાર

સ્મરણની ધૂનમાં કેવી હૃદયમસ્તી જ ઊછળી છે !
સ્મરણની મસ્ત ભક્તિએ મને નવરાવી નાખ્યો છે.

કશા સંકલ્પ વિકલ્પો હવે મન ના કરંતું છે,
બધી શંકા, કુશંકાઓ મતિની તો ટળી ગઈ છે.

કર્યાં કરતાં, કર્યાં કરતાં, રટંતાં તો સ્મરણ હૃદયે,
થતાં લીન સ્મરણમાં તો બીજાં સાધન ઊગેલાં છે.

મળેલી પ્રેરણાઓ દિલ, હુકમ તેને સ્વીકાર્યા છે,
સ્મરણથી સર્વ આધાર નર્યા રંગાયેલા પટ તે.

હરિઃૐ

# સ્મરણની ભક્તિના એવા

સ્મરણની ઘેલછામાં શી ધૂને એની ચઢી જઈને,
-શું આંધળિયાં થયેલાં તે ! **हरि** મુજ દિલ જાણે છે.

સ્મરણની ભક્તિનો રંગ મતિમાં જ્યાં ચઢેલો છે,
થઈ બુદ્ધિ શી તેજસ્વિત, થઈ છે આરસી સમ તે.

કળા બુદ્ધિતણી કેવી રહી પાંગરતી અદ્‌ભુત તે !
ઝીણામાં ઝીણું પારખતાં ન એને વાર લાગે છે.

સ્મરણની ભક્તિના એવા ચમત્કારો અનુભવીને
-સ્મરણ સાધન પરે વારી ગયેલો છું હું તેથી તે.

હરિઃૐ

# સ્મરણમાં ભાવનું જોશ

સ્મરણની લત પડેલી છે, છતાં શી સભાનતા તેમાં
-હૃદય જીવતી રહ્યા કરતી, સ્મરણથી તેથી લાભ્યો છું.

સ્મરણની જેમ દિલ માત્રા બઢંતી તે ગયેલી છે,
સ્મરણમાં ભાવનું જોશ ખરેખર કેવું ફૂટ્યું છે !

હવે કેવો જીવન લહાવો સ્મરણનો દિલ મારે છે !
સ્મરણથી જિંદગાનીનું બધું દળદર ફીટેલું છે.

સ્મરણ એ તો ખરેખર મુજ જીવનનું ચલણી નાણું છે,
જીવનસોદા શું અણમોલા સ્મરણથી મેં ખરીદ્યા છે.

હરિઃૐ

## સ્મરણ છે ઉત્તમોત્તમ શું !

સ્મરણમાં ને સ્મરણમાં મેં દિવસરાતો વિતાવ્યાં છે,
જતાં પથ ચાલતાં, ફરતાં, સ્મરણ લીધા કરેલું છે.

સકળ કંઈ કર્મ કરતાં પળ, થતું જે જે રહેલું છે,
પળે તે તે સ્મરણને મેં હૃદયથી પકડી રાખ્યું છે.

કદીક ભુલાતું જો તે છે, હૃદયમાં ધ્રાસકો-ફાળ
-પડેલી કેવી ! તેનું શું કઈ રીતથી કરું વર્ણન !

સ્મરણ જીવનને તારવવા જીવનદોરી હું સમજ્યો છું,
બધાંએ સાધનોમાં તો સ્મરણ છે ઉત્તમોત્તમ શું !

હરિઃૐ

# સ્મરણ મહિમા હું ગાવાને

સ્મરણનો ઝોડની પેઠે લીધા કેડો કરેલો છે,
પ્રગટતામાં સ્મરણમાં રસ હૃદયનેડો સ્ફુરેલો છે.

હવે બસ એ જ લગની છે, હૃદય બસ મસ્ત તે વિશે,
સ્મરણની બોલબાલામાં હવે જીવવું ગમેલું છે.

જીવનસંસાર દરિયાના કિનારા એકથી, બીજે
-કિનારે તો સ્મરણભક્તિ થકી કેવું તરાયું છે !

સ્મરણ મહિમા હું ગાવાને અશક્ત સાવ તોયે જે
-કૃપાથી યત્ન યત્કિંચિત્ થયો, શી મહેરબાની તે !

હરિઃૐ

## સ્મરણનો તે પ્રતાપ જ છે

ઝીણું ઝીણું કાંતવાની શી હતી જે ટેવ, સુધરી છે,
સ્મરણનો તે પ્રતાપ જ છે, **હરિ**આભાર માન્યો છે.

સ્મરણ શું એકધારું દિલ લગાતાર જ થયું જ્યાં છે !
ઠઠારો ઑર જીવનનો જુદી રીતભાતનો શો તે !

ઊંડે ઊંડે, વળી ઊંડે હજી તેનાથીયે ઊંડે,
-ઊંડું ઊંડું જ ઊતરાતું જવાતું શું ગયું હૃદયે !

કશો છેડો ન આવ્યો છે, શું ઉપરામપણું અંતર
-પ્રગટતું ચેતનાત્મક તો જીવંતું તે રહેલું દિલ.

હરિ:ૐ

## સ્મરણનો ભક્ત બનવાથી

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણ લેવાતું જેનું તે
-પરત્વે લક્ષ ખેંચાતું સતત દિલમાં રહેલું છે.

નધણિયાતો હતો કેવો ! સ્મરણનો આશરો લેતાં,
સ્મરણનો ભક્ત બનવાથી તમાશો છે હવે કેવો !

જીવનમાં જો **હરિ**ના છો, પ્રતિષ્ઠા, કીર્તિ, લક્ષ્મીયે
-કૃપાથી તે **હરિ**કેરી મળ્યાં કરવાનું તે તે છે.

સ્મરણના ભક્તને જીવન ન કંઈ આશા, અપેક્ષા છે,
સ્મરણનો ભક્ત નિશ્ચિંત શું સંપૂર્ણ બધી વાતે !

હરિઃૐ

## સ્મરણના પ્રભાવથી મુજને

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, જીવનરંગ હતા જે જે,
સ્મરણકેરા પ્રભાવે શા બધા તે તે જણાયા છે !

જણાયા એટલું ના તે, પરંતુ તે વિશે મનને
-પરોવાવી યથાયોગ્ય થવા ચેતાવી દીધો છે.

દિશામાં સક્રિય જ કેવો હૃદય ચેતેલ બનવ્યો છે !
જીવનનો યજ્ઞ માંડેલો પૂરો કરવા મથાવ્યો છે.

લીધેલું તે પૂરેપૂરું કરી દેવા જ પુરુષાર્થે
-સતત શો જોતરાવીને મને યજ્ઞે લગાડ્યો છે !

હરિઃૐ

# સ્મરણ મુજને જડીબુટ્ટી

સ્મરણમાં જામતાં રંગ, સ્મરણનો લાગતાં સંગ,
થયું ના એમનું એમ, પડ્યા શા ખેલવા જંગ !

થતો અભ્યાસ રહેવાથી, સ્મરણની લત પડેલી છે,
સ્મરણમાં દિલ પરોવાતાં સ્મરણ ચાલ્યા કરેલું છે.

પછીથી તો સ્મરણ મનમાં પ્રવેશી તે ગયેલું છે,
અને ત્યારે જ શો રંગ સ્મરણનો દિલ લાગ્યો છે !

સ્મરણ મુજને જડીબુટ્ટી કૃપાથી તો મળેલી છે,
જીવન એનાથી પલટાઈ નવું સર્જાયેલું તે છે.

હરિઃૐ

## સ્મરણની ધૂનથી ધ્યાન

સ્મરણથી જીવવાનો જે હૃદય નિશ્ચય થયેલો જે,
મથાવીને બહુ રીતે જીવન **એણે** ઉગાર્યું છે.

વળાંકો, ભુલભુલવણી શાં જીવનમાં સાંપડેલાં જે !
સ્મરણની ધૂનથી ધ્યાન થતાં, તે તે જણાયું છે.

તટસ્થ જ દિલ થવાતાં તો, કશામાં ક્યાંય પણ સહેજે,
ભરાઈ ત્યાં પડાવાનું, ન તે સંપૂર્ણ બનતું છે.

સરળતાથી, સહજમેળે હૃદય ચેતાઈ જવાનું તે
-બની જતું, તે ખરેખર સૌ પ્રતાપ જ શા સ્મરણના છે !

હરિઃૐ

# સ્મરણની લગની જ્યાં લાગી

સ્મરણની લગની જ્યાં લાગી હૃદય ધ્યાન જ સહજમેળે
-થવા લાગ્યું, જીવનમાં ત્યાં તટસ્થ દિલ થવાયું છે.

થવાતાં દિલ સંપૂર્ણ તટસ્થ ભૂમિકા પાક્યે,
કશામાં ભેરવાઈ તે જવાનું ના બનેલું છે.

સ્મરણની એવી એવી તે જીવનની શી કમાણી તે,
મળે બીજા કશાથી ના, સ્મરણથી મેળવાઈ છે.

સ્મરણનો શો ચમત્કાર ! હતું તેનાથી સૌ જુદું,
જીવનમાં સૌ બનેલું જે, થયું પ્રત્યક્ષ અનુભવનું.

હરિઃૐ

# સ્મરણ લેવાતું રહેવાથી

સ્મરણથી દિલ જાગીને મનન ચિંતવન વિશે ઊંડે
-જીવન વિશે વિચારાવી, હૃદય ગરકાવ કીધું છે.

સ્મરણથી તો ઊંડું ઊંડું ઝીણું ઝીણું જીવનનું તે
-ઝીણી ઝીણી જીવનવાતો બધી સમજાતી શી ગઈ છે !

સ્મરણથી **આ** જીવનમાં તો કંઈક અજવાળું પડિયું છે,
નવું નવું જાણવાનું તે જીવનમાં તો મળેલું છે.

સ્મરણ લેવાતું રહેવાથી લગન લાગી ગયેલી છે,
હૃદય તે લગનીને લીધે ટકાયું એક ને એકે.

હરિઃૐ

## સ્મરણથી ભાવ જે જાગ્યો

જીવનનું ધ્યેય જે ભવ્ય સ્મરણ લેતાં, સ્મરણ લેતાં,
થતું તાદૃશ્ય ગયું કેવું ! દૃઢાવાઈ શી મક્કમતા !

સ્મરણથી ભાવ જે જાગ્યો, હૃદય એકાગ્રતા જાગી,
જીવનના ધ્યેયને વિશે રહી સઘળી જ વપરાતી.

પડેલા ડાઘ જીવનમાં સ્મરણથી તે પરત્વેની
-ચઢી ગઈ સૂગ શી ઊંડી ! વળેલું પાછું મન તેથી.

સ્મરણ લીધા જવાયાથી શું અંતર્મુખ થવાયું છે !
હૃદય એકલીનતા ઊંડી સ્મરણભાવેથી પ્રગટી છે.

હરિઃૐ

## સ્મરણની ધૂનના તાને

શું અપરંપાર ઉલ્લાસ, ઉમંગોત્સાહ ગર્જ્યો છે !
સ્મરણ લીધા જવા વિશે બધું તે વાપરેલું છે.

નકામું ના કંઈ જ અમથું જવા દીધું ન મેં તો છે,
બધાંનો ધ્યેયમાં બઢવા પૂરો ઉપયોગ લીધો છે.

સ્મરણની ધૂનના તાને થતું રહ્યું ધ્યાન સર્જન તે
-હૃદય તે ધ્યાનને લીધે ઊંડું ઊતરાયું ઊંડે જે !

તટસ્થ ભૂમિકા કેવી થતી ને કેળવાઈ છે,
હૃદયના ધ્યાન અભ્યાસે નવા દેશો જણાયા છે.

હરિઃૐ

## સ્મરણના ભાવથી કેવું !

સ્મરણનો મહાવરો પડતાં ભીતરના ગંદવાડાનું,
કૃપાથી તીવ્રતમ ઊંડું ખરેખરું ભાન જાગ્યું 'તું.

સ્મરણથી દિલ રજરજનું શું પૃથક્કરણ થતું રહ્યું છે !
દીવા જેવું બધું સ્પષ્ટ જણાયા ત્યાં કરેલું છે.

થયેલી તંગ પરિસ્થિતિ શી હળવી સ્મરણથી થઈ છે !
સ્મરણના ભાવથી કેવું નવું નવું તો ઊગેલું છે !

હૃદયમાં ભાવસામ્રાજ્ય સતત જ્યાં ચેતનાત્મક છે,
કશું પણ **જીવદશા**નું ત્યાં લગીર સરખું ન ટકતું છે.

હરિઃૐ

## સ્મરણથી ગુણ ને ભાવ

સ્મરણના શા ઝપાટાથી ઊડેલા વાયરાથી જે
-સફાચટ ધૂળ ઉરાડી સૌ થયેલું સ્વચ્છ પણ તે છે.

સ્મરણ રમઝટથી આધારે બધા ગુણદોષ કંઈ જે તે,
જણાયા તે કરાઈને, હઠાવાને મથાયું છે.

સ્મરણની જે અસર દિલ છે, સ્મરણથી શૂર ચઢેલું છે,
સ્મરણથી **ગુણ** ને **ભાવ** જીવનમાં પાંગરેલા છે.

પરાક્રમ ને શહૂર કેવાં સ્મરણરંગતથી ખીલ્યાં છે,
સ્મરણના સંગ ને રંગ જીવન નવતર બનાવે છે.

હરિ:ૐ

# સ્મરણ અખંડ બનવ્યું છે

સ્મરણ કેવું ખરેખર તે જીવનમાં કામ લાગ્યું છે.
વળી ઉપયોગી લાગ્યું ને ઘણું ખપનું જ નીવડ્યું છે.

બધું ઉપયોગથી જે તે નવો શો વેશ ધરાતો છે !
બધું પરિણામ પ્રત્યક્ષ જીવન નિહાળી, રાચ્યો જે.

સ્મરણ કેવું લીધા કરીને અખંડ તે થવા હૃદયે,
કૃપાથી તો મથાયું છે છતાં ત્યાં ના ફવાયું છે.

શરીરને સર્પ કરડાવી કરી શી મહેરબાની **તેં** !
મહામુશ્કેલ સંગ્રામ ભયંકર શો લડાવ્યો છે !

સતત છોત્તેર કલાકોની સ્મરણ રમઝટ ચલાવીને
-શરીર મૃત્યુથી ઉગારી, સ્મરણ અખંડ બનવ્યું છે.

હરિઃૐ

# સ્મરણશક્તિ અલૌકિક

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણ લેવું થયેલું છે,
સ્મરણ લેવાતણો દિલમાં હવે ઉમળકો લાગ્યો છે.

સ્મરણશક્તિ અલૌકિક જીવનને કેવું બદલે છે !
અને દિલ ભાન પણ સહેજે મને ત્યારે નહોતું તે.

ઊંડે ઊંડે ઊતરવાનું બધું નિહાળવાને જે,
મળ્યું તટસ્થતાનું બળ જીવનમાં કેવું સક્રિય તે !

સ્મરણથી કેવું અંતરમાં હૃદયબળ મળતું લાગ્યું છે,
જીવનમાં તે થકી કૂદકો શક્યો મારી કૃપાથી તે.

હરિઃૐ

# સ્મરણ અભ્યાસ જીવંતો

સ્મરણ પારસમણિ જેવું કરે લોઢાનું કંચન તે,
અતિશયોક્તિ **આ** ના છે, જીવન સુવર્ણ બનવે છે.

શું રેઢિયાળ જીવન જે **આ** હવે કેવું થયેલું તે
-પ્રતાપે શા સ્મરણકેરા ! સ્મરણની જાદુ શક્તિ છે.

શરૂશરૂમાં સ્મરણમાં તો હૃદય શ્રદ્ધા જ મુદલ કૈં
-હૃદય જાગેલી ના મુજને, સ્મરણ લેતાં શી જાગી તે !

સ્મરણ અભ્યાસ જીવંતો જીવનમાં જ્યાં પડેલો છે,
જીવનવિકાસમાં કેવો પ્રચંડ જ વેગ પ્રગટ્યો છે !

હરિઃૐ

# સ્મરણ અભ્યાસ પાડીને

સ્મરણને સેવતાં હૃદયે જીવનમાં કોડ જાગ્યા છે,
જીવન નવતર કમાવાને, મહત્ત્વાકાંક્ષા ઊગી છે.

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણની જાદુ શક્તિનો
-પરિચય શો થવા લાગ્યો ! જીવનની ધન્ય પળ તે તો.

સ્મરણ ઉગાડતાં હૃદયે પડેલું ફેણ શું મુજને !
શરૂશરૂમાં ઉમળકાથી થતું રહેતું નહોતું તે.

સ્મરણ અભ્યાસ પાડીને ઊગંતું તે સ્મરણ થયું છે,
સ્મરણમાં **પ્રાણ** પ્રગટંતાં, સ્મરણને નાણી જોયું છે.

હરિઃૐ

## સ્મરણથી મુજ જીવનમાં તો

સ્મરણથી મુજ જીવનમાં તો થયા શા ફેરફાર જ તે !
અનુભવતાં, અનુભવતાં હૃદયનો **પ્રાણ** ચેત્યો છે.

સ્મરણ ઝડીઓ જ ઊછળે છે. શી મોજાંની પ્રમાણે તે !
કિનારાનેય સ્પર્શી તે કિનારો ભીંજવી દે છે.

વળી શી ઓટ આવે છે, કિનારાથી દૂર દૂર તે
-જતો રહેતો કહીં દરિયો, વળી પાછો જ આઘો તે.

વળી પાછી સ્મરણ ભરતી ચઢી વધુ આવતી કેવી !
કિનારાને અડી છાલક પરે છાલક ત્યાં સ્પર્શતી.

હરિઃૐ

## સ્મરણમાં પ્રાણ જાગી ત્યાં

સ્મરણ દિલ ભાવ ચેતંતાં જીવનની વૃત્તિ, વલણો જે,
પડી પાછળ જતાં તે છે, હૃદય ઑર ભાવ જાગે છે.

સ્મરણ હૃદયે ઊંડું ઊંડું થતું લેવાતું જ્યાં રહ્યું છે,
સ્મરણની શક્તિનું ભાન મને જાગેલું દિલ ત્યાં છે.

અને જ્યાં શક્તિનું ભાન હૃદયમાં જાગતું રહે છે,
હૃદય ત્યાં શક્તિના જોશે સ્મરણ જોશીલું પ્રગટે છે.

સ્મરણમાં **પ્રાણ** જાગી ત્યાં સ્મરણ તે વેળનું કોઈ
-અનેરી ભવ્ય ભૂમિકાતણું પોતે નિદર્શક છે.

હરિઃૐ

# સ્મરણની ધારણા હૃદયે

સ્મરણ અભ્યાસથી ઊંડા જીવનમાં ફેરફાર જ તે
-થતા કેવા રહે ભારે ! અનુભવી માત્ર જાણે તે.

સ્મરણની નાવ આધારે દરિયો પણ તરાતો છે,
સ્મરણના ભક્ત કંઈ એવા તરી દરિયો ગયેલા છે.

**हरि, हरि** નામને જપતાં, હૃદયના ભાવથી કરીને,
ઉમળકાની જ ઉષ્માથી ઉછાળો ઑર જાગે છે.

સ્મરણનો ભાવ હૃદયમાં જીવન બઢતાં જ બઢતાં તે,
સ્મરણની ધારણા હૃદયે જીવંતી શી બની ગઈ છે !

હરિઃૐ

# સ્મરણ મોંઘામૂલું રત્ન

જીવનમાં ચાલતાં શીખ્યો સ્મરણનો આશરો લઈને,
ગબડતાંમાં, ગબડતાંમાં સ્મરણથી તો બચાયું છે.

સ્મરણ શું ઉત્તમોત્તમ છે, દીપંતું તે ઘરેણું છે !
સ્મરણ શી સૂર્યની ઉષ્મા સમું મુજને જણાયું છે !

જીવન દીપાવનારું છે, જીવનનું ભાગ્ય ઊઘડે છે,
સ્મરણના ભાવથી કેવું ! સ્મરણનો ભક્ત જાણે છે.

સ્મરણ મોંઘામૂલું રત્ન જીવન જે સાંપડેલું છે,
અમૂલખ ધન જીવનનું તે જતન કરી સાચવેલું છે.

હરિઃૐ

# સ્મરણ હરિની અભિમુખતા

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણમાત્રા વધેલી છે,
સ્મરણમાં દિલ પરોવાતાં જીવન ખોરાક બનતું છે.

સ્મરણ એ ભક્ત જીવનનો ખરે ! મજબૂત પાયો છે,
થતાં એની પરે ચણતર, થતું મંડાણ ભક્તિ છે.

જીવનની ઊર્ધ્વ નક્કરતા સ્મરણથી પાકતી રહે છે,
સ્મરણ **હરિ**ની અભિમુખતા જીવનમાં પાંગરાવે છે.

સ્મરણથી દિવ્ય જીવનની બને સક્રિય અભિલાષ,
**હરિ**નાં દિવ્ય પગલાંનો સ્મરણ એ દિવ્ય ભણકાર.

હરિઃૐ

# સ્મરણની યાદની મસ્તી

મનન ચિંતવન મનાદિનું રહે છે ઝંખનાનું તે,
શું વારંવાર રટણ તેનું ધબકતું ને ઝબૂકતું છે !

થતું જ્યાં એકનું એક રસીલું શું સ્મરણ તેનું !
સ્મરણની યાદની મસ્તીતણી બલિહારી ન્યારી શું !

જીવનમાં તો બીજું કાંઈ કશું પણ ના સૂઝે છે તે,
સતત બસ એકની એક જ રમતની ધૂન ચાલે છે.

સ્મરણ તે મોજનો મદ શો ! નશો આહ્લાદકારી છે,
રગેરગમાં, નસેનસમાં શું વ્યાપી તે ગયેલો છે !

હરિઃૐ

# ‘**हरि**’ શી શબ્દ શક્તિ છે !

**हरि**ના સ્મરણથી માત્ર જીવન જે ફાલ્યું ફૂલ્યું છે,
સ્મરણના ફાયદા ગાવા નસીબ કેવું ખૂલેલું છે !

‘**हरि**’ ના શબ્દ અમને છે, ‘**हरि**’ શી શબ્દ શક્તિ છે !
કરેલી શબ્દની ભક્તિ શું મહાત્મ્ય શબ્દનું પ્રીછે !

કશી ના શબ્દની હૃદયે અવર જનને ગતાગમ છે,
હૃદય જે શબ્દનો ભક્ત હૃદય તારતમ્ય પ્રીછે તે.

જીવન સર્વસ્વ **हरि** માત્ર અનુભવ્યું છે જીવન જેણે,
**हरि** તેનો શું સંપૂર્ણ બની કેવો જતો તે છે !

હરિઃૐ

## સ્મરણ-લત-લગનીમાં તારી

**હરિ**નાં પદકમળ આગળ કશું છાનું ન મુજ કંઈ છે,
દીવા જેવું બધું સ્પષ્ટ ચરણ આગળ મુકાતું છે.

જરા સરખુંય કંઈ બાકી રખાતું ના અમોથી છે,
પૂરેપૂરું ધર્યા વિના હૃદય ના ઝંપ વળતો છે.

બધું સારું વળી નરતું ચરણમાં મૂકી દીધું છે,
સ્મરણ-લત-લગનીમાં તારી જીવન વિતાવવાનું છે.

હૃદય એકીટશે ધ્યાન **હરિપદ**નું પળેપળનું,
ધરંતાં, જીવતું તેથી રહેવાતું **હરિ**માં શું !

હરિઃૐ

## સ્મરણ ભક્તિ થવાથી શો !

જીવનની સાવ બેહોશી નરી કેવી હતી હૃદયે !
સ્મરણ ભક્તિ થવાથી શો તફાવત મૂળ પ્રગટ્યો છે !

હું હૈયાનો ફૂટ્યો, હેત **હરિ**સંગે ન કીધું છે,
કૃપાથી ભાન જાગંતાં હડી કેવી દીધેલી છે.

નજર નિરાવરણે ઊંડી હૃદય કેવી ઊગેલી છે !
કૃપા એ તો શી ભક્તિના ભર્યા દિલમાંથી જાગી તે !

નિરંતરની હૃદય જીવતી શી સભાનતા **હરિ**ની તે
-જીવન પ્રગટી જ તેજસ્વી જીવન એથી શું મહેક્યું છે !

હરિઃૐ

# અનુભવી એકલો માત્ર

ભલે જેવું થતું તેવું સ્મરણ મેં ચાલુ રાખ્યું છે,
કદી ભુલાઈ જવાતામાં હૃદય ઠપકો દીધેલો છે.

હૃદય તે વેળ પસ્તાવો શું અપરંપાર જાગ્યો છે !
શું પશ્ચાત્તાપ અગ્નિથી થતી પાકી ભૂમિકા તે !

થતાં બેઠો પછી વાર જ કશી ના લાગતી ત્યાં છે,
પછી ધમધમાટ ચાલંતાં હૃદય થનગનાટ વ્યાપ્યો છે.

હૃદય ત્યારે જ પુરુષાર્થ થતો કેવો રહેલો જે,
અનુભવી એકલો માત્ર પ્રીછી જોઈ શકે છે તે.

હરિઃૐ

# સ્મરણની ભાવના હૃદયે

સ્મરણની ભાવના હૃદયે બની જ્યાં ચેતનાત્મક તે,
નૂતન, નૂતન ભૂમિકાઓ અનુભવમાં પ્રકાશી છે.

શી પ્રત્યેક ભૂમિકાનું નૂતન દર્શન અનેરું છે !
નવું નવું શીખવાનું તો મળ્યા તેથી કરેલું છે.

નવી સમજણ, નૂતન દૃષ્ટિ, જીવન પાંગરતી ચાલી છે,
સ્થિતિસ્થાપક સલામતીમાં પડી રહેવું બન્યું ના છે.

છતાં ત્યાંયે રુકાવટ શી ઘણીએ વાર જાગી છે !
ભરાઈ ત્યાં પડાયાનું કૃપાથી ભાન ઊગ્યું છે.

હરિઃૐ

## સ્મરણ રણકારથી તારા

નીરખતાં રાહ તારી તો ઊંડાં ઊંડાં નયન ઉભયે
-શું ઊતરી તે ગયેલાં છે ! શું દેખાતુંય કંઈ ના છે ?

જીવનની દુર્દશા મારી કરી કેવી જ નાખી છે !
પનારે તુજ પડેલાને ચગદવો ઠીક શું તે છે ?

હૃદયમાં યાદ તુજ કેવી સતત રણક્યાં કરંતી છે,
હૃદય રણકારથી એવા જીવન જીવવાનું બનતું છે.

ગમે તેવું થતું છો હો, ભલે સંકટ હજારો છે,
સ્મરણ રણકારથી તારા છતાં રાહત મળેલી છે.

હરિઃૐ

# સ્મરણથી નિત્ય તુજ યાદ

સ્મરણથી નિત્ય તુજ યાદ હૃદય મારે જલાવીને,
રહેવા તુજમાં નિશદિન મને લલચાવી દીધો છે.

હવે હું તો **हरि** તારા વિશે મુગ્ધ થઈ હૃદયે,
ચરણની ભક્તિમાં કેવો હવે ના'વા હું લાગ્યો જે !

અવિદ્યા પણ કરામત છે **हरि** તારી ખરેખર તે,
હતું દીવા સમું સ્પષ્ટ છતાં પરખાયું નો'તું જે.

લગાતાર જ સ્મરણ તારું શું એકાકાર દિલ બનતાં !
સતત તારી સ્મૃતિ દિલમાં ઝબકી ઝળકી ઊઠેલી ત્યાં.

હરિઃૐ

## સ્મરણનો આશરો જીવને

સ્મરણનો આશરો જીવને શરૂશરૂમાં લીધેલો જે,
થયેલા રોગથી મુક્ત થવા **હરિ**ને સ્મરેલા છે.

મળી જ્યાં રોગથી મુક્તિ, સ્મરણનો લાભ દીઠો છે,
વધુ, વધુ દિલથી રહેવા સ્મરણમાં દિલ થયેલું છે.

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં બધા સંકોચ મનના જે,
કૃપાથી સૂઝવા લાગ્યા મથાયું ટાળવાને તે.

સ્મરણથી પ્રાર્થના, કીર્તન, ભજન ને આત્મનિવેદન,
હૃદયમાં ધ્યેય સન્મુખતા, ઊગ્યાં એવાં બીજાં સાધન.

હરિઃૐ

## સ્મરણ જોશે બચાયું છે

કૃપા બલિહારીની વાત કરી શકું પાજી શી રીતે ?
સ્મરણની ભક્તિ લાગ્યાથી કૃપા તારતમ્ય સમજ્યો તે.

સ્મરણમાં જો જિવાડ્યો છે, કૃપાબળથી બન્યું છે તે,
સમર્થ શો સહારો છે ! અનુભવથી પ્રમાણ્યું તે.

જીવન પ્રત્યક્ષ આવેલી ભયંકર મૃત્યુની પળ તે,
ડસેલા સર્પથી ભારે, સ્મરણ જોશે બચાયું છે.

અખંડ જ તે સ્મરણ જાગ્યું ડસેલા સર્પને લીધે,
પડેલો ખેલવો ભારે મહાસંગ્રામ જીવન તે.

ભયંકર ઝેર વ્યાપેલું શરીર બેભાન કરી દે તે,
અણીની તે ખરી પળમાં હૃદયપોકાર પાડ્યા છે !

હરિઃૐ

## સ્મરણમાં હેતુનું ભાન

સ્મરણ મુજ જિંદગાનીનું શું સાધન ઉત્તમોત્તમ છે !
ભલે લાગે જ નાનકડું, છતાં તે શક્તિવાળું છે.

સ્મરણમાં હેતુનું ભાન ધરી ધરી નિત્ય સેવ્યું છે,
**हरि**નાં દિવ્ય પગલાંનું સ્મરણ કેવું પ્રદર્શન છે !


શરૂશરૂમાં સ્મરણ મુજથી ન લેવાયાં કરાયું છે,
સ્મરણ પણ કેટલી વાર જતું તૂટી હતું શું તે !

જીવનનું વજ્ર બખ્તર તે સ્મરણ કેવું બનેલું છે !
સ્મરણ-કલ્યાણ-સાધનથી જીવનને તો બચાવ્યું છે.

હરિઃૐ

# ખંડ - ૨

## ભજનકીર્તન, પ્રાર્થના



ભજન લલકારવાકેરો હૃદયઆનંદ ન્યારો છે,
વળી ઉપયોગિતા એની ન સરખાવી શકાયે છે.

હરિઃૐ

## ભજનકીર્તન કર્યાં કરવા

નર્યું જીવનમાં પ્રત્યક્ષ થયું, તે તે લખેલું છે,
શરીરની વેદનામાં તે થવા હળવું બન્યું છે તે.

સતત **હરિ**ના હૃદય ભાવતણી ધૂનમાં રહેવાને,
ભજનકીર્તન કર્યાં કરવા વિશે તેથી પડાયું છે.

ભજન લલકારવાથી તે હૃદય આનંદ ઊમટે છે,
અને તે ભાવને લીધે થતાં શાં દર્દ ગૌણ જ તે !

ભજનનો ભાવ નીતરતો હૃદયમાં ફૂલીફાલીને,
શરીરના જ્ઞાનતંતુને વધુ બળ શક્તિ પ્રેરે છે.

હરિ:ૐ

# ભજન લલકારવાકેરો

ભજનકીર્તન હું લલકારી શરીરની વેદનાને તે
-શી મોળી પાડી દઈ, ભાવે રહું શો ઉલ્લસિત હૃદયે !

ભજન લલકારવાકેરો હૃદય આનંદ ન્યારો છે,
વળી ઉપયોગિતા એની ન સરખાવી શકાયે છે.

**હરિ**ના સ્મરણની હૃદયે ઊગેલી ધારણા જે છે,
હૃદયની ધારણામાં તે ઉમેરો શો ભજનથી છે !

ભજન ગાતાં, ભજન ગાતાં ભજનનો ભાવ નીતરે જે,
પસારો ભાવનો સઘળે થતો કેવો રહે છે તે !

હરિઃૐ

## સ્તવન **હરિ**નું શું ચાલે છે !

રમત રમતાં, રમત રમતાં, સ્તવન **હરિ**નું શું ચાલે છે !
સ્તવન, કીર્તન, ભજન, ભાવ, રમતનું શ્રેષ્ઠ સાધન છે.

અમે રમવાની **હરિ** સાથે જીવનની બાજી માંડી છે,
'રમત **હરિ** સાથની' તેવું હૃદય બસ ભાન પૂરતું તે.

કશું ના જીતવાનું છે, કશું ના હારવાનું છે,
વિચાર્યા વિણ જીવનપાસાં બધાં ફેંકે જ રાખ્યાં છે.

હૃદય વિશ્વાસ, '**હરિ** સાથે' બધું જે તે થવાનું છે,
**હરિ**ને ભેટી ભેટીને જીવનમાં ગેલ કરવો છે.

હરિ:ૐ

## હૃદયથી પ્રાર્થના કરતાં

જીવનને જાણતો નો'તો સમજતો પણ નહોતો હું,
પરંતુ કોઈક ઓચિંતા બળે આકર્ષી લીધો શું !

ઊથલપાથલ કરી નાખી ઊલટપાલટ કરી દઈને,
મને પલટાવી પલટાવી નૂતન ભૂમિકા રચાવી છે.

ચઢાવીને સ્મરણપંથે, ભજનકીર્તન કરાવીને,
હૃદયથી પ્રાર્થના કરતાં મને શિખવાડી દીધું છે.

શો એના એ જ અભ્યાસે મને રોકાવી દીધો છે !
હૃદય રમમાણ રહેવાના વિષયમાં તે પરોવ્યો છે.

હરિઃૐ

# હૃદય તુજને જ સન્મુખ

તને દિલ ભેટવાનો શો હૃદય લહાવો મળેલો છે !
છતાં તોયે હજીયે પણ ન સંતોષ જ થતો દિલ તે.

હૃદય તુજને જ સન્મુખ સતત ધરવા શું ઉત્સુક છે !
ફુવારા જેમ ઊર્મિઓ **हरि** તુજ અર્થ ઊડે છે.

હૃદયમાં કોડ-ઉમળકા તને સંતોષ દેવાને,
જુદી જુદી જાતના કેવા મને દિલમાં ઊભળતા છે !

હૃદય પ્રસન્ન તું મુજ પર સદા સંપૂર્ણ રહે એવું,
**हरि** મુજ દિલ કેવું તે ! પિછાને તું હજી ના શું ?

હરિઃૐ

## તને પોકારી પોકારી

હૃદયથી પ્રાર્થના તુજને કર્યાં કરતો રહેલો છું,
તને પોકારી પોકારી રહ્યા કરતો જ જીવતો હું.

હૃદય તારા વિના બીજું જીવનમાં બળ કશું ના છે,
**हरि** તુજ એકલાનો શો મને ટેકો જીવન, બસ છે.

**हरि** તારી કૃપાદૃષ્ટિ થતાં સંપૂર્ણ મુજ પર તે,
બલિહારી જીવનની શી પૂરી ખીલી ઊઠેલી છે !

જીવનમાં બાકી કંઈ મારે ન મેળવવું રહેલું છે,
જીવન, તારી કૃપા નિષ્ઠામહીં, નાહી રહેલું છે.

હરિઃૐ

# તને દિલથી રીઝવવાને

અરેરે ! આટલી રાહ મને કાં જોવરાવે છે !
**हरि** નિષ્ઠુર તુજ જેવો જગે ના કોઈ બીજો છે !

બધુંએ વેગળું પડતું મૂકીને દોડી આવી તે,
તને દિલ વહાલ કરવાને હૃદય મુજ થનગનેલું છે.

ઊછળતી ભરતીનાં મોજાં સમો દિલ પ્રેમ ઊછળે તે,
તને દિલ ઝંખી ઝંખીને પછાડો ખાય છે દિલ તે.

કર્યું આળોટ્યાં કેવુંયે તને દિલથી રીઝવવાને,
હવે માની જઈ રાજી થશે ક્યારે તું મુજ પર તે ?

હરિઃૐ

## હૃદય તુજ નામ લેવામાં

મને તુજ સાથ કોઈયે કશા ના વાંધાવચકા છે,
તને મુજ સાથ શાને તો પછીથી વાંધાવચકા છે ?

તને દિલ વહાલ કરવાનું ગમે મુજને અતિશય તે,
તને પછી વહાલ કરવાનું મને ના કેમ ગમતું છે ?

હું વારંવાર **હરિ હરિ**ની હૃદય લલકારું છું બૂમો,
મને એકવાર, વિનંતી કે, હૃદય લલકાર મુજ નામે.

તને લલકારતાં પ્રગટે દીવા આઠે જ કોઠે શા !
ઊછળતું વહાલ ઊછળે છે હૃદય તુજ નામ લેવામાં.

હરિઃૐ

# થતી જે પ્રાર્થના રહે છે

ઉકેલાવા જીવનપ્રશ્ન ન શક્તિ મુજ કને કંઈ છે,
કંઈક હથિયાર તે કાજે હૃદયની પ્રાર્થનાનું છે.

**हरि** નિજ ભક્તના દિલની થતી જે પ્રાર્થના રહે છે,
'બધી પૂરતો **हरि** રહે છે' ન સાચી તેવી સમજણ છે.

**हरि**ના ભક્તની આગળ બધા નિજ નિજ જીવના જે
-મૂકે પ્રશ્નો, હું તે અર્થે ચરણમાં દઉં મૂકી સ્તવીને.

થવું કે ના થવું તે તો કદી ના હાથ મારે છે,
બધું સંભાળવાનું તે **हरि**ને સોંપી દીધું છે.

હરિઃૐ

## હૃદયની પ્રાર્થનાએ શો !

થતાંમાં વૃત્તિ મનની તે કદીક શી આડીઅવળી જે,
કૂદીને એકદમ જાગી હૃદય ધરી હોશિયારી છે.

જતાંમાં વૃત્તિને સહેલું પકડી તે પાડવી ના છે,
પરંતુ સ્મરણભાવે ત્યાં થવાતાં, મોળી પડતી તે.

વળી ત્યારે ભજનભાવે મનાદિને પરોવાતાં,
ઊગેલાં વૃત્તિ વિચારતણું ના જોર ફાવે ત્યાં.

જીવનઘડતરમહીં ભાગ હૃદયની પ્રાર્થનાએ શો
-પૂરો ભજવેલ છે ! તેનો બધો ઈતિહાસ છે ન્યારો.

હરિઃૐ

# *हरि આધાર તારા પર

ઉપર આભ, નીચે ધરતી દશા એવી થયેલી છે,
હૃદય નિશ્ચિંતતા વણસી ગયેલી પાછી લાગે છે.

છતાં આસ્થાતણા કેવા પૂરેલા સાથિયા મેં તે !
ભૂમિકા તેવી પરથી તો હૃદયની પ્રાર્થના થઈ છે.

**हरि** આધાર તારા પર હવે તો જીવવાનું છે,
હૃદય તે લક્ષ રાખીને અનુષ્ઠાનો કરેલાં છે.

કળા-વિદ્યાની આવડ સૌ કૃપાથી વાપરીને તે
-તને વીનવ્યાં કરી હૃદયે હૃદયપોકાર પાડ્યા છે.

હરિઃૐ

# અનુષ્ઠાન શરૂ કરીને

ન બેસી છાનોમાનો હું રહેલો છું, થતા યત્નો
-બધા કરતો રહેલો છું, **હરિ**ને પ્રાર્થીને દિલ હું.

શી આંટીઘૂંટી પાછી તો જીવન આવી પડેલી છે !
ઉકેલાવા **હરિ**ચરણે કૃપાથી યજ્ઞ માંડ્યો છે.

અનુષ્ઠાન શરૂ કરીને જીવનના **પ્રાણ** ચેતવવા,
બધા જે દાવ જીવન તે કર્યાં કરતો બચવવાના.

**હરિ**ને હાથ ચાવી છે હવે તો, ધારણા તેથી,
**હરિ**દ્વારે શું માંડીને કર્યાં કરું યત્ન હું દિલથી !

હરિઃૐ

# પખાળી અશ્રુથી ચરણો

પ્રયત્નો આવડે તેવા કર્યાં કરીને, **હરિ**ચરણે
-હૃદયની **ધા** હું નાખીને થવા યોગ્ય વિનવણી છે.

**હરિ**ને મેં હૃદયનું તે સકળ બળ એકઠું કરીને-
પખાળી અશ્રુથી ચરણો તને વીનવ્યા કરેલો છે.

જીવનનું ગાડું ફરીથી તે પડેલું ઘોંચમાં જે છે,
કરી હિકમત-ચમત્કાર બચવવા પ્રાર્થના પદ છે.

તને જો ના કહું, બીજા પછી કોને કહેવાનું ?
-**હરિ** મુજ આબરૂ હાવાં **હરિ** તુજ કર રહેલી છે.

હરિઃૐ

## સલામત તું ઉતારી દે

ઊગરવાને બહુ રીતથી કરેલી કાકલૂદી છે,
કરગરીને વિનંતીઓ ઘણી ઘણી પદ કરેલી છે.

લળી લળીને હૃદય તુજને કરેલી પ્રાર્થનાઓ છે,
**हरि एक** આશરો તારો જીવન કાજે અમોને છે.

ન તારા વિણ જીવનમાં સમર્થ કોઈ બીજો છે,
પડી પાયે હું પાથરીને હૃદય પાલવ વીનવતો જે.

કિનારા પાસ આવેલું જીવનનાવ અમારું તે,
કૃપા કરીને હવે એને સલામત તું ઉતારી દે.

હરિઃૐ

## કરીને પ્રાર્થના દિલથી

વળી પાછી ઊભી થઈ છે, નવી ચિંતા જીવન માટે,
ઊથલપાથલ વળી કેવું જીવનનું તો કરાવ્યું છે !

હૃદય નિશ્ચિંતતા અમને કૃપાથી **તેં** જગાડીને,
વળી પાછા નિરાશામાં અમોને કાં ડુબાડ્યા છે ?


કિનારે વહાણ આવેલું, ઊતરશું હમણાં જાણે કે,
તહીં તો શી ઉપાધિ તે કહીંથી આવી પહોંચી છે ?

અમારી પાસ કોઈ ના બીજો ઉપાય ઊગરવા,
કરીએ પ્રાર્થના દિલથી બચાવી તો જીવન લેવા.

હરિઃૐ

# ખંડ - ૩

# હરિલીલા



**हरि, हरि,** એકલો નાદ ન તે છે નાદ માત્ર જ તે,
હૃદય પેટાવવા નિજની શી શક્તિનો જ પડઘો તે !

હરિઃૐ

# બધાં રૂપો હરિનાં છે

દિવસનો કાર્યક્રમ સઘળો **હરિ**ને દિલ ધારીને,
સ્તવી સ્તવીને **હરિ** દિલથી અમે આરંભ કીધો છે.

**હરિ**ની સહાય માગી છે, **હરિ**નો સાથ ધાર્યો છે,
**હરિ** ચિંતવવું રાખ્યું છે, નમસ્કારો **હરિ**ને છે.

જીવનનો શહેનશાહ જ છે, હજારો હાથવાળો છે,
બધે પ્રસરેલ પોતે છે, છતાં પાછો નિરાળો છે.

**હરિ** સાકાર પણ શો છે, નિરાકાર **હરિ** પણ છે,
બધાં રૂપો **હરિ**નાં છે, **હરિ** સર્વત્ર વ્યાપ્યો છે.

હરિઃૐ

## બધી રીતથી તું સંભાળે !

**હરિ** મુજ એકલા દિલને સતત સોબત થવા, તુજ તે,
સ્મરણ, કીર્તન, ભજન-ભાવતણો આશ્રય લીધેલો છે.

અમારે સૌ **હરિ**ચરણે બધું જે તે સમાયું છે,
**હરિ**નામાં જીવન સઘળું પરોવવા ચહેલું છે.

અને એ રીતનાં સાધન ચહી ચહી વર્તને મૂકી,
અમલ એનો કરેલો છે, કશું પણ સહેજ ના ચૂકી.

'શરણ જનને **હરિ** કેવો બધી રીતથી તું સંભાળે !',
ભરોંસો, આત્મવિશ્વાસ હૃદય એવો થયેલો છે.

હરિઃૐ

## हरि તુજ પ્રેમના પાસે

**हरि** તુજ પ્રેમના પાસે મને જકડી લીધેલો છે,
મને પ્રત્યક્ષ દર્શન **તેં** અનુભવથી કરાવ્યું છે.

થયેલાં કર્મ શાં સિદ્ધ ! થયાં હત ના કદી મુજથી,
કશી શક્તિ ન એવી છે, જરા સરખીય મુજ દિલની.

લૂલા મુજ લંગડાને **તેં** ચઢાવી પહાડ દીધો છે,
શિખર પર તે શિખર ટોચે પહોંચાડી દીધેલો છે.

**हरि** તુજ શક્તિની હૃદયે પહેચાન કરાવી છે,
હૃદય એવા અનુભવથી **हरि** અસ્તિત્વ લાધ્યું છે.

હરિઃૐ

# **हरिની તે નયન નજરે**

અમારો શો **हरि** પોતે ! છતાં પાછો બધાંનોયે,
વળી તોયે અમારા પર નજર **ए**ની શી ઢળતી છે !

**हरि**ની તે નયન નજરે શું સદ્‌ભાગ્યે ચઢેલા જે !
ખરા બડભાગી એવા શા ! તરી જીવન ગયેલા છે.

ખબર નો'તી **हरि** કે **तुं** લઈને બાથમાં અમને
-ચૂમી ચૂમી લઈને શો **हरि तुं** વહાલ કરતો છે !

**हरि** એવા અમારાની બલિહારી જ કેવી છે !
જીવન તે મહાલી જાણી **तें** હૃદય સિદ્ધ જ કરાવ્યું છે.

હરિઃૐ

# हरि તુજ પ્રેમ અમૃતનો

**हरि** તુજ પ્રેમ દરિયામાં નર્યાં ડૂબકાં જ ખાધાં છે,
ધરાયા ના છતાં એથી, સતત ડૂબકી લગાવી છે.

**हरि** તુજ પ્રેમ અમૃતનો ધરાવો દિલ થતો ના છે,
વધુ વધુ દિલ પીવાનો હૃદયને રંગ લાગ્યો છે.

નૂતન, નૂતન થતાં દર્શન **हरि** તારાં જીવનમાં તે,
અનેકે રૂપ પ્રસરાતો બધે જ્યાં ત્યાં જ લાગ્યો છે.

બધાં શાં એકબીજાંથી રૂપો તારાં નિરાળાં છે !
પરસ્પરમાં પરસ્પરથી છતાં પાછો અનોખો છે.

હરિઃૐ

# હૃદય મહોબતથી પાકે છે

જીવનમાં દિલની મહોબત ખરી ખપની જ નીવડી છે,
હૃદય સંબંધ પાકો તો હૃદય મહોબતથી પાકે છે.

મહોબત દિલની **હરિ**ને સદા સંતોષવા ઝંખે,
અરે ! ના ઝંખતી માત્ર, કરીને તેમ ઝંપે છે.

હૃદયની ભાવ મહોબતથી **હરિ**ની યાદ તાજી છે,
**હરિ**ની ધારણા પ્રત્યે મનાદિને જિવાડે છે.

**હરિ** પ્રત્યેની દિલ મહોબત **હરિ**માં દિલ રમાડીને,
મહોબતની શી ખુશબોથી જીવન તે મહેકી ઊઠે છે !

હરિઃૐ

## हरिને લક્ષ્ય ધારીને

**हरि**ને લક્ષ્ય ધારીને જીવન પ્રવૃત્તિ કીધી છે,
ઊગ્યાં સાધનના અભ્યાસે હું મંડ્યો છું લગાતારે.

સ્મરણ સાતત્ય નિપજાવી ભજનકીર્તન કર્યાં કર્યું છે,
ઊપજતા ભાવને લક્ષ્યે પરોવ્યાં તે કરેલો છે.

સતત એવા જ અભ્યાસે થયું એકાગ્ર દિલ **हरि**માં,
થતાં એકાગ્ર, કેંદ્રિત થવા માંડ્યું જ તે **हरि**માં.

થતાં **हरि**માં જ કેંદ્રિત મનાદિ સાથ મળિયાં છે,
હૃદય સહકાર કરણોનો નિરંતરનો થયેલો છે.

હરિઃૐ

# **હરિ** તુજ લગનીના જળમાં

**હરિ** તુજ નામ જપવાનું અમારે ભાગ્ય આવ્યું છે,
હવે કોઈ ઉપાયે તે ખસી શકવાનું કંઈ ના છે.

હૃદય સ્મરતાં, હૃદય સ્મરતાં, શું તુજ લગની થઈ ગઈ છે.
**હરિ** તુજ લગનીના જળમાં શું ના'વાનું અમારે છે !

**હરિ** તારા વિના બીજો જીવનમાં ખપ કશો ના છે,
**હરિ**નાં નિત્ય ગુણગાન કર્યાં કરવાની મસ્તી છે.

**હરિ** તારા વિશે દિલને હવે સુખચેન પાકાં છે,
**હરિ**, **હરિ** દિલ પોકારી અમે **તારા** વિશે શા તે !

હરિઃૐ

# સતત અભ્યાસ દિલનો છે

**હરિ**માં લક્ષ સંપૂર્ણ પરોવીને, મનાદિને
-**હરિ**લગનીથી થઈ મસ્ત જીવનમાં જીતવાનાં છે.

હૃદયના સાધનાભ્યાસે અભિરુચિ **હરિ**માં છે,
**હરિ**ની લગનીને લીધે મનાદિ ગૌણ બનતાં છે.

સતત અભ્યાસ દિલનો છે, મનાદિ તેથી તેમાં છે,
ભળ્યાં **હરિ**માં મનાદિ જ્યાં, **હરિ**રસ દિલ લાગ્યો છે.

**હરિ**ની ભાવના ઊંડી લગાતાર થતાં હૃદયે,
મનાદિનાં વલણ અને દૃષ્ટિ પડ્યાં મોળાં ખરેખર તે.

વલણ, વૃત્તિ અને દૃષ્ટિ મનાદિનાં શું ટળવાને
-શી એકાકાર દિલ લગની થતાં જીવંતી, હઠતાં તે !

હરિઃૐ

# તને દિલ ચાહી ચાહીને

**હરિ, હરિ** બૂમ પાડીને તને જગવ્યાં કરેલો છે,
જગાડીને અમારે દિલ તને જીવતો કરાવ્યો છે.

સૂતેલો તું નહોતો, પણ અમે જે ઊંઘતા તેને
-કૃપાથી શા જગાડી, તુજ હૃદય દર્શન કરાવ્યાં છે !

પછીથી તો હૃદય અમને **હરિ** પોકારતાં તુજને,
ઊછળતો ભાવનો દરિયો હૃદય વહાલપનો તુજ પર છે.

તને દિલ ચાહી-ચાહીને જીવનમાં જીવવાનું છે,
**હરિ**ની બોલબાલામાં જીવનને મહાલવાનું છે.

હરિઃૐ

# જીવનમાં પ્રેમ મસ્તી

**હરિ**ને યાદ કરી કરીને જીવન કેવું વિતાવ્યું છે !
સ્મરણના કારણે **હરિ**ની હૃદય શી ધારણા રહે છે !

**હરિ**ની ધારણા લીધે જીવન ધબકંતું લાગે છે,
જીવનમાં ખરેખરનો હૃદય આનંદ ન્યારો છે.

હૃદય મલકાઈ મલકાઈ જીવન રંગાઈ ગયેલું છે,
જીવનમાં પ્રેમની મસ્તીતણી ભરતી ચઢેલી છે.

જીવનમાં પ્રેમની રંગતતણી સોબત થયેલી છે,
**હરિ**ના ભાવઉષ્માથી જીવનઉષા ખીલેલી છે.

હરિ:ૐ

# હરિપદમાં જ વાળ્યો છે

જીવન અંતે જ સરવાળો **હરિ**પદમાં જ વાળ્યો છે,
હવે તો બાદબાકી કંઈ ન કરવાની રહેલી છે.

ગુણાકાર ભલે થાય, શું ભાગાકાર છો બનતો !
છતાં સંપૂર્ણ, સંપૂર્ણ **હરિ** પોતે રહે છે શો !

શું ઓછોવત્તો ક્યાંયે તે કશાથીયે ન બનતો છે !
રહે સમતોલ સંપૂર્ણ, **હરિ**લીલા શી એવી તે !

**હરિ** એવીની માયામાં **હરિ**એ મૂકી દીધી છે,
રખેવાળી જીવનની ત્યાં **હરિ**એ રાખી લીધી છે.

હરિ:ૐ

## हरि એવો કૃપાળુ છે

રખેવાળી જીવનની **तुं** અમારી નિત્ય કરતો છે,
છતાં ના દેણગી માગે, **हरि** એવો કૃપાળુ છે.

અમારે કાજ મહેનત **तें** લીધી છે કેટકેટલીયે !
હજી તોયે **तुं** તત્પર છે, મદદ કરવા જ અમને તે.

તને ના થાક લાગે છે, તને ના ઊંઘ આવે છે,
વળી મોળો ન પડતો છે, શું ઉદ્યમશીલ રહેલો છે !

અમારે માટ નિરંતર **तुं** ચલવવા નાવ જીવનનું,
અમારું લક્ષ રાખીને સતત અમને નીરખતો શું !

હરિઃૐ

# હરિમાં મગ્ન જીવવું છે

બબડવું ના અમારે છે, ગબડવું ના જીવનથી છે,
ચસકવું ના જ પથથી છે, સલામતીથી સરકવું છે.

ન ચડભડવું જ મનથી છે, ન નિશ્ચયથી ચસકવું છે,
મુસીબતમાં મરકવું છે, દુઃખો પડતાં હરખવું છે.

શી મુશ્કેલી જીરવવી છે ! ગૂંચો, વિઘ્નો પચવવાં છે,
દુઃખો આપત્તિ સહેવાં છે, **હરિ**નાં ધ્યાન ધરવાં છે.

**હરિ**માં લીન બનવું છે, **હરિ**માં ચિત્ત પ્રોવું છે,
**હરિ**માં લક્ષ ધરવું છે, **હરિ**માં મગ્ન જીવવું છે.

હરિઃૐ

## બધું સંભાળી મુજ **હરિ** લે

પૂરેપૂરો હું નાદાન ન વિવેકેય સમજું હું,
કથોલું બોલી મરવામાં કદીક ઊંધું હું બાફું છું.

બગાડેલું **હરિ** મારું સુધારી આપ લેતો છે,
બધી શી કાળજી મારી **હરિ** પોતે જ લેતો છે !

કશી ના આવડત મુજમાં, છતાં શ લોક મુજ પાસે
-સલાહ માગતા આવે, હું દીધે રાખું છું ત્યાંયે.

બધું સંભાળી મુજ **હરિ** લે, **હરિ** શો રાજી મુજ પર છે !
**હરિ**ના વહાલની તોલે જગતનું વહાલ તુચ્છ જ છે.

હરિઃૐ

## તને દિલથી ચહી ચહીને

તને દિલથી ચહી ચહીને, તને દિલમાં સ્તવી સ્તવીને,
તપશ્ચર્યા કરી, મથીને **હરિ**માં **પ્રાણ** પ્રોયા છે.

હવે પ્રમોદનું સાધન જીવનમાં **હરિ** મળેલું છે,
રમતાં રમતાં, રમત રમતાં **હરિ** રિસાઈ ગયેલો છે.

મનવવાને હવે વારો ખરે શો આવિયો મુજ છે,
બધી હિકમતને અજમાવી, છતાં **હરિ** ના રિઝાતા છે.

હવે મારો ન છૂટકો છે રીઝવ્યા વિણ **હરિ**ને તે,
ગતકડાં આવડે તેવાં કરું તેથી **હરિ** સાથે.

હરિઃૐ

## તને કરવા હૃદય રાજી

તને દિલમાં જમાવાને હૃદય રઢ મેં લીધેલી છે,
તને કરવા હૃદય રાજી હું ઉદ્યત શો રહેલો જે !

'તને સંતોષ હો' એવું ચહી, વર્તન કરેલું છે,
હૃદય પ્રસન્નતા, શાંતિ ધરી, વરવા ચહેલું છે.

**हरि**ને દિલ દિલથી, શો હૃદય ચાહ્યા કરેલો છે !
**हरि**ને દિલ મહોબતથી હૃદય સાથે જડેલો છે.

**हरि** મારા જીવનનો તો હૃદયનો શહેનશાહ જ છે,
**हरि** મુજ દિલનો કેવો રસીલો બાદશાહ જ છે !

હરિ:ૐ

# તને દિલ સાથ રાખીને

જીવનધંધા વિશે બરકત કૃપાબળથી **હરિ**ના તે,
મળેલાં હૂંફ ને ઓથ મને પ્રત્યક્ષ **હરિ**નાં છે.

ચલાવું બાવડાં મજબૂત બધા પુરુષાર્થના યત્ને,
સહારો તુજ લઈ લઈને કૂદ્યો કેવો હું આકાશે !

હૃદય રાજી તને રાખી જીવનપથમાં પરોવીને,
તને દિલ સાથ રાખીને અમે બનતું કરેલું છે.

કશું પુરુષાર્થમાં બાકી ન મારાથી રખાયું છે,
**હરિ**ની બોલબાલામાં હૃદયસંતોષ ધાર્યો છે.

હરિઃૐ

# જીવનની ધન્ય ઘડીપળ તે

**हरि**, **हरि** શબ્દ ઉચ્ચાર **हरि**ના શબ્દ લલકારે,
'જીવન સર્વસ્વ કોળે છે', અનુભવીને જ સમજણ તે.

જીવન સર્વસ્વ અર્પાતાં હૃદયની પ્રેમભક્તિએ,
સમર્પણ થઈ જતાં ચરણે, જીવન અદ્ભુત શું મહોરે છે !

**हरि**ને પદકમળ જીવન સમર્પાતાં ઉમળકાએ,
પળે તે દિલમસ્તીથી ઉછાળો ઊર્ધ્વ ઊછળે છે.

જીવન ન્યોછાવરી ત્યારે હૃદયથી વારી વારીને,
થઈ જતી શી સહજ પોતે ! જીવનની ધન્ય ઘડીપળ તે.

હરિઃૐ

# हरिने वहाल करवानुं

**हरि**ने वहाल करवानुं व्यसन दिलमां शुं लाग्युं छे !
व्यसननी तीव्र आसक्ति हृदय लागी गयेली छे.

व्यसन केवुं जबरजस्त ! घडीपळ ते विना हृदये
-मने सहेजे न चाले छे, शुं मशगूल दिल रहेवाये !

**हरि**ना स्मरणनुं तान ઊछळतुं पूर एनुं जे,
प्रचंड वहेणमां एना मने खेंची जतुं ते छे.

**हरि, हरि** बूम, पोकारो, हृदयथी ઊઠता रहे छे,
बधे पडघा पडी एना, शुं गुंजारव थतो दिल छे !

હરિઃૐ

# કળાલીલા **હરિ**ની તે

હવે તો જીવવું, મરવું, રહ્યું એવું કશું ના છે,
રહ્યું વિચારવાનું ના, જીવન જ્યાં ચરણે સોંપ્યું છે.

'બધાંનો કર્તાહર્તા તું' હૃદય વિશ્વાસ જીવંતો
-જતાં પ્રગટી જ સંપૂર્ણ, થતી બુદ્ધિ શરણ ત્યાં તો.

જીવનમાં બુદ્ધિ રંગાતા **હરિ**ની ભક્તિથી જ્યારે,
પછી બુદ્ધિ બને પ્રજ્ઞા, **હરિ**દરબાર ચાવી તે.

**હરિ**માં પેસવા, જીવવા *શી પ્રજ્ઞા ઉપયોગી છે !
કળાલીલા **હરિ**ની તે શી પ્રજ્ઞા પારખી લે છે !

હરિઃૐ

# બીજું ના ભાસતું કંઈ છે

સદા ખાલી અને ખાલી રહેવાતું કૃપાથી છે,
ભરાઈ ના કશું પણ કંઈ મનાદિમાં રહે છે તે.

કદીક શી ભાવના **હરિ**ની થતી અદશ્ય લાગે છે,
કશું અસ્તિત્વ પણ ત્યારે કશાનું પણ ન ભાસે છે.

વળી હું છું, હૃદય તેવું કશું ના ભાન ટકતું છે,
બધાં અસ્તિત્વનું બિંદુ સમાતું કેંદ્રમાં શું તે !

વિના પોતા, કશું ક્યાંયે બીજું ના ભાસતું કંઈ છે,
વળી હોવા છતાં પોતે ન છે અસ્તિત્વ તહીં પોતે.

હરિઃૐ

## મજાનું ભક્ત જીવન તે

કદીક ભક્ત, કદીક ધ્યાની, કદીક જ્ઞાની જીવનમાં તે,
જુદી જુદી ભૂમિકાનું બધું વર્તન અમારું છે.

પરંતુ ભક્તનું જીવન હૃદયમાં પ્રાણપ્યારું છે,
**हरि**ની સાથ ગમ્મતનું મજાનું ભક્ત જીવન તે.

રિસાવાનું જ લડવાનું કદીક **हरि** સાથનું જે તે,
પડે તેમાં ખરેખર શો હૃદય આનંદ અનુપમ તે !

**हरि**ને લાડકા થઈને કદીક તો ગેલ કરવાનો,
જીવનલહાવો પ્રીતિકર છે, **हरि** સાથે શું રમવાનો !

હરિઃૐ

## હૃદયનો પ્રેમ ન્યારો છે

શું કોઈક વાર અબોલાયે **हरि** સાથે લીધેલા છે !
છતાં તેમાં અમર્યાદિત હૃદયનો પ્રેમ ન્યારો છે.

અમારું ને **हरि**કેરું હૃદય સગપણ જીવનનું જે,
અદ્વિતીય, અનોખું તે અજબનું ને ગજબનું છે.

કશા સાથે કદી પણ તે ન સરખાવી શકાયે છે,
હૃદય હોવા છતાં બંધન, ન બંધન ક્યાંય અમને છે.

સ્વતંત્રતા જ સંપૂર્ણ શી બક્ષેલી **हरि**એ છે !
કહ્યામાં તોય **हरि**ના શા અમે છીએ બધી રીતે !

હરિ:ૐ

# हरिनो હાથ નીરખ્યો છે

જીવનની સર્વ હકીકતમાં **हरि**નો હાથ નીરખ્યો છે,
ન નીરખ્યો માત્ર છે, કિંતુ અનુભવથી પ્રમાણ્યો છે.

**हरि**ના ભાવની ઊંડી હૃદયની ધારણામાં તો
-રહીને જીવતો પૂર્ણ, નિવેડ્યું પાર જે તે સૌ.

અખંડિત ધારણા **हरि**ની વહ્યાં જીવન કરેલી જે
-રમણ તેમાં જ સંપૂર્ણ રહી, પ્રીત્યર્થ થયું જે તે.

**हरि**ને મોખરે ધારી, જીવન **हरि**માં જ પલળીને
-**हरि**આધારથી સઘળું જીવનનું સૌ થયેલું છે.

હરિઃૐ

## હૃદય હરિનો હું સંપૂર્ણ

**હરિ**ને પ્રેમભક્તિથી ભજી ભજીને, સ્તવી સ્તવીને,
હૃદયથી પ્રેમ કીધો છે, **હરિ**ને દિલ અર્પીને.

નિવેદનથી જ સંપૂર્ણ જીવનનું તો જણાવ્યું છે,
સમર્પીને બધું જે તે જીવનને પણ સમર્પ્યું છે.

હવે બાકી કશું પણ ના **હરિ**ને અર્પવું રહ્યું છે,
હૃદય **હરિ**નો, હું સંપૂર્ણ પછી બાકી શું મુજ પાસે !

**હરિ** મુજ અન્નદાતા છે, **હરિ** પોષક ને રક્ષક છે,
નિયંત્રણ સૌ **હરિ**નું છે, નિયામક પણ **હરિ** મુજ છે.

હરિઃૐ

## સમર્થ શા હરિ એવા !

બધું તંત્ર જ **હરિ**નું છે, બધું સર્જન **હરિ**નું છે,
બધી શક્તિ **હરિ**ની છે, બધી બલિહારી **હરિ**ની છે.

બધી માયા **હરિ**ની છે, બધી લીલા **હરિ**ની છે,
બધા દેવો **હરિ**ના છે, અસુરો પણ **હરિ**ના છે.

સૂરજ ને ચંદ્ર **હરિ**ના છે, બધા તારા **હરિ**ના છે,
ગ્રહો સર્વ જ **હરિ**ના છે, બધું જે તે **હરિ**નું છે.

સમર્થ શા **હરિ** એવાતણું, મેં શરણું લીધું છે !
શરણ જનનો બધો ભાર **હરિ** નિજ શિર ઉપાડે છે.

હરિઃૐ

## સમર્થ શ્રેષ્ઠ એવો છે

**हरि** વહાલાની સંપૂર્ણ શી અક્કલ હોશિયારી છે !
**हरि** ડહાપણની તોલે તો ન ડહાપણ કોઈનું પણ છે.

**हरि** ચઢિયાતો સૌથી છે, બધાંનું મૂળ **हरि**માં છે,
બધાંનું રૂપ પણ **हरि** છે, બધાંનો રંગ **हरि**થી છે.

નજર **हरि**ની બધાંમાં છે, ન સૌની દૃષ્ટિ **हरि**માં છે,
બધાં જે તે વિશે **हरि** છે, બધું જીવન **हरि**થી છે.

**हरि** મુજ આંખ ને દિલ છે, મનાદિ પણ **हरि**થી છે,
**हरि** પહોંચી વળે સૌને સમર્થ શ્રેષ્ઠ એવો છે.

હરિઃૐ

## હરિને દિલ ચાંપીને

**હરિ**ને દિલ ચાંપીને હૃદય સંગાથ રાખ્યો છે,
વિખૂટો તો જરી મુજથી થવા દીધો ન દિલથી છે.

પકડી સજ્જડ બધી બાજુ થકી મેં રાખી જકડ્યો છે,
છુટાવાની કશી બારી ન રાખી એક પણ મેં તે.

'કશે છટકી ન તે જાય', બધી એવી વ્યવસ્થાને
-પૂરેપૂરી જ પાકી મેં કરી રાખેલ દિલથી છે.

હૃદય ભાળવણી, સાચવણી લીધા એની કરેલી છે,
નજરથી તે હૃદય તેને થવા અળગો ન દીધો છે.

હરિઃૐ

# हरि તો પ્રેમસાગર શો !

**हरि** તો પ્રેમસાગર શો ! બધા સાગર મળીનેયે
-**हरि**નો પ્રેમ તેથી પણ અધિક અદકો જ મોટો છે.

**हरि**ના પ્રેમની તોલે ન કોનો પ્રેમ ચઢતો છે,
**हरि**નો પ્રેમ ઢોળાતો પતિતની પર શું કેવો તે !

પતિતમાં પણ પતિત જે છે, પરંતુ પદ ઢળેલો જો,
**हरि** તેને હૃદય ચાંપી બનાવી દે હૃદય નિજનો.

જીવનથી પાપી પણ જેને હૃદયથી ભક્તિ લાગી છે,
**हरि** તેને શું ઉદ્ધારી જીવનમાં ન્યાલ કરી દે છે !

હરિઃૐ

## हरिની યાદથી દિલને

થયેલું દિલ અનુભવવા **हरि**ને **આ** જીવનમાં તો,
**हरि** પાછળ હૃદય ઘેલો થયો અલમસ્ત હું કેવો !

હૃદયની ઘેલછામાં શો **हरि** પાછળ પડી પડીને !
**हरि** પર મીટ માંડીને ભજ્યાં **हरि**ને કરેલો છે.

હૃદય મનથી છતાં **हरि** શો જતો છટકી ખબર વિના !
શું પશ્ચાત્તાપ દિલ અગ્નિ મને પ્રગટ્યો ઘણો દિલમાં !

**हरि**ને યાદ કરી કરીને **हरि**ની યાદથી દિલને
-ભરી ભરપૂર દીધેલું છે, હવે તે ક્યાં જવાનો છે ?

હરિઃૐ

# **हरिની યારી દિલ મળતાં**

**हरि**ની પ્રેમ યારીમાં જીવન સઘળું વિતાવ્યું છે,
**हरि** વિના બીજું કાંઈ ન ચિંતવવું થયેલું છે.

**हरि, हरि,** બસ લઢણ લાગી હૃદયના પ્રેમનો ઘેરો
-નશો કેવો ચઢેલો તે, અવર જનને ખબર શી તો !

**हरि**ને પણ ખબર સઘળી પડે નિજ ભક્તની દિલમાં,
નજરચૂક પણ **हरि**ની તે થવા દીધી નથી પળમાં.

**हरि**ને દિલ દિલથી શો ચહ્યાં મેં તો કરેલો છે !
**हरि**ની યારી દિલ મળતાં થયો બડભાગી કેવો જે !

હરિઃૐ

# हरिની યારી એવી છે

**हरि** જીવનની ચાવી છે, બધાં તાળાં જીવનનાં તે,
**हरि**થી ઊઘડે કેવાં ! **हरि**ની યારી એવી છે.

**हरि, हरि** બૂમ લગાવાનું હૃદય લલકારવાનું તે
-વ્યસન લાગેલું દિલમાં છે, **हरि**ની યારી એવી છે.

**हरि**ની યારીથી ભરપૂર જીવન આખું ભરેલું છે,
બીજાંને પેસવા સહેજે ન અવકાશ રહ્યો ત્યાં છે.

**हरि** દિલ આંજી દે એવો જીવનનો સૂર્ય ઊગ્યો છે,
પ્રકાશ શો ભરી જીવન બધે ફેલાવી દીધો છે !

હરિઃૐ

## જીવનના ભક્તને સાચી

**हरि**ના પ્રેમઉષ્માની ઉષા કેવી ઊગેલી છે !
ભભકથી તે ભર્યા રંગો છવાઈ શા ગયેલા છે !

જીવન નવતર તે દર્શનનું જીવનપ્રભાત ખીલ્યું છે,
ખુશાલી, ખુશબોની શી નૂતન દિલ ભાત પાડી છે !

નૂતન નૂતન શું પળ પળમાં બધું મૌલિક લાગે છે !
નવીનતાયે જીવનભરમાં શી ભરપૂર જ ચગેલી છે !

જીવનનું દિવ્ય દર્શન તે અલૌકિક ભવ્ય કેવું છે !
જીવનના ભક્તને સાચી પડે સમજણ હૃદયમાં તે.

હરિઃૐ

# હરિના પ્રેમની આગળ

**હરિ** શો વહાલસોયો છે ! ઊછળી ઊછળી હ્રદય મુજ તે
-જતું છે વારી વારી શું ! ગયો ઓવારી **હરિ** પર જે.

રમ્યાં કરવું હ્રદય મનથી **હરિ**ની સાથ કેવું તે
-હ્રદય-આનંદ-આહ્‌લાદતણી સીમા ન ત્યાં રહે છે !

ગમે તેટલો ભલેને હો, હ્રદયનો પ્રેમ ઊભરાતો
**હરિ**ને વહાલ કરવામાં પડે છે તે છતાં ઊણો.

બહુ બહુ રીતથી **હરિ**ને કર્યાં કરું વહાલ ભરી ભરી દિલ,
**હરિ**ના પ્રેમની આગળ ન બિંદુ એક પણ માત્ર.

હરિઃૐ

# हरिની ભાવનાકેરી

'**हरि** લલકારી, લલકારી **हरि**, **हरि** બૂમ પાડીને,
**हरि** પોકારવાનો છે', જીવનક્રમ શો અમારો તે !

**हरि**, **हरि** માત્ર ઉચ્ચાર કંઈ તે શબ્દના ના છે,
**हरि**ની ભાવનાકેરી, હૃદયમાં ધારણા ત્યાં છે.

**हरि** પર તેથી હૈયામાં શું અઢળક હેત છૂટે છે !
નીરખતાંમાં **हरि** સજ્જડ નયન ચોંટી જતાં શાં છે !

**हरि**, **हरि** શો નિરંતર તો હૃદયથી શબ્દ નીકળે છે !
**हरि** એ શબ્દ રણકારે સમાતો હર્ષ દિલ ના છે.

હરિઃૐ

# हरि, મોંઘામૂલો હીરો

**हरि**, મોંઘામૂલો હીરો, નયનનું નૂર અમારું છે,
જીવન સર્વસ્વનું ચેતન **हरि** પ્રત્યક્ષ પોતે છે.

સમર્પાતાં જીવન લાખ **हरि** તેથી ન મૂલવાતો,
મૂલવવાને કશી શક્તિ ન કોઈની જગતમાં છે !

સકળ બ્રહ્માંડમાં પૂર્ણ અદ્વિતીય **हरि** શો છે !
નર્યો સંપૂર્ણ, સંપૂર્ણ, અધિકતર તેથીયે શો તે !

**हरि**માં દિલ સંપૂર્ણ ભળી, મળી, જ્યાં જતું ગળી છે,
મજા તેવા જીવનની તો *ન વર્ણ્યાથી જણાયે છે.

* રસીલી, રંગ ચકચૂર છે.

હરિઃૐ

## જીવનનો પ્રાણ **हरि** શો છે !

**हरि**, **हरि** સાદ પાડીને મજા લલકારવામાં જે
-હૃદયને જે પડે, તેનું કરું વર્ણન હું શી રીતે ?

‘જીવનનો **પ્રાણ हरि** શો છે !’ શું વર્ણન તે ટૂંકુંટચ છે !
સકળ બ્રહ્માંડથીયે દૂર **हरि** વિસ્તાર ન્યારો છે !

**हरि** જેમાં અને તેમાં વસેલો ગૂઢ ભરપૂર છે,
**हरि**માં જેનું સંપર્ણ નર્યું દિલ, નીરખે **हरि** તે.

શું એવાંને વખા કેવા જબરજસ્ત પડાવે છે !
પૂરો નિર્દય, છતાં કોમળ **हरि** જેવો ન કોઈ છે !

હરિઃૐ

## हरिनी ઓથને લીધે

**हरि**ની ન્યાત જાત જ ના, **हरि**નો વર્ણ કોઈ જ ના,
**हरि**નો રંગ કોઈ જ ના, **हरि** નોખો બધાંથી છે.

શી અમર્યાદ સ્વતંત્રતા **हरि**ની એકલાની છે !
**हरि**ની ઓથને લીધે જીવનમાં ગર્જતો શો જે !

કશુંક કંઈ પણ થતાં મુજને **हरि**ને બૂમ પાડીને,
હું તુરતાતુરત બોલાવું રહેવા મારી તે પડખે.

હજારો રીતનાં નખરાં અનેકે વિધ **हरि**નાં છે !
કઈ રીતથી કશું ક્યારે કરે કોઈ ન જાણે તે.

હરિઃૐ

# **हरिની લગની કેવી તે !**

‘**हरि**, **हरि** બૂમ પછવાડે **हरि**ની લગની કેવી તે’,
**हरि**ની બૂમમાં તેનો પડે પડઘો ઊંડેરો જે.

ચલાવે સર્વ બ્રહ્માંડ, શરીરયંત્ર ચલાવે તે,
છતાં **एवा** **हरि**નોયે ન કોઈ ભાવ પૂછે છે !

કદી પણ કોઈનેયે તે વિસારે મૂકી **हरि** ના દે,
છતાં કૃતઘ્ની શાં લોક **हरि**ને તો વિસારે છે !

**हरि** પોતે બધાંનામાં છતાં **हरि**ને જરા સરખું
-કશું કોઈ ન જાણે છે, મહા અચરજ નર્યું કેવું !

હરિઃૐ

## हरि, हरि, શબ્દ સંભળાતાં

**हरि, हरि** શબ્દ સંભળાતાં ઊછળતું સુખ ઊછળે છે,
હૃદય આરામ-નયનનોયે, શું અપરંપાર વહાલો તે !

શું નૌતમ નિત્ય લટકાળા **हरि**ના ચેનચાળા છે !
હૃદય, આંખો, બધાં અંગો બની મુગ્ધ જ ગયેલાં છે.

સતત નીરખ્યાં જ કરવાનું હૃદય એકીટશે નયને,
જીવનનું શ્રેષ્ઠ કર્તવ્ય હૃદયથી પ્રાણપ્યારું છે.

**हरि, हरि** દિલ ગુંજારવ સતત કેવો થતો રહે છે !
મધુર, મધુરો, હૃદય લાગે, શું આકર્ષણ જમાવે છે !

હરિઃૐ

## અકથ્ય દિલ આનંદ

અકથ્ય દિલ આનંદ '**हरि, हरि**' શબ્દ સાંભળતાં,
હૃદય મુજ તે ઉતારાતાં, શરીર રોમાંચ ઊગે છે.

'**हरि, हरि**' બૂમ પાછળ તે હૃદય કેવું ધબકતું છે !
વિના અનુભવ ન કોઈને કશી પહેચાન એની છે.

**हरि, हरि** દિલથી મારે સતત વાગોળવાનું છે,
જીવન સત્ત્વતણો લહાવો જીવન તે મહાલવાનો છે.

**हरि, हरि**ના સ્મરણકેરો પડેલો મહાવરો જે છે,
જીવંતા મહાવરાએ તે નવી દુનિયા બતાવી છે.

હરિ:ૐ

# હરિના પ્રેમ આગળ તો

**હરિ**, **હરિ** બોલતાંવેંત હ્દય ઉન્માદ વર્ષે છે,
હ્દય તે હર્ષની વાત શી અપરંપાર મૌલિક છે !

જગતનો ઉત્તમોત્તમ હો હ્દય આનંદ શ્રેષ્ઠ જ તે,
**હરિ** સ્મૃતિના જ આનંદે ગણતરી ના કશામાં છે.

**હરિ**ના પ્રેમ આગળ તો જગતનો પ્રેમ તુચ્છ જ છે,
**હરિ**ની દેખ-સંભાળ શી ચઢિયાતી બધાંથી છે !

**હરિ**, **હરિ** યાદ આવે છે શું વારંવાર હ્દયે તે !
**હરિ**ને વહાલ કરી કરીને હવે તો જીવવાનું છે.

હરિ:ૐ

## લગામ મુજ જીવનરથની

**हरि** વિના પલક પણ શું હવે તો ના જિવાતું છે !
**हरि** વિના જીવન નભવું કદી પણ શક્ય તે ના છે.

**हरि** વિના જીવન ટકવું, જીવન જીવવું બને ના તે,
**हरि** શો **एक** છે માત્ર જીવન આધાર જીવવાને !

સ્મરણભક્તિ **हरि**નાથી જીવનનું સર્વ ચાલે છે,
લગામ મુજ જીવનરથની શી સંભાળી લીધેલી છે !

પૂરેપૂરો બધી રીતે હતો અનાથ સંસારે,
**हरि**ની ઓથથી કેવો સનાથ હું થયેલો જે !

હરિઃૐ

# **हरि**ને વહાલ કરવાનું

નધણિયાતો હતો હું તો, ન જેનો ભાવ પુછાતો,
**हरि** તુજ માત્ર ટેકાથી મને આગળ **તેં** આણ્યો શો !

**हरि** તુજ કેટલા કેવા, મહદ ઉપકાર મુજ પર છે !
ગણાયા ના ગણાયે તે, હું ઓશિંગણ છું તારો જે.

**हरि, हरि** દિલ પોકારી, **हरि** સ્મૃતિમાં નિરંતર તે
-હૃદય પલળી, પલાળીને કર્યાં કરું સ્નાન જીવનમાં.

**हरि**ને વહાલ કરવાનું હૃદયના મોકળા મનથી,
ઊછળતો દિલ ઉમળકો થયા કેવો કરે દિલથી !

હરિઃૐ

# ‘हरि, हरि દિલપોકારો’

**हरि**, **हरि** દિલથી ઉન્મત્ત બને પોકારવાનું તે,
**हरि** પર વારી વારીને અમે જઈએ હૃદયથી જે.

**हरि**ને યાદ કરી કરીને જીવન જીવતા રહ્યા છીએ,
**हरि** સ્મૃતિમાં જ સર્વસ્વ સમાયું અમ જીવનનું જે.

**हरि** વિના અમે ખાલી રહીએ શા ખરેખર તે !
**हरि** વિના જ અસ્તિત્વ, જીવનનું ના કશું પણ છે.

‘**हरि**, **हरि** દિલપોકારો’ જીવન નક્કર કમાણી છે,
**हरि**, **हरि** માત્ર રણકાર ખરે ! અમને જિવાડે છે.

હરિઃૐ

## हरिनी છત્રછાયામાં

**हरि**ને વહાલ કરવાનો જીવન ઉત્સવ શું પ્રગટ્યો છે ?
**हरि** શો શબ્દ સર્વોત્તમ જીવન લહાણી અમારો છે !

હૃદયની દિલચસ્પીથી **हरि**ને ભેટી ભેટીને,
નિરંતરની ઘડીપળનો જીવન લહાવો અમારો છે.

**हरि, हरि** શબ્દ પ્રગટાવે હૃદય આનંદની છોળો,
બધું નાચી ઊઠે ત્યારે, જીવન સૌભાગ્ય તે કેવું !

**हरि**ની છત્રછાયામાં નિરંતરનું જ જીવવાનું,
અનુભવની મજા શી તે ! પિછાણી કોણ શકવાનું ?

હરિઃૐ

# हरिના સ્મરણનો ભક્ત

**हरि, हरि** બોલવાથી તો જીવન જે મહાલવાનું છે,
થયા વિના અનુભવ જે શકાવાનું ન સમજી તે.

**हरि**ના સ્મરણનો ભક્ત થયો સંપૂર્ણ જીવન જે,
**हरि** લલકારવાકેરી લહેજત શી અનુભવશે !

**हरि** ઉચ્ચારવામાં જે હૃદય આનંદ જન્મે છે,
**हरि**નો ભક્ત જે માત્ર અનુભવી દિલ મહાલે તે.

**हरि, हरि** દિવ્ય રણકાર જીવન વ્યાપી ગયેલો છે,
નશો એનો ચઢેલો છે અમારા **આ** જીવનમાં તે.

હરિ:ૐ

## મદદગાર हरि જેવો

મદદગાર **हरि** જેવો જીવન કોઈ બીજો ના છે,
સમર્થ મેળવી એવો થયો બડભાગી કેવો તે !

**हरि** વહાલો જીવનમાં શો જીવનના **प्राण**થીયે છે !
જીવનનો શો **हरि**, **हरि** તે શું શ્વાસોશ્વાસ મારો છે !

ગતિ સઘળી જીવનની તે **हरि**નાથી જ ચાલે છે,
**हरि** જેમાં અને તેમાં જીવનમાં શ્રેષ્ઠ અમને છે.

જીવનથીયે **हरि** અમને અધિક વહાલો રસિક શો છે !
જીવન અર્પણ કરંતાંયે **हरि** ના મૂલવાતો છે.

હરિઃૐ

## ‘શું ઉદ્ધારક મૂળે તે છે !’

‘**हरि**ને અર્પીએ શું શું ?’ ઉમળકો દિલ જાગે તે,
બધું અર્પઈ જતાં, તોયે થતો સંતોષ દિલ ના તે.

**हरि**ના શબ્દની કેવી હૃદય બલિહારી ન્યારી છે !
**हरि**ના સ્મરણમાં મસ્તી જીવનમાં તેથી લાગી છે.

**हरि**ની ભાવના જીવન અસ્ખલિત જ્યાં વહેતી છે,
બધું રળિયામણું લાગે ચમત્કારિક જીવનમાં તે.

‘**हरि,** કેવો જીવનકેરો શું ઉદ્ધારક મૂળે તે છે !’
પ્રયોગે ને અનુભવથી કરાવ્યું સિદ્ધ તે **एणे**.

હરિઃૐ

## हरिની યાદગીરીથી

**हरि**ની યાદગીરીથી હૃદય મહોબત થયેલી છે,
હૃદય મહોબતના કારણથી હૃદય સંબંધ પ્રગટ્યો છે.

હૃદય સંબંધને લીધે નજીક દિલ દિલ પરસ્પર છે !
પરસ્પરના પરિચયમાં હૃદય આવી શકાયું છે.

શી દિલ દિલના જ મિલનમાં મીઠાશ ખુશબોની જે,
શી દિલની મસ્ત દિલચસ્પી ચમત્કારિક જગવે છે !

શી રેલમછેલ રસની છે ! પ્રવાહ ગતિ શી પ્રચંડ જ છે !
બધી ઓળંગી મર્યાદા જતો શો આરપાર જ તે !

હરિઃૐ

## हरिની ભક્તિમાં રાચી

**हरि**માં પક્વ સંપૂર્ણ હૃદય નિષ્ઠા જમાવીને,
**हरि**ની ભક્તિમાં રાચી, જીવન જીવવાનું મારે છે.

પરંતુ પહોંચતાં એવી ભૂમિકા પર, ખરેખર તે
-પૂરેપૂરો જ દમ મારો નીકળી કેવો ગયેલો છે ?

કદીક કેવો હું છોલાયો ! કદીક કેવો હું પસ્તાયો !
હું રગદોળાયો સંપૂર્ણ, તને તોયે ન છોડાયો.

ગમે તેવી ભૂમિકામાં વળગી વળગી તને હૃદયે,
હૃદય તુજ સાથ રાખીને જીવનગાડું ચલાવ્યું છે.

હરિઃૐ

## हरिની સાથ ગોષ્ઠિથી

**हरि**ની સાથ ગોષ્ઠિથી હૃદય સગપણ થયેલું છે,
હૃદય સગપણના નાતાથી તને થયું ભાંડવાનું છે.

કદીક ખિજાયો તુજ પર છું, કદીક ગુસ્સે થયેલો છું,
કદીક રિસાયો તુજ પર છું, છતાં સંપૂર્ણ તારો હું.

તને નિજનો જ સંપૂર્ણ હૃદય ધરી પ્રેમના નાતે,
ગમે તેમ વર્તવા છૂટ બધી તુજ સાથ લીધી છે.

વિવેક અવિવેકતણું કદીયે કંઈ ના ભાન રાખ્યું છે,
છતાં તુજને ડહાપણથી રીઝવવા દિલ લાગ્યું છે.

હરિઃૐ

# **હરિ**માં ઓતપ્રોત જ દિલ

હૃદયમાં ગેલ કરવાની **હરિ** સાથે, મજા શી તે !
અનુભવ તે વિનાનાને સમજ તેની ન કંઈ પડશે.

ગતકડાં શાં **હરિ** સાથે હૃદય કરવાની મસ્તી જે
-હૃદય ખેલકૂદ કરવાનો હૃદય આનંદ રસીલો છે !

કદીક નાચું, કદીક રાચું, હૃદય **હરિ**ને ગ્રહી ગ્રહીને,
હૃદય એવી શી મસ્તીનો અનુભવ કોઈ જુદો છે.

**હરિ**માં ઓતપ્રોત જ દિલ થતાં જઈ, ભાવ પ્રગટે જે,
જીવન સંપૂર્ણ તેથી તો થતું તે કૃતકૃત્ય જ છે.

હરિઃૐ

# हरि, हरि બૂમ પાડીને

**हरि, हरि** બૂમ પાડીને હૃદય લલકારવાની જે
-લહેજત દિલ પડેલી તે, ન છાની તે પડી રહે છે.

બુમાટો કોઈક ને કોઈ પ્રકારે શો પડાવે તે !
હૃદયમાંના ઊંડે ઊંડે પ્રદેશેથી જ નીકળે તે.

જગા એક્કેય તે બાકી ન ક્યાંયે તે રહેવા દે,
બધે ભીંજવી જ ભીંજવી તે બધું હરિયાળું બનવે છે.

બિછાવી લીલીછમ ચાદર નયન ચમકાર લાવીને,
નયન સૌંદર્યથી ભરપૂર ભરી કેવાં જ દે છે તે !

હરિઃૐ

# **हरि, हरि** સાદ દઈ દઈને

**हरि, हरि** સાદ દઈ દઈને શું અંતરમાં નિમંત્ર્યો છે !
જીવનની ભૂમિકા એવી નિમંત્રીને બિછાવી છે.

**हरि** તો એમનો એમ ન આવીને બિરાજે છે,
બધી શી જોઈતી યોગ્ય વ્યવસ્થા કરવી પડતી છે !

કશુંયે યદ્વાતદ્વા તો ન **ए**ને ચાલતું તે છે,
બધો શો રાજદરબારી ખપે છે ઠાઠ તો **ए**ને !

શી **ए**ની દેખભાળ જ તો સતત દિલ રાખવી પડતી !
સરતચૂક સહેજ પણ પડતાં નયન રાતાં થતાં **ए**નાં.

હરિઃૐ

# ‘हरि, हरि’ નાદનો મંત્ર

**हरि, हरि** દિલમાં પડઘો પડી પડી સંભળાયે છે,
હૃદય ભણકાર ચેતંતાં હૃદય ધબકાર જગવે છે.

**‘हरि, हरि’**, નાદનો મંત્ર હૃદય શો માત્ર ગુંજે છે !
હૃદયમાં ગાંડપણ કેવું કરી પેદા જ તે દે છે !

**हरि** વિના બીજું કાંઈ ન અસ્તિત્વ જીવનમાં છે,
**हरि**ના એકલા માટે જીવન સર્વસ્વ મારું છે.

**हरि**ના છંદનો રંગ જીવન રંગાઈ ગયેલો છે,
બધા તાણા અને વાણા વણાયા એકસૂત્રે છે !

હરિઃૐ

## જીવન સદ્‌ભાગ્યની ઉષા

**हरि**ની એકલાની દિલ મને માયા શી વળગી છે !
**हरि**માં ને **हरि**માં તે હૃદય તરબોળ રાખે છે.

હૃદય મિજબાની તે **हरि**ની જીવનમાં ચાખવા મળી જે,
કૃતાર્થ તે અનુભવતાં જીવન મારું થયેલું છે.

બધું મળવાનું જીવનનું હૃદય મળી તે ચૂકેલું છે,
જીવન સદ્‌ભાગ્યની ઉષા ખીલી કેવી ઊઠેલી છે !

નરી સૌંદર્યની આભા જુદા જુદા જ રંગે તે
-ગગનમાં શી છવાઈ છે ! શું લહાવો છે નીરખવાને !

હરિઃૐ

# હૃદય તત્પર હું સંપૂર્ણ

**हरि** નિમંત્રવા કાજે હૃદયમાં કોડ જાગ્યા જે,
પડી તૈયારીમાં તેની કદી નવરો પડ્યો ના તે.

હૃદય તત્પર હું સંપૂર્ણ થઈ શું સજ્જ બધી રીતે !
નીરખી નીરખી હૃદય રાહ નયન ફાટી ગયેલાં છે.

હૃદય ઉત્સુકતાની શી ગતિશીલતા અપાર જ છે !
નીરખવામાંયે આનંદ શું અપરંપાર ઊછળે છે !

**हरि, हरि** એકલો નાદ ન તે છે નાદ માત્ર જ જે,
હૃદય પેટાવવા નિજની શી શક્તિનો જ પડઘો તે !

હરિઃૐ

# हरि જીવનનો સ્વામી છે

**हरि** જીવનનો સ્વામી છે, નિયંતા પણ જીવનનો છે,
લીધી શરણાગતિ, તેની બધી સંભાળ રાખે છે.

જીવનનો કારભાર જ શો ખભા પર તે લઈ લે છે !
હૃદય નિશ્ચિંત સંપૂર્ણ શરણ જનને બનાવે છે.

હૃદય નિજ ભક્તનો ભાર ઉપાડી શો **हरि** લે છે !
**हरि** નિજ ભક્તને હળવો બધી રીતે બનાવે છે.

**हरि** કેવો કરુણાળુ હૃદય નિજ ભક્તની પર છે !
જીવનની સાર સંભાળ **हरि** લેતો બધી રહે છે.

હરિઃૐ

# **હરિ** સાથે પડ્યાં પાનાં

**હરિ** સાથે પડ્યાં પાનાં જીવનનાં શાં અમારાં તે !
પડે સાચવવું ક્યાં કેવું જીવન કર્તવ્ય તે અમ છે !

હૃદય તત્પર રીઝવવાને **હરિ**ને દિલ ઉમળકો છે,
'કઈ રીતે થશે રાજી' હૃદય ચિંતવવું તે રહે છે.

થતાં કંઈ દોષ લેવામાં **હરિ** સંભાળ બાબતમાં,
ભયંકર કારમો ઊંડો પડે શો ધ્રાસકો દિલમાં !

હૃદય ત્યારે શું વીનવીને **હરિ** પાયે પડી લળીને,
હૃદય પ્રાર્થું હું કરગરીને જતો કરવા, શરણ જનને.

હરિઃૐ

## **हरि**ના ભક્તને કોઈ

અમારે ને **हरि**ને તો હવે છેટું રહ્યું ના છે,
સમાંતરમાં **हरि** સોબતતણી નજદીક ઊભેલો જે.

**हरि**ની યોગમાયાની લીલા જીવનની નીરખીને,
હવે આશ્ચર્ય કંઈ પણ દિલ થતું ના તે વિશે મુજને.

શી બાજીગરની બાજી સૌ પ્રીછી લે ભોમિયો જે તે,
**हरि**ના ભક્તને તેવું ખરેખર તો જીવનમાં છે.

**हरि**ના ભક્તને કોઈ કશી વાતે ન ચિંતા છે,
જીવનની સર્વ બાબતમાં **हरि** ગમ દૃષ્ટિ રાખે તે.

હરિઃૐ

# **हरि**ની પર ભરોંસો દિલ

જીવનમાં મેળ પાડીને **हरि** હાથે, **हरि** સાથે,
રહી સાવધ શું સંપૂર્ણ **हरि**માં ખેલવાનું છે.

જીવનમાં ખેલતાં, રમતાં **हरि**ની ભક્તિથી હૃદયે,
થવા સાવધપણું કાંઈ હવે તો ના રહેલું છે.

હૃદય નિશ્ચિંતતા માત્ર પૂરેપૂરી ખીલેલી છે,
**हरि**ની પર ભરોંસો દિલ, નર્યો સંપૂર્ણ બેઠો છે.

**हरि** સાચવશે જીવનને, હૃદય જાગ્રત રખાવીને,
**हरि** રમાડશે બાજી, હશે યોગ્ય જ રીતિથી જે.

હરિઃૐ

# हरि દૈવત જીવનનું તે

અમારે ખેલવું, કૂદવું જીવનમાં સૌ **हरि** હાથે,
નચાવે ને કુદાવે જે, થવા દેવાનું, તેવું છે.

**हरि**એ તો છતાં બુદ્ધિ કૃપાથી ભેટ બક્ષી છે,
**हरि**ની પ્રેરણા રીતે જીવનમાં વર્તવાનું તે.
હૃદયની

હૃદયની પ્રેરણા પણ તે શી પ્રજ્ઞામાંથી નીકળે છે !
જીવન સંપત્તિમાં માત્ર **हरि** પ્રત્યક્ષ નક્કર છે.

**हरि** વિના બીજી કોઈ ન લક્ષ્મી શક્તિ જાણી છે,
**हरि** દૈવત જીવનનું તે, જીવનનું પ્રાણ તત્ત્વ જ છે.

હરિઃૐ

# હૃદય સન્મુખ સતત हरिને

**हरि, हरि** બૂમ લગાવાની જીવન આદત પડી ગઈ છે,
ન આદત માત્ર આદત તે, હૃદય અભ્યાસ એવો તે.

સતત અભ્યાસના જોશે પરોવાઈ ગયું દિલ છે
-**हरि**માં કેવું સંપૂર્ણ ! વરી ચૂક્યું **हरि**ને છે.

સતત **हरि**ને નીરખવાનો હૃદય ઉન્માદ વ્યાપ્યો છે,
નયનની મીટ અણમીંચી શી ત્રાટક સમ રહેલી છે !

પલક પણ તે વિના નીરખ્યા નયનને ચાલતું ના છે,
હૃદય સન્મુખ સતત **हरि**ને ધરી ધરી દિલ રાચે છે.

હરિઃૐ

## हरि મુજ प्राण શક્તિ છે

**हरि** મુજ **प्राण** શક્તિ છે, **हरि** મુજ આત્માનું બળ છે,
જિગર રસીલું **हरि** મુજ છે, અમી દિલનું **हरि** મુજ છે.

ઊછળતું વહાલ કરવાને **हरि** શું મારું સાધન છે !
**हरि** વિના પલક પણ તે ચલાવી ના શકાતું છે !

હૃદયથી પ્રાણપ્યારો છે, જીવન અમૃત **हरि** મુજ છે,
**हरि**ને ઓળખી લેતાં કશી ના વાર લાગી છે.

પરંતુ દિલ ભક્તિ જ્યાં **हरि** પર ઊભરેલી છે,
હૃદયની ભક્તિને લીધે **हरि** પરખાઈ ગયેલો છે.

હરિઃૐ

## हरि, हरि યાદ કરતો છું

**हरि**, **हरि** યાદ કરતો છું સ્મરણ કરીને, સ્મરણ કરીને,
**हरि** પધરાવવા યોગ્ય હૃદય મખમલ બિછાવ્યું છે.

સરંજામ બધો યોગ્ય **हरि** લાયકનો મુજ હૃદયે
-**हरि**ને બેસવા કાજે બધો તૈયાર સજ્યોં છે.

નયન ફાડી જ બેઠો છું, નયનથી રાહ જોઈને,
હૃદય વાગે જ ભણકારા **हरि** આવનના પડઘા જે.

ભૂમિકાનો બધો યોગ્ય **हरि** લાયકનો જે સાજ,
હૃદય તૈયાર રાખીને, નીરખતો રાહ બેઠો જ.

હરિઃૐ

# हरि સ્મરવાની તે લતથી

**हरि** લલકારવા કેવો હૃદયનો ભાવ ઊછળે છે !
**हरि** સ્મરવાની તે લતથી જીવન જીવવાનું ગમતું છે.

જીવન જીવવા સ્મરણ માત્ર હૃદય ઉપયોગી નીવડ્યું છે,
જીરવવા તે નશો દિલમાં ભૂમિકા પક્વ બનવી છે.

ભૂમિકા યોગ્ય તે કરવા સૂઝેલા સાધનાભ્યાસે
-વળગી વળગી રહી હૃદયે ચરણમાં માથું ઢોળ્યું છે.

ચરણ શરણાગતિ પાકી થતાં, શી ભૂમિકા બનતી !
પછી મુજ યોગનું ક્ષેમ ચલવતો શો **हरि** દિલથી !

હરિઃૐ

## વ્યસન હરિભક્તિનું માત્ર

**हरि, हरि** સ્મરણની હૃદયે શી તીવ્ર ઘેલછા થઈ છે !
**हरि, हरि** સ્મરણની ધૂન સતત સંભળાતી શી રહે છે !

**हरि**નો માત્ર સંભળાતો હૃદય રણકાર ગુંજંતો,
હૃદય આનંદનો ઊભરો ઉછાળો મારતો શો છે !

**हरि** સ્મરવાનો દિલમાંનો ઊંડો અભ્યાસ પાડ્યો જે,
સમગ્રે ને સળંગે તે હૃદય ચેતેલ રાખે છે.

**हरि**ના ગુણ ધર્મોને જીવન અવતારવા કાજે,
વ્યસન **हरि**ભક્તિનું માત્ર ખરું ઉપયોગી સાધન છે.

હરિ:ૐ

# **हरि** શિરતાજ, બેલી શો !

**हरि**માં લગાડવા ચિત્ત સ્મરણમાં દિલ લગાડીને,
સ્મરણ પાછળ પડી પડીને, સ્મરણમાં મન મનાવ્યું છે.

**हरि**ની એકલાકેરી હૃદય ચેતાવી મમતા છે,
**हरि**નું એકલું માત્ર નગદ ચિંતવવું ચાલે છે.

રટણની શી લઢણ લાગી ! હું પોકારું **हरि**, **हरि** તે,
**हरि**નું ધ્યાન ધરી ધરીને, **हरि**માં ચિત્ત પ્રોયું છે.

**हरि** મારો ધણીધોરી, ન કોઈ એની તોલે છે,
**हरि** શિરતાજ, બેલી શો ખરેખર મુજ જીવનનો છે !

હરિ:ૐ

# હરિનું નામ લેવાથી

'**હરિ, હરિ** માત્ર ઉચ્ચાર્યે દી' વળવાનો કહીંથી છે ?',
બક્યા એવું જતા છોને વિચાર્યા વિણ ભલે જે તે.

**હરિનું** નામ લેવાથી કંઈક ભક્તો તરેલા છે,
સ્મરણ, કીર્તન-ભજનભાવે ચરણસેવા શી પામ્યા છે !

નિરંતરનો થતાં શબ્દ, તહીં આકાશનું તત્ત્વ,
ખીલીને મોખરે પ્રગટી, શું પ્રગટાવે જ આનંદ !

**હરિ** વહાલાતણું એવું સ્મરણ રસીલું જીવનમાં જે
-સ્મરણ અભ્યાસથી ઊગી ભૂમિકા શી પકાવે છે !

હરિઃૐ

# हरिस्मृति હૃદય મુજને

સ્મૃતિ **हरि**ની હૃદય મુજને સહજતાથી જ સ્ફુરતી છે !
શરીરની વેદના વિશે ટકાવી કેવું રાખે છે !

શરીર **આ** દોદળું સાવ, શું ખાલી કોથળા સમ છે !
સ્મૃતિ **हरि**ની હૃદય મુજને અનુપમ શક્તિ પ્રેરે છે.

શરીરની સર્વ હિલચાલ શરીર શક્તિ ન ચલવે છે,
**हरि**ની શક્તિથી તે તો શરીર ચાલી રહેલું છે.

**हरि**ની સહાય વિનાનું ડગલું પણ ના ભરાતું છે,
સકળ આધાર સર્વોચ્ચ ખરો મારો **हरि** શો છે !

હરિ:ૐ

## જીવનનો માત્ર આધાર

જીવનનો માત્ર આધાર બધો **हरि** પર અમારો છે,
**हरि** સંબોધી, **हरि**ને સૌ બધું સોંપી દીધેલું છે.

પ્રભુપ્રીત્યર્થના ભાવે હવે સૌ કર્મ મળતાં જે,
નિવેદીને, સમર્પીને કર્યાં કરવાનું રાખ્યું છે.

નિવેદન ને સમર્પણનો જીવનનો યજ્ઞ ચાલુ છે,
અખંડિત યજ્ઞની જ્વાળા જીવન ઉજ્જ્વળ બનાવે છે.

અખંડિત યજ્ઞનો મહિમા જીવનમાં ફૂટી નીકળે છે,
ભભૂતી યજ્ઞની, જીવન સુશોભિત શું બનાવે છે !

હરિઃૐ

## જીવન કિરતાર हरि તું છે

**हरि** તુજ નામની મસ્ત ફકીરી દિલ ધારી છે,
અમે અડબંગ સંપૂર્ણ જીવનના ભેખધારી તે.

સ્મરણનો ભેખ લીધો છે, સ્મરણનો શોખ ધાર્યો છે,
સ્મરણ લગની લગાડી છે, સ્મરણનો રસ જીવનમાં છે.

શરણ ચરણે ઢળેલો જે, ન કંઈ અભિલાષ મનમાં છે.
ચરણ ઠરવાની આશ જ છે, જીવન કિરતાર **हरि** તું છે.

જીવનની તું કમાણી છે, જીવનની આમદાની છે,
પતિતની છાવણી તું છે, શરણ જનનો તું આશ્રય છે.

હરિઃૐ

# **हरि** મુજ એકલો સ્વામી

જીવનના પ્રેમ અમૃતના ખરેખર ઘૂંટડા **हरि** છે,
રસામૃતનું સરોવર તો છલોછલ તે ભરેલો છે.

રસેશ્વર શો **हरि** પાછો ! ન જોટો ક્યાંય મળતો છે,
**हरि** એવો સકળ જીવનતણાં ચણતર ને પાયો છે.

**हरि** લીધે ઊભો કેવો ખબરદારી ટટારીથી,
જગતમાં તો રહેલો છું ! **हरि**ની મહેરબાની શી !

**हरि** મુજ એકલો સ્વામી, સ્વયંભર્તા જીવનનો છે,
મને આળોટવું પદમાં ગમે આઠે પ્રહર દિલ તે.

હરિઃૐ

# હરિ ચેતનતણી લીલા

**હરિ**ની દિવ્ય લીલાનું મહા અદ્‌ભુત શું દર્શન તે !
અણુ અણુમાં જ ખેલે છે, છતાં પણ દૃશ્યમાં ના તે.

રહેલો શો બધાં વિશે, બધું **હરિ** ચેતનાથી તે
-નિરંતર ચાલતું રહે છે ! પિછાણે ના છતાં **તેને**.

**હરિ** ચેતનની લીલાથી થતા રહે ફેરફાર જ શા !
બધાંનાં રૂપ ને રંગ જ, નર્યાં રહે છે શું બદલાતાં !

**હરિ** ચેતનતણી લીલા ભમાવે ચાકડે નિજને,
બધાંને એકધારાં **તે**, છતાં પોતે અગમ્ય જ છે.

હરિઃૐ

# हरिलीलातणો રાસ

જીવનમાં ઊર્ધ્વ શિખરની પરંપરા શી ગૌરવમય,
જીવનની દિવ્ય સમૃદ્ધિ ખીલેલી પુરબહારે ત્યાં.

પૃથ્વી, જળતત્ત્વને લીધે પ્રકૃતિ ભોગ ભોગવતી,
પ્રકૃતિનો હવે ભોગ અનેરો દિવ્ય રીતેથી.


સકળ અસ્તિત્વ ભરી ભરીને જહીં આકાશ ને તેજ-
તણું ઊર્ધ્વે મહત્ત્વ જ છે, પ્રદેશ કોઈક ન્યારો તે.

**हरिलीला**તણો રાસ રમાતો છે તહીં ઊર્ધ્વે,
રસીલી કથનીની હકીકત તે ન સમજાશે.

હરિઃૐ

## ખંડ - ૪

# સદ્ગુરુ



સતત પુરુષાર્થના યજ્ઞે રહેવાયું જ મંડ્યા તે,
કૃપા કેવી શ્રીસદ્ગુરુની હૃદય ત્યારે જણાઈ છે !

હરિઃૐ

# સમર્થ સદ્‌ગુરુ

સમર્થ સદ્‌ગુરુ તારા સમો કોઈ ન બીજો છે,
અકળ કોઈ રીતે કેવો મને **તેં** શોધી કાઢ્યો છે !

જુદી જુદી રીતે મુજને કંઈક સાધન બતાવ્યાં છે,
કરંતો તે થતાં, પાછાં નવાં સાધન કરાવ્યાં છે.

કંઈક તો ગૂઢ સાધન શાં રહસ્ય જેનું બુદ્ધિયે
-ઊંડી તેજસ્વી છો હોયે, છતાં સમજી શકે ના તે !

હૃદય એવાં બધાં સાધન હતાં અતિ ગૂઢ તે વિશે,
પ્રવેશાવી શું અંદરનું રહસ્ય ખુલ્લું કીધું છે.

હરિઃૐ

# બીજો ના સદ્‌ગુરુ કોઈ છે

**हरि** તારા સમો ન્યારો બીજો ના સદ્‌ગુરુ કોઈ છે,
જીવનમાં **તેં** જુદા જુદા મને પાઠ જ ભણાવ્યા છે !

કદીક **તેં** દિલ ઠપકાર્યો, અને આંસુ પડાવ્યાં છે,
'કરુણા તે હતી તારી', હૃદય સમજાવી દીધું તે.

કરી કરી આત્મનિવેદન ચરણ દિલ ઠાલવેલું છે,
હૃદય સંબંધ તે રીતે **हरि** તુજ સાથ બઢવ્યો છે.

છતાં નાદાનિયતથી શું હૃદય ખોટું લગાડ્યું છે,
પછીથી દિલ ડહાપણનો નર્યો દરિયો જ ઊછળ્યો છે.

હરિઃૐ

## **સબળ તુજ હાથ માથે છે**

કદીક શો કામ ક્રોધાદિતણા ઊંડાં વમળમાં તે,
પૂરો સપડાઈ ગયેલો ને તણાવાયું તહીં પણ છે.

પૂરું ત્યાં ખોઈ બેઠો છું સમૂળું ભાન અંતરનું,
પછી ઊઠવાતણો વારો શી રીત આવે કહીંથી શું ?

તહીં કર મુજ સદ્‌ગુરુએ ગ્રહી ખેંચી જ લીધો છે,
કળણમાંથી ઉપર આણી ફરી રસ્તે ચઢાવ્યો છે.

અનેકે વાર **તેં** મુજ પર કૃપા એવી જ કીધી છે,
અનુભવની પ્રતીતિ કે ‘સબળ તુજ હાથ માથે છે.’

હરિ:ૐ

## થયાં સાધન શું સદ્ગુરુ શાં !

જીવનમાં માર્ગ શોધી પણ અમારે કાઢવાનો છે,
કશી માહિતી ના તેની, પૂછી પૂછી પહોંચવાનું છે.

વળી જે પૂછવાનું છે, બહારે પણ ન કોઈને,
શું અંતર ભોમિયાકેરી સલાહે વર્તવાનું છે !

સ્મરણ, કીર્તન, ભજનભાવ, નિવેદન ને સમર્પણના,
ઊગ્યાં સાધનના અભ્યાસે શી પાકી છે ભૂમિકા ત્યાં !

ભૂમિકા ઊર્ધ્વતમ પક્વ થતી ગઈ જેમ જીવનમાં,
નવા માર્ગ જ ગયા સૂઝતા, થયાં સાધન શું સદ્ગુરુ શાં !

હરિઃૐ

# થવાનું ખુલ્લું પળપળ છે

થયેલા સાવ ખુલ્લા હો શ્રીસદ્‌ગુરુની પરત્વે જો,
જીવંતી ભાવના તેવી શી ધબકતી રહેવાની !

પળેપળની જ અભિમુખતા કદી ખંડિત થવાની ના,
શ્રીસદ્‌ગુરુની પરત્વે તો શું મશગૂલ દિલ રહેવાતાં !

'થવાનું ખુલ્લું પળપળ છે, જીવનનું ધ્યેય જો તમ તે',
થવાતું તેમ પ્રત્યેક પળે, જોતા રહેજો તે.

બધા દિવસની દિનચર્યા થતી જો તે પ્રમાણે છે,
જીવન ચહેરો તમારો તો બધો બદલાઈ જવાનો છે.

હરિઃૐ

## કૃપા કેવી શ્રીસદ્‌ગુરુની !

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, જીવનનું ભાન જાગ્યું છે,
'જીવનનો હેતુ શો છે ને જીવન શા અર્થ મળિયું છે !'

હૃદય ચિંતવન ક્રિયાશીલ તે, મને તે વેળ પ્રગટ્યું છે,
મને એણે ઊઠાડીને કરી બેઠો જ દીધો છે.

વળી કમ્મર કસાવીને પ્રયત્ને જોતરાવ્યો છે,
હૃદય ત્યાં થાક ખાવાનું કદી દિલ ના થયેલું છે.

સતત પુરુષાર્થના યજ્ઞો રહેવાયું જ મંડ્યા તે,
કૃપા કેવી શ્રીસદ્‌ગુરુની હૃદય ત્યારે જણાઈ છે !

હરિઃૐ

# શ્રીસદ્ગુરુ-દંડ-દર્શનની

ઘણી ઘણી કેળવાયેલી થતી માટી જહીં લોંદો,
ગૂંદાતાં પાછી તે માટી, શી ઘડવા પાત્ર થાયે સૌ !

ગૂંદાવાનું જીવન આવ્યું બહુ વેળા, બહુ રીતે,
કૃપાથી તે પળે હૃદયે કંઈક તો ભાન જાગ્યું છે.

મુલાયમતા થવા કાજે મળેલું કર્મ તે તે છે,
રહેલું દિલ ઉદ્ભવતું હૃદયનું ભાન ન્યારું તે.

છતાં પણ કોઈક વેળાએ શું ઓચિંતું ભુલાયું છે !
શ્રીસદ્ગુરુ-દંડ-દર્શનની હૃદય ઝાંખી થયેલી છે.

હરિઃૐ

## ખરેખર તે નિશાની છે

થવાતાં સાવ ખુલ્લા ત્યાં હૃદયમાં પ્રેરણાઓ તે,
જીવનમાં વર્તવાકેરી શું મેળે જાગતી રહે છે !

જીવનના ધ્યેયની લગની હૃદય તમ જો જ્વલંતી છે,
હૃદય સંપૂર્ણ એકાગ્ર થતા શા છો હૃદય ત્યારે !

થયેલા છો હૃદય ખુલ્લા શ્રીસદ્‌ગુરુની પરત્વે તે,
મુલાયમતા બધી રીતની શી પ્રત્યક્ષ પ્રગટતી છે !

સરળતા ને સહજતાથી જીવન પાંગરતું ફોરે છે,
થયા ખુલ્લાતણી ખાસ ખરેખર તે નિશાની છે.

હરિઃૐ

## કૃપા શ્રીસદ્‌ગુરુની તે

સ્મરણ લેવાતણું ભાન કૃપાથી જે થયેલું છે,
કૃપા શ્રીસદ્‌ગુરુની તે શકું મૂલવી ન કો રીતે.

સ્મરણ મુજ જિંદગાનીને બચવનારું શું સાધન છે !
સ્મરણથી કેટકેટલું તે કમાયો ! કોણ જાણે છે ?

સ્મરણ ઉષા સૂરજની છે, સ્મરણથી કેવી જીવન તે,
ઝલક શક્તિતણી ઝળકે ! પ્રતાપ જ શા સ્મરણના છે !

સ્મરણ મહિમા જીવન મારે ઊગી કેવો ગયેલો છે !
સ્મરણની શક્તિથી મારું જીવનનું ગાડું ગબડે છે.

હરિઃૐ

# શ્રીસદ્‌ગુરુ આપ ત્યાં પોતે

સ્મરણથી માત્ર શી શક્તિ પ્રગટતી યોગમાયાની !
હૃદય તે શક્તિનો પૂરો લીધો ઉપયોગ સાધનથી.

પ્રગટતી શક્તિની સાથે ખરેખરું દિલ ભળેલું છે,
બધો સંયોગ દિલ શક્તિતણો ત્યાં ઑર જામે છે !

ઉભય જ્યાં એકઠાં સાથે ભળેલાં સાધને તે છે,
થતો બુદ્ધિ વિશે ત્યાં શો ચમત્કાર નવા વેશે !

ભળંતાં ભક્તિ બુદ્ધિમાં 'શ્રીસદ્‌ગુરુ આપ ત્યાં પોતે
-છતો પ્રત્યક્ષ થાયે છે', જીવનનો તે અનુભવ છે.

હરિઃૐ

## શ્રીસદ્‌ગુરુ ના શરીર માત્ર

શ્રીસદ્‌ગુરુ ના શરીર માત્ર, શ્રીસદ્‌ગુરુ તો નિસરણી છે,
શ્રીસદ્‌ગુરુની કૃપાથી તે ઉપર ચઢવા મળેલી છે.

ખરેખર અંશ ચેતનનો શ્રીસદ્‌ગુરુ તો જીવનમાં છે,
શ્રીસદ્‌ગુરુને સ્વીકારાત્મક થતાં, પ્રત્યક્ષ પોતે છે.


જીવન વિકાસની દિલમાં તમન્ના તીવ્ર ચેતી છે,
તહીં દિલ સદ્‌ગુરુ પોતે મદદ કરવા જ તત્પર છે.

થતાં એકદિલ ગુરુનામાં જીવન હેતુ ફળવવાને,
શ્રીસદ્‌ગુરુ આપ પ્રત્યક્ષ જીવન વર્તાય છે શા તે !

હરિઃૐ

# ખંડ - ૫

## ચરણ



જીવનની આળપંપાળ, જીવનની સર્વ જંજાળ,
ચરણમાં ભક્તિ લાગ્યાથી ઊડી તે સૌ ગયેલાં છે.

હરિ:ૐ

# ચરણમાં નેહ લાગ્યો છે

**हरि** તારાં ચરણમાં તો જીવનમાં જંપવાનું છે,
ચરણ તારાં જીવનમાં શા પતિત ઉદ્ધારનારાં છે !

જીવનમાં કોઈને ચરણે ન જાકારો દીધેલો છે,
ચરણ જે આવિયા તેને ચરણ આશ્રય મળેલો છે.

કદી છૂટા ન પડનારા, ચરણ તુજ જે વળગિયા છે,
ચરણ મારા જીવનદાતા, ચરણમાં નેહ લાગ્યો છે.

પતિતમાં છે પતિત તેને ચરણ વહાલપ લગાડીને,
સૂવા નિરાંતથી દે છે, જીવન સંપૂર્ણ બક્ષે **ते**.

હરિઃૐ

## 'ચરણ શરણાગતિ જેની'

જીવનને પ્રેમ અમૃતના સરોવરમાં ઉછાળીને,
કર્યું પ્લાવિત **हरि**રસથી, અંચબો દિલ લાગે તે.

'પતિત પાવન **हरि** તારું કર્યું તુજ નામ સિદ્ધ જ **तें**',
ભરોંસો દિલમાં તેવો અનુભવથી કરાવ્યો છે.

'ચરણ શરણાગતિ જેની હૃદય સંપૂર્ણ જીવનમાં,
જીવનનું યોગનું ક્ષેમ કરે છે તેનું તું ચલવ્યાં.'

હૃદય નક્કર અનુભવથી કરી સાબિત બતાવ્યું છે,
હૃદયમાં ખાતરી તેની બહુ રીતે ઉગાડી છે.

હરિઃૐ

## ચરણની ભક્તિથી અમને

ચરણની ભક્તિથી અમને મળેલી બાદશાહી છે,
ચરણની ભક્તિથી શું શું જીવનમાં ના મળેલું છે ?

ચરણની ભક્તિથી કેવી જીવનની ખુશનસીબી છે !
ચરણની ભક્તિથી મુજ શો ફરી દિવસ ગયેલો છે !

ચરણની ભક્તિથી મારું નસીબ ઊઘડી ગયેલું છે,
ચરણની ભક્તિથી પાનો જીવન માટે ચઢેલો છે.

ચરણની ભક્તિથી હૈયું હિલોળે તો ચઢેલું છે,
ચરણની ભક્તિથી મસ્તીતણી ભરતી ચઢેલી છે.

હરિઃૐ

# ચરણ શરણે ઢળેલાંનું

ચરણ શરણે ઢળેલાંનું કશું જોતો **हरि** ના છે,
ન ગુણ, અવગુણ જોતો તે, જુએ છે માત્ર ભક્તિ તે.

**हरि** નિજ ભક્તની પર શો જતો છે વારી વારી તે !
કરી દે પાપીને પણ તે પવિત્ર શો બધી રીતે !

**हरि**ની એવી કરુણાનો કશો ના પાર ક્યાંયે છે,
'કરુણાનિધિ કહેવાયો', **हरि** એવો ખરેખર છે.

કરુણાના જળે મુજને શું નવરાવ્યો **हरि**એ છે !
**हरि**નાં તે ચરણ તેથી ઢળાયું કેવું મુજથી છે !

હરિઃૐ

# ચરણ ધરવા હવે પાત્ર

શું ક્ષતવિક્ષત જીવન **આ** છે ? થયું ભંગાર ભાંગીને,
પૂરેપૂરો જ ભૂકો તે, હવે સમારવાનું તે.

હૃદય તે ભાન જાગ્યાથી સતત મંડ્યો રહેલો છું,
મથી મથીને પુરુષાર્થે હું લાગી શો પડેલો છું !

દિવસ રાત્રી ન જોઈ છે, લગાતાર સતત કેવું
-રહ્યા કરીને જ મંડ્યા ત્યાં, હૃદયથી લક્ષ દેવાયું.

જીવનનું કંઈક ઠેકાણું કૃપાથી તો પડેલું છે,
ચરણ ધરવા હવે પાત્ર જીવન મારું થયેલું છે.

હરિઃૐ

# ચરણમાં ભક્તિ લાગ્યાથી

જીવનની આળપંપાળ જીવનની સર્વ જંજાળ,
ચરણમાં ભક્તિ લાગ્યાથી ઊડી તે સહુ ગયેલાં છે.

હવે ચિંતા ફિકર દિલમાં જીવનમાં ના કશા વિશે,
શી મસ્તરામની ભવ્ય દશા કેવી અમારી છે !

પરંતુ પ્રાપ્ત જે કર્મ, ઉદાસીનતા ન તે પ્રત્યે,
પ્રભુપ્રીત્યર્થ સંપૂર્ણ બજવવા દિલ તત્પર છે.

**हरि**ને કાજ તો માત્ર જીવન જીવવાની મરજી છે,
**हरि**ને માટ **આ** જીવન હવે આટોપવાનું છે.

હરિઃૐ

# ચરણમાં પ્રીત લગાડી છે

મરણ ને જન્મના કેવા અનુભવ તો થયેલા છે !
કદીક દુઃખ તો કદીક સુખ જે જીવનમાં સાંપડેલાં છે.

બહુ વેળા જીવન મુજથી પૂરું હારી જવાયું છે,
રિબાયાં તો જવાનું શું લગાતાર જ થયેલું છે !

છતાં તેવા સકંચેથી છુટાવા દિલ થયું ના છે,
અનેકે વાર જકડાયો, ફસાયો છું જીવનમાં તે.

કૃપા કોઈક ચમત્કારે જીવન મુજ પર શી ઢોળી **તેં** !
જગાડી દિલમાં દિલથી ચરણમાં પ્રીત લગાડી છે.

હરિઃૐ

## હૃદય રસ ચરણની ભક્તિ

નિવૃત્તિને હૃદય ભગવદ્ થતી પ્રવૃત્તિ સમજ્યો છું,
સતત તેમાં નિરંતરનું હૃદય ધાર્યું જ મથવાનું.

અસાવધાન થતાં મનથી પડ્યું ઢંઢોળવું કેવું !
ભૂલેચૂકે કદી આળસ *મને કરી સહેજ ના સેવ્યું.

સતત બસ એકધારું દિલ પરોવાયેલ રાખ્યું મેં,
**હરિ**કેરાં ચરણકમળે, શી નિવૃત્તિ ખરેખર તે !

સ્મરણ, કીર્તન, ભજનભાવ, નિવેદન દિલ સમર્પણ ને
હૃદય સન્મુખતા, દિલથી થતી રહી પ્રાર્થના પણ જે.

બીજાં એવાં ઊગ્યાં સાધન કર્યાં કરવે, કર્યાં કરવે,
હૃદય રસ ચરણની ભક્તિતણાં જામેલ દિલમાં છે.

* મનથી કરી.

હરિઃૐ

# ચરણ પ્રત્યે વળેલું છે

સ્મરણની ભાવ રમઝટથી સતત ચાલ્યા કરંતાં તે
-'જીવનનો મર્મ સાચો શો ?' થયું વિચારવાનું છે.

મનનચિંતવન થકી તેવા ફરી ફરી મન વળી વળીને,
દિશા બદલાઈ ગઈ, મુખ તે ચરણ પ્રત્યે વળેલું છે.

**હરિ**ની મન અભિમુખતા હૃદય જીવતી જલંતી છે,
**હરિ**, **હરિ** બસ **હરિ**, **હરિ**ની શી પાડ્યા બૂમ કરે છે તે.

**હરિ**ને દિલ અનુભવવા તરસ અતૃપ્ત ઉત્કટ છે !
**હરિ**ની ઝંખના દિલમાં શી બળવત્તર થયેલી છે !

હરિઃૐ

## ચરણ સગપણ લગાડ્યું છે

‘અમારે તો હવે તારો જીવનમાં માત્ર આધાર’
ન ખાલી બોલીને એવું રહ્યા બેસી કંઈ માત્ર.

જીવનનાં સર્વ કરણોને ભજન તારું કરાવીને,
રમાડીને **હરિ**પદમાં, ચરણ સગપણ લગાડ્યું છે.

પરંતુ **આ** શરીરને તે કઈ રીતે **હરિ** ચરણે
-મને ચોંટાડી દેવાની કળા હજી ના સૂઝેલી છે.

મનાદિને સ્મરણ ભક્તિ થકી પદમાં વળાવ્યાં છે,
મનાદિને સતત તેથી ભજન-ભાવે ચઢાવ્યાં છે.

પરંતુ શી શરીરમાંહી થતી જે વેદના ઉગ્ર,
હજી તે વેદનાકેરું રહે છે સાલતું ભાન.

હરિઃૐ

# हरि ચરણે સમર્પીને

નવું નવું નિત્ય જીવીને નૂતન અવતાર ધારીને,
**हरि** ચરણે સમર્પીને **हरि** ભજવું થયેલું છે.

**हरि**માં નિત્ય જીવવાને નવી નવી રીતથી હૃદયે,
**हरि**ને ચિંતવીને દિલ હૃદય આમંત્રેલ **हरि**ને છે.

નિરંતર દિલ ભજવાનું **हरि**ને તો થયેલું છે,
**हरि**ને મોખરે ધારી થયું વર્તન બધું જે તે.

**हरि** શો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ! સમર્થોમાં સમર્થ જ છે,
**हरि** નિજ ભક્તને માટે બધું શું શું ન વેઠે છે ?

હરિ:ૐ

## ચરણ સજ્જડ શું ચોંટ્યું છે !

ભલેને તણખલા જેવાં **હરિ**નાં પદકમળ આગળ,
તણખલું તોયે સગપણથી પૂરું વળગેલ છે પાદ.

હવે છોડાવ્યું ના છૂટે, ચરણ સજ્જડ શું ચોંટ્યું છે !
વિખૂટું પાડવા શક્તિ ન કોઈની કશી પણ છે.

જીવન માલિક **હરિ** અમ છે, **હરિ**પેઢી ચલવવાને,
અમે **એ**ના મુનીમ નોકર, વફાદાર જ બધી રીતે.

નજર સામે જીવન શેઠ ધરી ધરી વર્તવાનું છે,
નજરચૂક ભૂલેચૂકે કૃપાથી ના થતી રહે છે.

ન મોટી વાત એમાં છે, અમારા દિલનો ઊંડો
-જીવંતો ચેતનાત્મક શો હૃદયનો પ્રેમ એવો છે !

હરિઃૐ

## ચરણના સ્થાનને લીધે

જીવનમાં જીવવું, મરવું હવે તો માત્ર ચરણે છે,
ચરણના સ્થાનને લીધે કૃપાથી તો ટકાયું છે.

વ્યવસ્થા તોય ભાંગીને થતી ભૂકો જ લાગે છે,
શરીરનાં કારમાં દર્દો ઊંધો ચત્તો પછાડે છે.


મને તે વેળ શો માત્ર **हरि** ! આધાર તારો છે,
વધારે ઑર જુસ્સાથી ભજન ભાવે રહું છું જે.

શરીરમાં છેક અવતરવા તને દિલ પ્રાર્થના મુજ છે,
પ્રગટ ત્યાં અવતરી પૂર્ણ શરીરને સાબદું કરજે.

હરિ:ૐ

# ખંડ - ૬

# કૃપા



હજારો હાથનું બળ તે કૃપાથી દિલ પ્રગટે છે,
કૃપામાહાત્મ્ય પ્રીછીને ખબરદાર થવાનું છે.

હરિઃૐ

# કૃપાની ઓથ કેવી છે ?

કૃપાનાં ગુણગાન જ શાં કઈ રીતે શકું ગાઈ ?
કૃપાની સભાનતા હૃદયે અનુપમ સુખ પ્રેરે છે.

કૃપાની ઓથ કેવી છે ? કૃપાનો ભક્ત જાણે છે,
બધો સંસાર દરિયો તે કૃપાબળથી તરાયે છે.

હજારો હાથનું બળ તે કૃપાથી દિલ પ્રગટે છે,
કૃપામાહાત્મ્ય પ્રીછીને ખબરદાર થવાતું છે.

કૃપામૃત પાન જીવનમાં મળેલું ચાખવા દિલ જે,
સતત તે ઝંખતાં દિલથી કૃપામાં દિલ વળેલું છે.

હરિઃૐ

# હૃદયનિષ્ઠા, કૃપા તે છે

ઘણું ઘણું મેં કૃપાને દિલ મહત્ત્વ ખૂબ દીધેલું છે,
થયેલું જે જે મુજથી છે કૃપાથી તે થયેલું છે.

કૃપાપાંખ વિના ઊડી શક્યો હત શી રીતે ગગને ?
મને બાંયધરી કેવી કૃપાની તો મળેલી છે !

થતું જે જે બધું રહે છે  કૃપા તેમાં મહત્ત્વે છે,
હૃદયનો આત્મવિશ્વાસ કૃપા સાચી ખરેખર તે.

શી શ્રદ્ધાથી જ નીપજેલી હૃદયનિષ્ઠા, કૃપા તે છે,
મળેલી માર્ગની સૂઝ કૃપાનું કેવું લક્ષણ તે !

હરિઃૐ

# કૃપાની ઓથને લીધે

કૃપાની ઓથને લીધે ખબરદારી, ટટારી છે,
કૃપામૃતના સરોવરની શી છાલક વાગતી મુજને !

અબુધ જ સાવ બોથડને કરેલો ધન્ય, લાયક **તેં**,
**हरि** ! તુજ એવી હિકમતને જઉં છું વારીવારી જે.

'તણખલાને કરે મેરુ', કહેવત સાચી પાડી છે,
જીવન પ્રત્યક્ષ મારું **આ** ખરેખર દાખલો શો તે !

ગણતરી ના કશી જેની, હવે હિસાબ તેનોયે
-પુછાતો છે જગત વિશે, **हरि** ! **તેં** જાદુ કીધું છે.

હરિઃૐ

# રહમ તારી અનુભવતાં

રહમ તારી અનુભવતાં ટટારી દિલ પ્રગટે છે,
બધીએ હોશિયારી શી ઊડી આવી જ સ્ફુરતી છે !

શિરે તુજ હાથ ફરતાંમાં પ્રફુલ્લિત દિલ થવાયે છે,
નયનમાં રોશની ભવ્ય શી ઝગમગતી પ્રકાશે છે !

શરીર પણ **આ** શરીર ના છે, શરીર ઊડતું શું લાગે છે !
જમીન પર પગ ન ટકતો છે, ઊંચે ઊંચે ઉડાયે છે.

અલૌકિક દિવ્ય ભૂમિકા રહમથી જે થતી તેને
-ન વર્ણવવા કશી શક્તિ જરા સરખીય મુજમાં છે.

હરિ:ૐ

## કૃપામૃતનો જ મહિમા તે

કૃપા તારીથી લક્ષ્મી પણ મને મળતી રહેલી છે,
રકમ મળતાં જ ઊછળતો હૃદય ઉત્સાહ જાગે છે.

ખરેખર તો રકમ ના છે, કૃપાનું માત્ર લક્ષણ તે,
કૃપાની શક્તિથી મુજને બધું મળતું જ લાગે છે.

પ્રવાહ મનતણો સઘળો કૃપાથી સાવ બદલાયે,
કૃપા શું શું કરે ના તે ? કૃપાની શક્તિ અદ્ભુત છે.

ન વદવામાં શું નવગુણ છે ! કૃપાથી મૌન પાળીને
-બધું જોયા કરેલું છે, કૃપામૃતનો જ મહિમા તે.

હરિ:ૐ

## કૃપાબળ માત્ર આધારે

કશુંયે સમસમીને તે સહન મેં ના કરેલું છે,
સહન કરવું ઉમળકાથી જીવનનું તપ ગણેલું છે.

સુખી બનવું તમારે જો ખરેખર હોય સંસારે,
સહન કરજો, સહન કરજો, ઊછળતા દિલ ઉમળકાએ.

કૃપાબળ માત્ર આધારે અમારે જીવવાનું છે,
હવે આરો બીજો કોઈ જીવનમાં ના રહેલો છે.

કૃપામૃતનો હૃદય લહાવો કંઈક મળતાં ખીલેલો શો !
હૃદય-ઉન્માદ-મોજાંએ મને ઉછાળી નાખ્યો છે.

હરિઃૐ

# કૃપા તારી વિના મુજથી

જીવનમાં ભાગ આવેલું પ્રભુપ્રીત્યર્થ ચહી ચહીને
-કર્યાં કરી તે **હરિ**ચરણે બધું તે તે ચઢાવ્યું છે.

સકળ કંઈ કરતાંકારવતાં સ્મૃતિ **હરિ**ની હૃદય મારે
-જીવંતી ધારવા નિત્યે રહેવાનું થયેલું છે.

કૃપા તારી વિના મુજથી કશું ના થઈ શક્યું હત તે,
લઈ લઈ આશરો તારો **હરિ**માં જીવવા ચહ્યું છે.

સ્મૃતિ **હરિ**ની વિના કાંઈ બીજું સર્વ ગમેલું ના,
**હરિ**ની યાદ શી માત્ર રચાઈ ધારવા ભૂમિકા.

**હરિ** ! તારાથી તે સઘળું થયું તો તે થવાયું છે,
નહિતર બાકી **આ જીવ**, શક્યો કરી હત શું એવું તે ?

હરિઃૐ

## કૃપા પ્રત્યક્ષ હરિની તે

**હરિ**ની ઓથ જીવનમાં કૃપાથી તુજ મળેલી છે,
અને એ ઓથ આધારે બધું મુજથી થયેલું છે.

બધી સાધનની પ્રક્રિયા થવા **હરિ** યાદ જીવનમાં
-હૃદયમાં તેથી સાધનને રખાયું પકડી છે દિલમાં.

થતાં રહેતા જ સાધનથી **હરિ**ની સભાનતા હૃદયે
-રહે છે પ્રજ્વલી ઊંડી, કૃપા પ્રત્યક્ષ **હરિ**ની તે.

ન સાધન માત્ર સાધન તે, **હરિ**ની ભાવના જીવને
-હૃદય પ્રગટાવવા અર્થે બધાં જે તે જ સાધન છે.

હરિઃૐ

## કૃપાથી સ્થાન આપ્યું છે

**हरि** ! દરબારમાં તારા કૃપાથી સ્થાન આપ્યું છે,
પતિત તોયે ન તરછોડ્યો, કરુણા એવી શી તુજ છે !

કરુણાળુ, કૃપાસિંધુ **हरि** ! તુજ નામ સાર્થક છે,
બચાવીને કૃપાથી શો મને ઉગારી લીધો છે !

નહિતર ઠામઠેકાણું પડ્યું હત ના કશું મારું,
કહીંનો કહીં હતે હું તો, પરંતુ પાડ્યું ઠેકાણું.

'કંઈક પ્રખ્યાત પાપીને **हरि** ! **તેં** તો શું તાર્યા છે !'
હૃદય વિશ્વાસ તે ધારી શરણ ચરણે ઢળેલો જે.

હરિઃૐ

# કૃપાથી ભોમિયો સાચો

બહુ બાથોડિયાં માર્યાં જીવનમાં મેં ઘણી રીતે,
મહાકષ્ટ ચરમ સીમા પરે પહોંચી જવાયું છે.

ન પગ મુજ ચાલતા પથ છે, ન પથ ચોક્કસ જડેલો છે,
છતાં જે આવડી રીત છે, પ્રમાણે તે હું ચાલ્યો જે.

નતીજો તોય ના યોગ્ય કશો હજી આવિયો કૈં છે,
મર્યો હું શોધી શોધીને હવે થાકી ગયેલો જે.

પૂછી પૂછીને પથિકજનને જીવનપથ ભાવિને માટે,
કૃપાથી ભોમિયો સાચો હવે મુજને મળેલો છે.

હરિઃૐ

# કૃપા એવી હરિની છે

જીવંતી શ્રદ્ધાનિષ્ઠાથી હૃદય મક્કમ થયેલું જે,
વિના ખચકાયા સઘળું તે થવા દેવા મરણિયું છે.

કશો ખચકાટ સહેવાને હૃદય તૈયાર ના સહેજે,
પ્રચંડ જ પૂરની પેઠે શું ધસમસતું થયેલું છે !

બધા અવરોધ વચ્ચેના કશું રોકાણ ઝાઝું તે
-કરી શકવા સબળ ના છે, કૃપા એવી **હરિ**ની છે.

મહાબળિયો તણખલાને **હરિ તેં** શો બનાવીને,
શું નવતરનું ગજબનું **તેં** અજબ કર્મ જ કરાવ્યું છે !

હરિઃૐ

## કૃપા તુજ ક્યારે વર્ષે તે !

અમારે તો જીવનમાંનું હવે વાગોળવાનું છે,
અને તેમાંથી નવનીત તે જીવનમાં ચાખવાનું છે.

જીવનનું ચાખી ચાખી સૌ ચરણમાં સોંપવાનું છે,
અમારી પાસ તો કંઈ પણ કશું ના રાખવાનું છે.

હૃદયનિષ્ઠાથી કર્તવ્યે જીવનને ઝંપલાવ્યું છે,
શી અંધાધૂંધી જીવનની ન ઝાઝી કંઈ હવે રહી છે !

કૃપા તુજ ક્યારે વર્ષે તે ગણતરી કંઈ ન એની છે,
**હરિ**ની રીતરસમનો તે કશો ના કાયદો ત્યાં છે.

હરિઃૐ

## કૃપાથી ત્યાંય તુજ ટેકે

જુદા જુદા જ સંજોગો જીવનમાં સાંપડેલા છે,
શું અટકાવ્યો કંઈકે છે, ઊલટ કંઈકે વધારી છે !

કદીક ફેંકાઈ જવાયું છે, કદી પછડાઈ જવાયું છે,
કદી ખોખરું થવાયું છે, છતાં હિંમત ન તૂટી છે.

કદીક તો ચાલતાં પંથે હું લથડાયો, છતાં હૃદયે
-કૃપાથી ત્યાંય તુજ ટેકે ઊભો પથમાં રહેલો જે.

સતત ચાલ્યા જ કરવાની જીવનમાં નેમ ધારીને
-નિરંતર પથ મજલ કાપ્યાં શું કરવાનું જ રાખ્યું છે !

હરિઃૐ

## કૃપાથી સ્પષ્ટ પૃથક્કરણ

ઊગ્યાં સાધનને અજમાવી જીવન ઉપયોગમાં લાવી
-નિહાળ્યાં છે પરિણામ અનુભવ દિલ પ્રગટાવી.

કદીક જો યોગ્યતાથી તે કંઈક પરિણામ ના'વ્યું છે,
હતી શી ખોડખાંપણ તે ઊંડું ઊંડું તપાસ્યું છે.

કૃપાથી સ્પષ્ટ પૃથક્કરણતણો અભ્યાસ જે દિલ છે,
મને ચેતાવીને એણે હૃદય સુઝાડી દીધું છે.

કૃપા એમાં **हरि** ! તારી હૃદય મેં તો અનુભવી છે,
સતત મથવાની પાછળ જે, મદદ તેને **हरि** દે છે.

હરિઃૐ

## કૃપાના તે અનુગ્રહનો

શૂળીનો ઘા કૃપાથી તો વળેલો સોયથી શો તે !
જીવનમાં કેટલીવાર પ્રસંગો પ્રાપ્ત એવા છે !

કૃપાના તે અનુગ્રહનો અનુભવ દિલ થયેલો છે,
**हरि** પાછળ રહેલો છે, જીવન સન્મુખ **हरि** પણ છે.

જીવન એવા અનુભવથી શું રસથી તરબતર થઈને
-હૃદય કેવું મદોન્મત્ત થૈ શું કલ્લોલે નશાથી તે !

**हरि**રસનો નશો કેવો ન તુલના કોઈ સંગાથે
-નશાની તે થઈ શકતી, ચમત્કારિક નશો શો તે !

જીવનને સાવ પલટાવી પૂરેપૂરું જ નાખે છે,
નશો કાયમનો કાયમ શો શું પાંગરતો સદા રહે છે !

હરિઃૐ

## કૃપા વર્ષાવી દીધી છે !

ઘણી વેળા ભૂલો પડીને હું રખડ્યો આમતેમ જ તે,
તહીં લપડાક મારીને મને પાછો જ વાળ્યો છે.

હૃદય ઉપકારવશ ત્યારે હું તુજ પર શો થયેલો જે !
તને ગદ્‌ગદ હૃદયભાવે સ્તવ્યાં ત્યારે કરેલું છે.

'મને છાની રીતે કેવો રહ્યો નિહાળતો તું છે !',
હૃદય પ્રત્યક્ષ એવું **તેં** ઊંડું ભાન જ સ્ફુરાવ્યું છે.

શી વારંવાર **તેં** મુજ પર કૃપા વર્ષાવી દીધી છે !
'ભુલાતાં છો ગમે તેવું' તું તારવી પથ મને લેશે.

હરિઃૐ

# કૃપા પુરુષાર્થની સાંકળ

પ્રસંગો કંઈક શા એવા મૂકે છે ! ચડભડાવી તે
-ઢીલો કેવો પડાવાને પૂરા મજબૂર છતાં શા છે !

તમન્ના ધ્યેયની ઉત્કટ થકી નિશ્ચય ઊગેલો જે,
પકડ પથમાં નરી સજ્જડ જીવનમાં શી જમાવી છે !

કૃપા પુરુષાર્થની સાંકળ વણાઈ જે ગયેલી છે,
જીવન તેનાથી જિવાતું, વળી વર્તાતું તે રીતે.

પકડ નિશ્ચયના જીવનની કદી મોળી પડે ના તે,
કૃપાના કેટલા એવા જીવન અનુભવ થયેલા છે !

હરિઃૐ

# કૃપાની પ્રાર્થના થઈ છે

મૂકે ગભરાવી એવાયે પ્રસંગો શા મળેલા છે !
હતાશા કે નિરાશામાં ન મુજથી ત્યાં પડાયું છે.

બડાશો મારવાકેરી કશી હિંમત ન **हरिपद** છે,
શું ખુલ્લેખુલ્લું સઘળુંયે નર્યું ત્યાં તો ઉઘાડું છે.

ટકાયું વજ્ર જેવું તે, ન એમનું એમ તે સહેજે,
અનેકે વાર પછડાતાં, હૃદયબળ કેળવાયું છે.

જવાતાંમાં પથે હારી કરીને સામનો ભારે
-મથી સંગ્રામ ખેલીને, કૃપાની પ્રાર્થના થઈ છે.

હરિ:ૐ

# કૃપાથી જોશભર પાછો

કરી યાહોમ સંપૂર્ણ 'ફવાશે કે ફવાશે ના'
-ગણતરી તે મૂકી દઈને ઝઝૂમીને ઝુકાવ્યું ત્યાં.

થતાં સાધનના અભ્યાસે પ્રગટતી ભાવના રહે જે,
ખરા તે માપ-લક્ષણને હૃદય તે લક્ષ સેવ્યું છે.

થતાં કૈં આડીઅવળી તે મનાદિમાં જ વૃત્તિ જે
-સ્ખલન કૈં ભાવનું થાતાં અચાનક દિલ જાગ્યું છે.

અનેકે વાર કેવુંયે કુટાયો ને પડાયું છે,
કૃપાથી જોશભર પાછો કટીબદ્ધ થયેલો જે.

હરિઃૐ

# કૃપાની હૂંફના બળથી

પ્રવાહ શો જબરજસ્ત પ્રકૃતિના વલણનો જે !
તરવું સામે કિનારે તે મહામુશ્કેલ, દુષ્કર છે.

છતાં ભગીરથ ભલે છોને અશક્ય કર્મ જેવું તે,
કૃપાની હૂંફના બળથી સ્વીકારી તે લીધેલું છે.

હવે તો બાવડાં મજબૂત કરી કરીને શું તરવાને
-મથ્યા કરતો રહેલો શો ! શી હિંમત એકઠી કરીને !

પથે શો થાક લાગ્યો છે ! છતાં ના યત્ન છોડ્યો છે,
કિનારો હાથ લાગ્યો છે, વળી ગઈ હાશ દિલમાં તે.

હરિઃૐ

# સહારો લઈ કૃપાનો તે

જીવન આફતની વેળાએ સહારો લઈ કૃપાનો તે,
પુરુષાર્થે ઝુકાવીને કરેલો સામનો ત્યાં છે.

વિપદવેળા વિચારોનાં ન મેં ઝોકાં જ ખાધાં છે,
કૃપાથી હઠાવવા વિપદ બહુ રીતે મથાયું છે.

વિપદ, ગૂંચો, ઊંડા પ્રશ્નો, જીવન મુશ્કેલી પડતાં તે
-બધું ઢંઢોળી પુરુષાતન મથી કામે લગાડ્યું છે.

વિપદવેળા શિરે કર દઈ ન બેસી રહેવું જાણ્યું છે,
સતત મથતા રહેવાનો ગુરુમંત્ર જ લીધેલો છે.

હરિઃૐ

## હવે તારી કૃપા પર તો

દિવસ જેમ વીતતા ચાલ્યા સુધરતું કંઈક લાગ્યું જે,
હૃદય આશા જગાડી'તી, હવે પાછું શું બગડ્યું છે !

મને જે આવડે તેવા **हरि** ! પાસા હું ફેંકું છું,
બધી મરજી પ્રમાણે તુજ ખરેખર તે થવાનું સૌ.

છતાં કાલાવાલા કરી સૌ તને વીનવ્યા કરું છું હું,
કૃપા કરી લક્ષ લેજે તું કરું જે પ્રાર્થના દિલ હું.

હવે તારી કૃપા પર તો રહ્યું અવલંબી સઘળું તે,
રે ! વારંવાર શી પળશી* કર્યા કરું તુજને દિલ હું !

* ભક્તિ

હરિઃૐ

# કૃપા તારી થતી જેના પરે

કદીક નેવાતણાં પાણી શું મોભે તો પૂગેલાં છે !
જીવનમાં અસંભવિત કંઈક કદીક એવુંય બનતું છે.

**हरि** મારા જીવનની તે નરી પ્રત્યક્ષ હકીકત છે,
પતિતને તેં ઉગારીને ચરણમાં સ્થાન આપ્યું છે.

કૃપા તારી થતી જેના પરે તેને ચઢાવીને,
હૃદય રાજી તું જેના પર, તું તેને બાથમાં લે છે.

હરોળે બેસવા જેની કશી ના લાયકાત જ છે,
તું તેને પણ શિખર ઊંચે શું બેસાડે જ ગાદીએ !

હરિઃૐ

# બધાં તે સાથ કૃપા ભેળી

ચરી ચરીને જીવન કેવું નર્યું ઉજ્જડ કીધેલું છે !
શું યદ્વાતદ્વા જીવનને બધું ભેલાણ કીધું છે !

હવે જાગ્યો તહીંથી થઈ સવાર એમ સમજીને,
ફરીથી ક્રાંતિ હરિયાળી થવા જીવનની ધાર્યું છે.

મહેનત, ખેડ, ખાતર, જળ, જીવનની માવજત સરખાં,
બધાં તે તે પ્રમાણેનાં ધરાર મંડ્યો વાપરવા.

બધાં સાથે, કૃપા ભેળી મળંતાં શ્રી**हरि**ની જે,
જીવનનું યોગ્ય ફળવું તે બનેલું સાર્થ સૌ રીતે.

હરિઃૐ

# કૃપા કરુણાતણો મેળ

થયેલો ઓળઘોળ જ છું **हरि**નાં ચરણ પર શો જે !
કરુણાળુ **हरि**ની તે નજર પતિત પર શી વર્ષે છે !

કરુણા જ્યારે વર્ષે છે, ન તેનો પાર ક્યાંયે છે,
જતી ઓળંગી મર્યાદા નરી શી આરપાર જ તે !

હું ડાફરિયાં બધે જ્યાં ત્યાં સતત માર્યાં કરંતો જે,
ચરણમાં વાળીને તેને કરાવ્યો મુગ્ધ પદ શો **તેં** !

**हरि** ! મારા સમાથી શું બની શક્યું કંઈ હતે ભારે !
કૃપા કરુણાતણો મેળ **हरि** ! ખવરાવિયો શો **તેં** !

હરિઃૐ

## કૃપાબળથી જ જીવનમાં

જીવનને ફેરવ્યા વિના જવાવાનું ન આગળ છે,
અવળસવળ જીવનને પણ શું ફેરવવું પડેલું છે !

જીવનમાં કર્મ કર પર જે પ્રભુપ્રીત્યર્થ લીધું, તે
-શું સાંગોપાંગ સંપૂર્ણ મથાયું ઊતરાવા તે !

કૃપાબળથી જ જીવનમાં ધીરજ, ઉદ્યમ, નરી હિંમત
-ગુણો એવા બીજા, કર્મે ખરા આવ્યા જ ઉપયોગ.

દઈ દઈ શિર પરે હાથ ન બેસી રે'વું જાણ્યું છે,
સતત મંડ્યા રહેવાનો જીવનનો ટેક પાળ્યો છે.

હરિઃૐ

# કૃપાથી સૌ થયેલું છે

શમવવા કામ, ક્રોધાદિ થકી જે વેગ પ્રગટે છે
-હૃદય સમતા જીવંતી છે, ખરે તે શક્તિશાળી છે.

નિરંતરતા જીવન જ્યારે હૃદયમાં ભાવની ઊગે,
મહત્ત્વે, મોખરે ભાવ રહેતાં, વૃત્તિ પીગળે છે.

બહુવિધ તપ વળી યજ્ઞ જીવનમાં જાણી, સમજીને
-જીવનવિકાસના અર્થે અમલમાં આચરેલાં છે.

જીવનમાં સાધનાકેરા થતા પુરુષાર્થના યજ્ઞો
-**हरि**નો ભાવ પ્રેરાવી કૃપાથી સૌ થયેલું છે.

હરિઃૐ

## કૃપાની લાત વાગ્યાથી

સ્મરણનીયે ભૂમિકા શી જુદી જુદી જીવનમાં છે !
મળ્યો અનુભવ બધાનો તે, ઘડાવાયું જ તેથી જે.

શી ભ્રમણાયુક્ત ભૂમિકા જીવનમાં પ્રગટી ચૂકી છે !
ભુલાવામાં પડાઈને રખડી ત્યાં શું પડાયું છે !

પડી ત્યાં ક્યાં સુધી કેવું રહેવાયું જ મૂર્છાથી !
કૃપાની લાત વાગ્યાથી થયું ત્યાં જાગવું દિલથી.

થયો એકવાર જાગંતો તહીં પછી ઊઠવાકેરો,
પુરુષાર્થ પ્રચંડ જ તે થયા અણનમ કરેલો શો !

હરિઃૐ

# કૃપાથી તે ન તૂટતી છે

હવે આવી ગઈ હદ છે, વળી હદપાર શી હદ છે !
સહેવાયું ન સહેવાતું , છતાં ગબડાવી રાખ્યું છે.

અરેરે ! કેટલાં દર્દો ! વળી પ્રત્યેક દર્દની તે
-ભયંકર વેદના જુદી જુદી તરેહની શી છે !

થતું આવું બધું રહે છે, પરંતુ ધારણા **હરિ**ની
-કૃપાથી તે ન તૂટતી છે, રહેવાતું જ છે સાક્ષી.

શરીરને વેદના પીડે, શરીર ભાંગી પડેલું છે,
પરંતુ માંહ્યલો કેવો ટકોરાબંધ જીવતો છે !

હરિઃૐ

# કૃપાથી દિલ સાવધ થઈ

તમારું દિલ જેમાં છે, તમારા **પ્રાણ** છે જેમાં,
તમારું ચિત્ત જેમાં છે, લગાતાર રહો છો ત્યાં.

પરોવવા મનાદિને ઊગ્યાં સાધનના અભ્યાસે,
રહ્યો મંડ્યો, સતત જેથી કંઈક રંગાયાં તે તે છે.

કદીક પાછું પડાતાં ત્યાં, થતાં વૃત્તિ, વિચારોથી,
ફરક પડતાં જણાતાં તે, તુરત ચેતી જવાયું છે.

કૃપાથી દિલ સાવધ થઈ, ફરી કમ્મર કસી કસીને,
થતાં સાધનમાં યાહોમ કરી પાછું ઝુકાવ્યું છે.

હરિ:ૐ

# **હરિ**ની પ્રતિષ્ઠા દિલ

**હરિ** ! તારા જીવન વિશે શું વળગાડી દઈ અમને,
હૃદયના પ્રેમમાં તારા પૂરેપૂરા ડુબાડ્યા છે !

'**હરિ**, **હરિ**' શબ્દ બોલાતાં થતું અમને હૃદય શું તે,
જગતજનને ખબર એની હૃદય પડવાની શી રીતે !

**હરિ** કેવો હૃદય વહાલો હૃદયની દિલચસ્પીથી,
હૃદયની ભક્તિથી **હરિ**ને નર્યા વારી ગયા દિલથી.

થયું સંપૂર્ણ ન્યોછાવર જીવન મારું સમગ્રે તે,
**હરિ**ની પ્રતિષ્ઠા દિલ કૃપાથી શી થયેલી છે !

હરિ:ૐ

## કૃપાથી આપ્યું શું અમને !

‘**हरि, हरि**’ બૂમ પાડીને તને પજવ્યા કરેલો છે,
શરમ, લાજ છતાં મુજને કશી તેમાં ન આવી છે.

નફટ સંપૂર્ણ કેવો હું ! કશી વેળા કવેળાએ
-ન જોઈ છે કદી મેં તો, છતાં ના લક્ષ લીધું **તેં**.

**हरि!** ઉદાર તુજ જેવો બીજો કોઈ ન જોયો છે,
અમે નાદાન શા તોયે ગમે તેવું તને કથીએ !

અમારા જીવનની કથની તને લાયક નથી સહેજે,
છતાં સ્થાન ચરણ તારે કૃપાથી આપ્યું શું અમને !

હરિઃૐ

## કૃપાની કેવી પ્રગટીને !

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં કદીક અટકી પડાયું છે,
કહીં વેળા સુધી એનું હૃદય ના ભાન જાગ્યું છે.

પરંતુ કોણ જાણે શી કરામત કોઈ ઓચિંતી,
કૃપાની કેવી પ્રગટીને કર્યો બેઠો જ ઢંઢોળી !

થયા બેઠા પછીનો શો હૃદય ઉત્સાહ ફોર્યો જે !
ફુવારા જેમ ઊછળીને મને કેવો ધપાવ્યો છે !

ધપાવાથી શી ધસમસતા પ્રવાહે શા નદીના તે,
થયેલો વેગવાળો ત્યાં ! રુકાવટ ત્યાં ટકે ના જે.

હરિઃૐ

# તકેદારી કૃપાથી તો

સ્મરણ-ઉપાસના-યજ્ઞ કર્યો ચાલ્યા સતત જેમ,
બધો ઈતિહાસ તેનો તે લખાયા તે ગયો તેમ.

કશું વિચારી વિચારી લખાયું મુજથી ના તે,
ઉકેલાતું ગયું તે તે લખાયું તેમ તે રીતે.

જુદી જુદી રીતે કેવું સ્મરણ ચાલ્યા કર્યું છે ! તે
-બધું તે તે કૃપાથી તો સ્ફુર્યું તેમ જ લખાયું છે !

હકીકતનો કશો દોષ થવા તેમાં ન દેવાને,
તકેદારી કૃપાથી તો સહજ મુજથી રખાઈ છે.

હરિઃૐ

# કૃપાની કેવી બલિહારી !

સ્મરણની માત્ર દુનિયામાં હૃદય મશગૂલ થઈ જઈને,
સતત ગુલતાન સંપૂર્ણ થતાં, ઝળકી ઊઠેલું છે.

પરંતુ તે સ્થિતિ પ્રાપ્ત ન એમની એમ તે થઈ છે,
સતત જહેમત ઉઠાવાતાં નીકળતું *ફેન કેવું છે !

તપશ્ચર્યા જીવનમાં તો **हरि**એ શી કરાવી છે !
હૃદય હિંમત તૂટે એવાં કડાં સાધન કરાવ્યાં છે.

હૃદયની પ્રેરણાથી **तें** મને સાધન બતાવ્યાં છે,
કૃપાની કેવી બલિહારી મને જાતે જ શીખવ્યાં છે !

---

* ફેણ

હરિ:ૐ

# કૃપા એવી **હરિ**ની તે

સ્મરણથી ને સ્મરણમાં તો જીવન કેવું વહ્યાં કર્યું છે !
જીવન જીવતાં, જીવન જીવતાં **હરિ**નો ભેખ લીધો છે.

અને તે ભેખ ભોગવવા પ્રકૃતિ પણ મથેલી છે,
હૃદય તે વેળ જીવંતું ખરું ત્યાં ભાન જાગ્યું છે.

કૃપા એવી **હરિ**ની તે મળ્યાં જીવન કરેલી છે,
કૃપાની શક્તિથી જીવને જિવાયું ને ટકાયું છે.

હૃદય ઉપકારવશ થઈ શો હૃદય ગદ્‌ગદ થયેલો છું !
હૃદય આભાર માન્યો છે કરીને પ્રાર્થના દિલ શો !

હરિઃૐ

# કૃપાવર્ષા हरि તારી

બલિહારી બહુ રીતે **हरि**ની મહાલી જાણી છે,
થવા કૃતકૃત્યનો લહાવો જીવન અવસર મળેલો છે.

કૃપાવર્ષા **हरि** ! તારી થતી મુજ પર રહેલી છે,
નસેનસ ને રગેરગ શાં બધાં ભીંજાઈ ગયેલાં છે !


નશીલો દિલ ઉન્માદ થતો શો ! એકલો પ્રીછું,
પ્રણય ઊભરાઈ, ઊભરાતો મળ્યો તે સ્પર્શવા દિલ તો.

સ્વીકારાતાં તે ન પાછો પડે કેવો ફરી ફરીને,
વળી વળીને સમાતો તે પછી અંતર ઢળી ઢળીને !

હરિઃૐ

# ખંડ - ૭

# ભાવ, રસ, લગની



જીવનમાં રસ વિના જીવવું નકામું સર્વ ફોગટ છે,
બધું આનંદથી ઊછળે, શી રેલમછેલ રસની છે !

હરિઃૐ

# મહત્ત્વ ભાવનું સાચું

જીવનમાં ભાવનો ભાવ ન કો પૂછનાર પાક્યો છે,
મહત્ત્વ ભાવનું સાચું **હરિ**ને એકલાને છે.

હૃદયના ભાવને માત્ર **હરિ** પ્રીછનાર પાકો છે.
પાત્ર જ છે.
હૃદયના ભાવનાં પુષ્પ ચરણ તેથી ચઢાવ્યાં છે.

હૃદયના ભાવને પામી **હરિ** સંતોષ પામે છે,
અનુભવ તે થવાથી દિલ સમર્પ્યા ભાવ કીધો છે.

હૃદય ભાવાંજલિ પદમાં સ્તવી સ્તવીને ચઢાવી છે,
નિરંતર ભાવને ધરવા જીવનમાં નેમ રાખી છે.

હરિઃૐ

## જીવનના ભાવ દરિયામાં

જીવનના ભાવ દરિયામાં અમે ડૂબકું લગાવ્યું છે,
હવે ન્હાતાં હૃદય તેમાં નર્યું ડૂબતું રહેલું છે.

કશી ગડભાંજ જીવનમાં હવે તો ના રહેલી છે,
બધીએ આળપંપાળ ઊડી પૂરી ગયેલી છે.

હવે સંપૂર્ણ સુખવારો જીવનમાં સાંપડેલો છે,
હૃદય અમૃતના ઘૂંટડા પીવા કેવા મળેલા છે !

હૃદય બસ નીરખી નીરખી હવે ના જંપ વળતો છે,
ચમત્કારિક તુજ સ્પર્શતણો મહિમા અનેરો છે.

હરિઃૐ

# હરિપદનો જ સંચાર

**હરિ**ની સાથ રમવાનું જીવનમાં ભાગ્ય આવ્યું જે,
જીવનની ખુશનસીબીની બલિહારી હૃદય પ્રિય છે.

જીવનપાનું કૃપાથી તો ઊઘડી કેવું ગયેલું છે !
છૂપી હતી જે બધી બાજી ઉઘાડી શી થઈ ગઈ છે !

હવે તો કેંદ્ર રસબિંદુ અનુભવની જ કક્ષામાં,
જીવનમાં સાંપડેલું છે, જીવન બડભાગી કેવું ત્યાં !

જીવન નિહાળવા ભવ્ય બલિહારી થયેલી છે,
**હરિ**પદનો જ સંચાર બધે જ્યાં ત્યાં જ વ્યાપ્યો છે.

હરિઃૐ

## જીવનમાં રસ વિશે જે છે

હૃદયમાં લગની રસ પક્વ સ્મરણમાં જ્યાં થયેલાં છે,
જીવનમાં તે પછી રસ રસ બધાંમાં શો પડેલો છે !

જીવનમાં રસ વિશે જે છે, અનોખી ભવ્ય દુનિયા તે,
જીવન સંસારના **જીવ**ને ગતાગમ તેની ના પડશે.

હવે જીવવા જીવનમાં તે **હરિ**રસનું હૃદયબળ છે,
સહારો માત્ર **હરિ**નો છે, જીવનનું પ્રેરણાબળ છે.

સ્મરણમાં દિલ લગાતાર થતાંમાં ને થતાંમાં જે,
જુદાં જુદાં મળ્યાં સાધન નૂતન, ચાલ્યો પ્રમાણે તે.

હરિઃૐ

## ઉછાળા રસના માર્યા છે

તમન્નાથી જ પ્રેરાઈ થતાં સાધન રહેલાં છે,
સતત જેમ પોરવાયો હું વિશે સાધન બઢ્યો રસ છે.

કદીક તો શા હૃદય મારે રસે માર્યા ઉછાળા છે !
થવાતાં દિલ તદાકાર હૃદય નીરવતા વ્યાપી છે.

**હરિ**ની ધારણાકેરી શી તીવ્ર સભાનતા મન છે !
મનાદિનો પૂરેપૂરો લઈ લીધેલ કબજો તે.

**હરિ** પોતે **હરિ**માં શો **હરિ**થી સંકળાયેલ છે,
**હરિ**ભાવ જ વિનાનું કંઈ બીજું અસ્તિત્વ ના મન છે.

હરિઃૐ

# બધું સમૃદ્ધ રસથી છે

બધે સામ્રાજ્ય વ્યાપ્યું છે **હરિ** તુજ એકલાનું તે,
કણેકણ સર્વ ભરપૂર છે **હરિ** ઓજસથી નરદમ તે.

બધું સમૃદ્ધ રસથી છે, ભર્યું સૌંદર્ય જ્યાં ત્યાં છે,
બધું આનંદથી ઊછળે, શી રેલમછેલ રસની છે !

બધું હોવા છતાં જે તે, ન તેના તે સ્વરૂપે છે,
**સ્વ**-રૂપ હોવા છતાંયે તે સ્વરૂપ નવતર શું લાગે છે !

બધી દુનિયા શી એની એ, છતાં જ્યાં આવરાયે તે,
**હરિ**લીલાથી, ત્યાં પલટો સ્વરૂપનોયે શું બદલાયે !

હરિઃૐ

# જીવનવિકાસના રસથી

ઘણો રસ જે વિશે મનને ન કંટાળો કશો ઊપજે,
ઊલટ, ઉમંગ, ઉમળકો નર્યો ઉત્સાહ રસ લીધે.

જીવનવિકાસના રસથી વિષયના હાર્દમાં ઊંડું-
ઊંડું શું ઊતરાવીને પ્રવેશાવે જ મર્મે શું !

જીવનનાં હાર્દ ને મર્મ જુદી જુદી ભૂમિકામાં,
જુદા જુદા તબક્કામાં નર્યાં કેવાં જુદાં જુદાં !

છતાં સળંગતા પાછી પરસ્પરથી પરસ્પરમાં,
અખંડિત સમગ્રતા ત્યાં છે ઊગેલી શી પરસ્પરમાં !

હરિઃૐ

## જીવન પ્રત્યક્ષ રસ જે છે

જીવનમાં રસ વિના જીવવું નકામું સાવ ફોગટ છે,
અનુભવથી પ્રમાણ્યું કે, 'જીવન **આ** માત્ર રસમાં છે !'

**हरि** વહાલોય કેવો તે નર્યો રસથી જ ભરપૂર છે !
જીવન પ્રત્યક્ષ રસ જે છે, **हरि**નું વ્યક્ત લક્ષણ છે.

બધે જેમાં અને તેમાં નર્યો રસ શો છુપાયો છે !
અને રસને લીધે જે તે લીલાંકુર કેવું બનતું છે !

જીવનનો તે જ રસ મુજને ટટારી દિલ બક્ષે છે,
ખબરદારી રખાવી શો બધો **આ** યજ્ઞ ચલવે છે !

હરિઃૐ

## હરિરસનો નશો કેવો !

જીવન જીવવું, જીવન જીવવું, **હરિ**રસના નશેથી તે,
**હરિ**રસનો નશો કેવો મગજ મજબૂત બનાવે છે !

શરીરને તોડી દે તેવી ભયંકર વેદનાને તે,
**હરિ**રસ પાડી દે મોળી, શું કીમિયાગર **હરિ**રસ છે !

બધું આકાશ છે ખાલી, નર્યું શૂન્ય જ પ્રવર્તે છે,
**હરિ**રસની ભૂમિકા પણ ખરેખર તેવી શી તે છે !

બધું જે તે થયા કરતું ભૂમિકા શૂન્ય પરથી તે,
ભલે દેખાય પ્રકૃતિ સમ છતાં પણ તે ન તેવું છે.

હરિઃૐ

# **હરિ**ની-પ્રેમ-રસ-દુનિયા

કશોયે વસવસો હાવાં કશા પ્રત્યેનો દિલ ના છે,
હૃદય બસ ઓતપ્રોત જ છે **હરિ**ના ભાવરસમાં તે.

કશા સંકલ્પ વિકલ્પ કશા વિશે ન ઊપજે છે,
**હરિ**ની ધારણા મધ્યે પરોવાયેલ દિલ રહે છે.

**હરિ**ની પ્રેરણાધારે હવે જીવવાનું જીવન છે,
**હરિ** વિના પલકભર પણ નભી શકતું ન જીવન છે.

શું શ્વાસોશ્વાસ **હરિ** પણ છે ! હૃદય ધબકાર **હરિ** પણ છે,
**હરિ**ની પ્રેમ-રસ-દુનિયા છલોછલ રસથી ભરપૂર છે.

હરિઃૐ

## हरि દિલ પ્રાણ પ્યારો છે

**हरि** દિલ પ્રાણ પ્યારો છે, શું કામણગારો **हरि** શો છે !
નયનનાં માત્ર લટકાંથી જૂનું જીવન ભુલાવ્યું છે.

પમાડી મોહ સંપૂર્ણ લઈ કબજે, પછી મુજને,
કહીં કહીં તું ભગાડે છે ! વળી પાછો રમાડે છે.

કરામત એવી તારીને પહોંચી કો ન વળતું છે,
કળા, ખૂબી **हरि**ની શી ! કશો ના પાર આવે છે.

છતાં દર્શનલીલા તારી હૃદય રમ્ય રસીલી છે,
હરખ ના માય, અનુભવથી શું પરખી પરખી લીધું છે !

હરિઃૐ

## સમગ્રે શું હરિરસથી !

**हरि**, **हरि** એકલાને તો વરેલો છું જીવનમાં તે,
વફાદારીની નિષ્ઠાથી હૃદય ચાહ્યા કર્યું **एने**.

હૃદયથી બોલ નીકળેલો કર્યું પાળ્યાં ઉમળકાએ,
ઉથાપ્યું ના વચન વહાલાતણું મેં કોઈ પણ સહેજે.

હું નૈસર્ગિકપણે કેવી અદબ વહાલાની રાખું છું !
નયનમીટ એકસરખી તે ધરી રાખું છું દિલથી હું.

હૃદયપટમાં રમે વહાલો, હૃદય વહાલાનું ચિંતવન છે,
સમગ્રે શું **हरि**રસથી જીવન રંગાયેલું તે છે !

હરિઃૐ

## જીવનના ધ્યેયની લગની

થતું જેવું મનન ચિંતવન ભૂમિકા તેમ જાગે છે,
મનન ચિંતવન થતાં ઊર્ધ્વે પ્રદેશો ઊર્ધ્વ પ્રગટે છે.

જીવનના ધ્યેયની લગની-પ્રતિષ્ઠા દિલ થતી રહે છે,
મનન ચિંતવન સતત તેની પરત્વેનું જ ચાલે છે.

છતાં ત્યાં પણ પ્રકૃતિની ભૂમિકા સૂક્ષ્મ જે કંઈ છે,
બધા અવરોધ તેનાથી થતા શા ત્યાં રહે છે તે !

કૃપાથી તે છતાં ત્યારે ઊગેલું આત્મબળ ભારે,
વિરોધોનો કરે કટ્ટર ખરેખર સામનો ત્યારે.

હરિઃૐ

## हरि-રસ-રંગ જામે છે

હૃદય, મન ને નયન પણ શાં સ્વરૂપ લગનીતણા પ્રત્યે,
અજબનાં તે રમ્યાં કરતાં ! ગજબ ખેંચાણ કરી શું તે !

હૃદયમાં ધ્યાન એનું એ રહ્યા કરતું જ લાગે છે,
સતત તે ધ્યાનમાંથી શાં **हरि**-રસ-રંગ જામે છે !

હૃદયના સંગથી અદ્‌ભુત વળી શો રાગ પ્રગટે છે !
હૃદયમાં તીવ્રતમ ઊંડો હૃદય અનુરાગ ઉત્કટ છે.

જલંતી ઝંખના તેથી વિષયમાં તે પરત્વેની,
શી **एकाकार** કરી દેતી પૂરેપૂરું હૃદય મનથી !

હરિઃૐ

## લગન લગનીની શી માત્ર !

લગની, રસના સ્વરૂપમાં શાં નયન મુજ ખેંચી ખેંચીને,
વળી વળી ત્યાંનું ત્યાં, કેવું અજબ જાદુ લગાવે છે !

હૃદય આકર્ષણે ભારે સતત ખેંચાયેલું રહે છે,
કશો અવકાશ મનને પણ ન ખેંચાવા કશે રહે છે.

બિચારી પ્રકૃતિ નરદમ શી ચૂપચાપ બિરાજી છે !
પડેલી છાનીમાની તે, કશું એનું ન ચાલે છે.

હવે બસ લગની ને લગની થઈ ગઈ સ્વાર મુજ પર તે,
લગન લગનીની શી માત્ર હૃદય શિરતાજ શોભે છે !

હરિઃૐ

## લગની, રસ તીવ્ર જેનાં છે

લગની, રસ તીવ્ર જેનાં છે શી તેની યાદ ઝબકે છે !
મનાદિને પરોવાવી સતત તેમાં રખાવે છે.

સ્મરણ લગનીનું તે કેવું શું વારંવાર પ્રગટાવે !
શી ઉત્કટ ઝંખના લગની વિષય તેવે પરોવાવે !

લગની રસનો શું ચસકો ને ઊંડો ચટકો જ લાગ્યો જે,
અનુભવવા ફરી ફરીને મનાદિ ખૂબ ઝંખે છે.

અનુભવતાં, અનુભવતાં, ન દિલ સંતોષ પામે છે,
વધુ, વધુ ઑર અનુભવવા ન ઉત્સાહ સમાતો છે.

હરિ:ૐ

# લગની અગ્નિ સમી હૈયે

ઉપાધિ કેવી સાંસારિક જીવનમાં શી નડ્યાં કરીને,
ચળવવા પંથથી મુજને ઊભી અડચણ થયેલી તે !

છતાં મક્કમ પૂરેપૂરો ટકાવાને કૃપા કરીને,
ચરણ તારે જ ઢળવાને મતિ મુજમાં ઉગાડી છે.

તને દિલ યાદ કરવાને સ્મરણ ઉપાય સૂચવીને,
મનન ચિંતવન વિશે તારા મનાદિને દૃઢાવ્યાં છે.

**તું** પ્રત્યક્ષ છતાં કેવો નર્યો અંધારપિછોડો,
મને પહેરાવી શો દઈ **તેં** મને જ્યાં ત્યાં જ અથડાવ્યો !

હૃદય તે તીવ્રતમ ભાન જગાડીને ચરણ તારે,
લગની અગ્નિ સમી હૈયે **હરિ તેં** શી જલાવી છે !

હરિઃૐ

# હૃદય લાગી લગની ઉત્કટ

હૃદય લાગી લગની ઉત્કટ વિષય તેના જ તે વિશે,
કરાવી યાદ અનુભવની હૃદય પ્રેરાવતી રહે છે.

અનુભવનો પડેલો જે ઊંડો ઊંડો જ પડઘો તે,
વધારે ન વધારે શો અનુભવ ગાઢ ઝંખે છે !

શું વારંવાર આશ્લેષ અનુભવનો જ ઝબકે છે !
ફરી ફરી મનને ઠેકાણે વળી વળી ત્યાં જલાવે છે.

અનુભવની કળા-ખૂબી કદી પણ તે ન ભૂંસાયે,
જબરજસ્ત પડાવે છે હૃદયમાં છાપ અનુપમ તે.

હૃદયછાપ થકી ઉત્કટ તલપ જે દિલ લાગી છે,
તલપમાં ને તલપમાં તો મનાદિ મસ્ત શાં રહે છે !

હરિઃૐ

## પડેલી લગનીની લત જે

લગની, રસના વિષયમાં તો શું વારંવાર મનને તે,
ઝબોળાવ્યાં કરી તીવ્ર હૃદય ઝંખ્યા કરાવે છે !

પડેલી લગનીની લત જે શું વાગોળ્યા કરાવે તે !
હૃદયમાં એનું એ **एक** રટણ તે માત્ર ચાલે છે !


ફરી ફરી મન ખરેખર ત્યાં વળગી વળગી ઝબોળાવે,
સતત બસ ઝંખના તેવી શી ઝબકોળે વિષયમાં તે !

થયેલા જે અનુભવ છે, હૃદયભૂખ તેથી લાગી જે,
કશાથી પણ થતી તૃપ્ત કદીયે ના જરા પણ તે.

હરિઃૐ

# ખંડ - ૮

# પ્રકૃતિ અને અહમ્



'**अहम्**'ના ઓગળ્યા વિના '**अहम्**'નો મદ જતો ના છે,
'**अहम्**'ની રાખમાંથીયે ફરી ઊગતું શું લાગે તે !

હરિઃૐ

## પકડ આ પ્રકૃતિની છે

પકડ **આ** પ્રકૃતિની છે શું કર્તાહર્તા પોતે છે !
પ્રકૃતિથી બીજી શક્તિતણું ના ભાન તેથી છે.

સમજ સંપૂર્ણ દિલમાં તે સક્રિયતાથી ઊતરી છે,
પ્રકૃતિની પકડમાંથી કર્યા શા યત્ન છૂટવાને !

પ્રકૃતિથી દિશા ઊર્ધ્વે સતત પ્રયાણ કરવાનું,
મનન ચિંતવન થયાં કરતું જીવંતું તે પ્રમાણેનું.

નિરંતરની થતી એવી ક્રિયાત્મક પ્રક્રિયા વિશે,
જીવનનો માંહ્યલો જાગી ઉષા દર્શન થયેલાં છે.

હરિઃૐ

## તું કર્તાહર્તા પ્રત્યક્ષ

**તું** કર્તાહર્તા પ્રત્યક્ષ પ્રસંગો સર્વનો **તું** છે,
છતાં શું ડોકિયું કેવું **अहम्** પોતે કરે ત્યાં તે !

બહુ ફટકારવાનું મેં **अहम्**ને તો કરેલું છે,
કહીં અસ્તિત્વ તારું છે ? **हरि**ને કાં ભૂલેલો છે ?

**हरि** પોતે જ અવતરીને સ્વરૂપો સર્વ ધાર્યાં છે,
નગદ તે સત્યને ભૂલી, ભમી મરતો નકામો શેં ?

સતત **हरि**માં રમણ કરવા હવે તો ચિત્ત લગાડ્યું છે,
**हरि**ની સભાનતામાં દિલ રમાડ્યાં નિત્ય કરવું છે.

હરિઃૐ

## સતત જેનું મનન તેમાં

વલણ જેવું તમારું છે, **अहम्** તે રીત વર્તે છે,
પ્રકૃતિમાં રીતે તેની, ઊર્ધ્વમાં ઊર્ધ્વની રીતે.

વલણ, વૃત્તિતણી રીતે **अहम्** વપરાતું તે રહે છે,
'ગતી પ્રેરવવી', તે માત્ર **अहम्**નું મુખ્ય કર્મ જ છે.

સતત જેનું મનન તેમાં તમારો સંગ પ્રગટે છે,
અને તે સંગને લીધે ઊંડો ત્યાં રાગ જન્મે છે.

થતાં એકાગ્ર અનુરાગ વિષયમાં શા તદાકાર-
થતાં રહેતાં, શું બદલાતાં જીવનનાં રૂપ ને રંગ !

હરિઃૐ

## પ્રકૃતિના જુદા જુદા … … વમળ

પ્રકૃતિના જુદા જુદા ઊંડા એવા વમળ વિશે,
ફસાયો છું ચમત્કારિક રીતે **તેં** શો જગાડ્યો છે !

શું પસ્તાવો હૃદય કેવો મને તે વેળ પ્રગટ્યો છે !
અને એ અગ્નિએ મુજને સચેતન કરી જ દીધો છે.

થવાતાં દિલ સંપૂર્ણ સચેતન, તે પછી મુજને,
પૂરું ત્યાં ભાન આવીને પથે સડસડાટ ચલવ્યો છે.

**अहम्** પુરુષાર્થનું સાવ બધું પીગળી ગયેલું છે,
પછી આધાર **हरि**ની પર નર્યું ધરવા શિખાયું છે.

હરિઃૐ

# अहम् ગળતું રહેલું છે

સ્મરણથી પીગળી કેવું **अहम्** ગળતું રહેલું છે,
સ્મરણની ભક્તિની કેવી ખૂબી ન્યારી, રસીલી છે.

જીવનમાં સ્મરણનો પાનો મને જ્યારે ચઢેલો તે,
બધા ઉધમાત પ્રકૃતિના જીવનમાં ઊછળ્યા ના છે.

જીવનમાં હર્ષ ઉન્માદ ઉછાળા મારતો ઊછળે,
જીવનનું **प्राण**નું તત્ત્વ મહત્ત્વે મોખરે ત્યારે.

**अहम्** ત્યારે જ મદદગાર મને નીવડેલું કેવું તે !
જીવનમાં મિત્રની કેવી ગરજ એણે જ સારી છે !

હરિઃૐ

# अहम्‌ના ઓગળ્યા વિના

**हरि**માં જીવવા કાજે સ્વીકારી મૃત્યુ લીધું છે,
સ્વીકાર્યું છે ન તે માત્ર, મૃત્યુને ભેટી જાણ્યું છે.

નમ્રમાં નમ્ર બનવાને **अहम्**ની ધૂળ-રજકણમાં,
હું આળોટ્યો જ સર્વાંગે, સહારો લઈ કૃપાબળમાં.

**अहम्**ના ઓગળ્યા વિના **अहम्**નો મદ જતો ના છે,
**अहम्**ની રાખમાંથીયે ફરી ઊગતું શું લાગે તે !

**हरि**પદ ભક્તિ સંપૂર્ણ થતી જ્યારે હતી હૃદયે,
**अहम्** ઓળા જ સંપૂર્ણ શું ઓલવાઈ જતા ત્યારે !

જીવનમાં ભક્તિની ત્યારે ખુમારી, ખુશબો કેવાં
કૃપાથી આવિયાં જીવન અનુભવમાં મહેકેલાં.

હરિઃૐ

## અહમ્ ઉપયોગ સાધ્યો છે

પ્રકૃતિની પકડને તો **અહમ્** સજ્જડ બનાવે છે,
બધું અભ્યાસમાં તેથી **અહમ્**નું જોશ વાળ્યું છે.

હૃદય ઉત્સાહ, ઉમંગે, ઉમળકાથી જ પુરુષાર્થે,
સતત મંડ્યા રહી, મેં તો **અહમ્**ને વાપરેલું છે.

જહીં મોળું પડાતું 'તું, થતા સાધનના અભ્યાસે,
કૃપાથી બેવડા જોશે બહુ મેં દોટ માંડી છે.

બધું જોમ, પૂરી હિંમત, કદીક સાહસ કરી ભારે,
સતત મંડ્યા રહેવાતાં, **અહમ્** ઉપયોગ સાધ્યો છે.

હરિઃૐ

# અહમ્‌ને પાડવા મોળું

બધી મોકાણ જગતમાં છે, ખરેખર 'હુંપણાની' તે,
બધો સંસાર પ્રગટેલો **અહમ્**ના મૂળમાંથી તે.

બધાં દ્વંદ્વ અને ગુણ, **અહમ્** લીધે ટકે છે તે,
**અહમ્** ખૂંચતાં **અહમ્**થી તે થવા મુક્ત, ઊગેલું છે.

**અહમ્**ને કારણે જે તે બધું વિસ્તાર પામે છે,
ટુંકાવાઈ, પ્રવેશાવા શું કેંદ્રે દિલ જાગ્યું છે !

**અહમ્**ને પાડવા મોળું શરણ ચરણે ગ્રહેલું છે,
**હરિ**ની જામતાં ભક્તિ **અહમ્** મેળે નમેલું છે.

હરિઃૐ

# हरि તુજ પ્રેમનો મોહ

**हरि** તુજ પ્રેમનો મોહ રીતિનો અજબ ગજબ શો છે !
નર્યું સૌંદર્યનું દર્શન બધાંમાં તે કરાવે છે.

છુપાયેલું રહેલું જે રહસ્ય ગૂઢ જે-તેનું,
પમાડી સભાનતા તેની અલૌકિક ભાવ પ્રેરે શું !

**हरि**ના પ્રેમનો મોહ, જરા પણ આંધળો ના છે,
**हरि**ના એકલાનામાં શી અંતર્દૃષ્ટિ પ્રગટાવે !

**हरि**ના એકલાનામાં શું ગરકાવ જ કરાવે તે !
હૃદય ગુલતાન, મશગૂલ **हरि**માં તે કરી દે છે.

હરિઃૐ

# ઊગ્યાં સાધનનો અભ્યાસ

ઊગ્યાં સાધનનો અભ્યાસ સતત કરતા રહેવાથી,
તમન્નાનું હૃદય જોશ વધ્યાં કરતું છલંગોથી.

તમન્ના જોશ એવાનું હૃદય જ્યાં ભાન જાગ્યું છે,
વડે તે ભાન, જીવનમાં થયો પુરુષાર્થ કેવો તે !

જીવનમાં જોખમો, સાહસ, ઉમળકાથી વધાવ્યા છે,
વળી મર્દાનગીથી શા તહીં સંગ્રામ ખેલ્યા છે.

મૂકીને વેગળું માથું ઝઝૂમીને, ઝઝૂમીને,
કૃપાથી પૂર્ણ હિંમતથી સફાચટ સૌ થયેલું છે.

હરિઃૐ

# પળેપળ સાવધાનીની

‘**હરિ**ને **પદ** થતાં ખુલ્લા પૂરેપૂરા બધી રીતે,
પછીથી ઊર્ધ્વ વિકાસે **હરિ** તમ સૌ કરી દેશે.’

કહેતાં સાંભળેલું છે, લખેલું પણ તે વાંચ્યું છે,
‘થવું સંપૂર્ણ ખુલ્લું તે’ ખરો અર્થ કોણ જાણે છે ?

થયેલા સાવ ખુલ્લા તે પૂરેપૂરા છીએ કે ના,
કરે છે કોણ દરકાર કરીને ડોકિયું દિલમાં ?

તમારે ખુલ્લું સંપૂર્ણ પદે જેને થવાતું છે,
પળેપળ સાવધાનીની પરત્વે તે જીવંતી છે ?

હરિઃૐ

# થવું સંપૂર્ણ ખુલ્લું તે

'થવું સંપૂર્ણ ખુલ્લું તે' ખરો શો અર્થ એનો છે ?
પ્રમાણે તે જીવનનું સૌ નીરખવા કોણ બેસે છે ?

બધો અર્થ કને જેની જીવનનો સાધવાનો છે,
ગરજ ઊંડે તમારે દિલ ખરે ! કેટલી શી લાગી છે ?

જીવનનું ઊર્ધ્વ કલ્યાણ કરી દેનાર જો કોઈ છે,
હૃદયમાં તેમના પ્રત્યે જીવંતી ભક્તિ કેવીક છે ?

'થવું સંપૂર્ણ ખુલ્લું તે', સહેલું કંઈ પડ્યું ના તે,
અભીપ્સા ચેતનાત્મક દિલ સતત જલતી રહેલી છે ?

હરિ:ૐ

## થવાતું ખુલ્લું છે કે ના

'થતાં ખુલ્લું જ સંપૂર્ણ તમારું સૌ કરી દેશે',
ભલે તે સત્ય હો, કિંતુ થયેલા તેમ છો કેટલે ?

થવાતું ખુલ્લું છે કે ના, પરીક્ષક છો તમે એના,
સ્થિતિ તે યોગ્યનું લક્ષણ પળેપળની જ અભિમુખતા.

જીવનનું સર્વ કલ્યાણ કરી દેનાર જે તમ છે,
પરત્વે તેની તમ દિલની પરખજો, જાગૃતિ શી છે ?

મનાદિ જો પળેપળનાં પરોવાયેલ હેતુમાં,
ખરે ! એવાં જ માનવનાં જીવન ફળતાં રહેવાનાં.

હરિઃૐ

# 'થતાં ખુલ્લા' સમજવું તે

'અનાશક્તિથી નિષ્કામ નિર્મમત્વથી નિર્મોહ',
-પ્રમાણે તે જીવન તમ, તો થયા ખુલ્લા જ સંપૂર્ણ.

'જીવનનાં સર્વ પાસાંનું પદે તેને નિવેદાતું
-પૂરેપૂરું જ ભક્તિથી', થતાં ખુલ્લા સમજવાનું.

'પડેલી સમજણો, ટેવો, મતો ને આગ્રહો જે તે
-થતાં મોળાં જ જ્યાં લાગ્યે', 'થતાં ખુલ્લા' સમજવું તે.

શી તીવ્ર સભાનતા હૃદયે ભલું કરનારની પ્રત્યે
-પળેપળ દિલ જાગંતાં ! થવાશે તો જ ખુલ્લું તે.

હરિઃૐ

## શું મન તોફાની એવું જે

ઉતારે વાંદરાં વડનાં શું મન તોફાની એવું જે !
સ્મરણ અભ્યાસથી રાગે કૃપાથી તો પડેલું છે.

કરું ફરિયાદ કાં મનની ? જરૂર તે પેટ મારું છે,
અરે ! દેવાય છે નાખી કંઈ ઉકરડે ઓછું તે ?


હૃદયમાં લાગવા મંડ્યો સ્મરણનો નાદ જે પળથી,
રહેવાતું જ ઠેકાણે શું લાગ્યું મન ખરું પદથી !

ઊંડી લગની **હરિ**પદમાં પડી મનને જહીંથી તે,
પછીથી આપમેળે મન રહ્યું છે સ્થિર ચરણ ચહીને.

હરિઃૐ

# ખંડ - ૯

# સાધનાવિકાસના અનુભવો



જીવન જેણે ઘડી જાણ્યું જીવન નિજ ધ્યેયની રીતે,
મહા બડભાગી તે જનને નમસ્કારો હજારો છે.

હરિઃૐ

## તપશ્ચર્યાથી જીવનનું

કશું સુખ ભોગમાં ના છે, નર્યું સુખ ત્યાગમાં તો છે,
'થતો રહેતો જ જે ત્યાગ', તપશ્ચર્યા શી સાચી તે !

તપશ્ચર્યાથી જીવનનું નવું ઘડતર થતું રહે છે,
અનુભવથી જીવનમાં તે ખરેખરું નાણી જોયું છે.

તપશ્ચર્યાથી જીવનનું નવું પાસું ઊગેલું જે,
અનુભવના પ્રમાણોથી પૂરું સિદ્ધ જ થયેલું છે.

તપશ્ચર્યા વિના ઘડતર જીવનનું ના થઈ શકતું,
હૃદય તે સત્ય અનુભવથી થયું અમલીકરણ તેનું.

હરિઃૐ

# નજર તારી વિશે દાખલ

કશી કોઈની ગણતરીમાં અમારે આવવું ના છે,
છતાં તારી ગણતરીમાં અવાતાં, ધન્ય લાગે છે !

કૃતાર્થ ત્યાં થયાનો શો જીવન લહાવો અનુપમ છે !
નજર તારી વિશે દાખલ થવાતાં, ધન્ય અવસર તે.

મને ઉપયોગ તારામાં લઈ લઈને જીવનધર્મ-
બજવવાનો મળે મોકો, કૃપા તુજ એવી મુજ પર છે.

શું છેલ્લા થરતણા એવા નકામા છેક માનવને-
ઉપર લાવી મૂકી કેવો પ્રતિષ્ઠિત **તેં** કરેલો છે !

હરિઃૐ

# પમાડે સહુને આશ્ચર્ય

કશી ગણના કશા વિશે જગતમાં તો ન મારી છે,
મને તું નિત્ય ઉથલાવી જુદો જુદો બનાવે છે.

ઘડીકમાં એક તો પાછો ઘડીકમાં શા બીજારૂપે
-શું નવતરના જ લેબાસે મને ઘોડે ચઢાવી દે !

કદીક વિદ્વાન બનવીને પૂછેલા પ્રશ્નના ઉત્તર,
કૃપાથી તું અપાવીને, પમાડે સહુને આશ્ચર્ય !

કદીક તો સાવ અડબોથ, કદીક શિશુ સમું જીવન,
કદીક વ્યવસાયી પાકો થઈ, ચલવતો લાગતો જીવન.

હરિઃૐ

# મરણિયો શો હૃદય થઈને

શું યદ્વાતદ્વા જીવનને નર્યું ફંગોળી નાખ્યું છે !
શું રોકકળ હવે કરવા તું બેઠો છે નકામો તે ?

હવે રાંડ્યા પછીનું તે બધું ડહાપણ નકામું છે,
છતાં જાગ્યા પછીનું તે સવાર મેં ગણેલું છે.

જીવન બાકીનું તે રીતે ઊજવવા દિલ મક્કમ છે,
મરણિયો શો હૃદય થઈને ઝઝૂમીને ઝઝૂમ્યો તે.

થવા આરપાર સંપૂર્ણ કટીબદ્ધ કૃપાથી થઈ,
પુરુષાર્થે કમીના કંઈ કશી બાકી ન રાખી છે.

હરિઃૐ

## હૃદયબળ વાપરી પૂર્ણ

હવે તો હાર કે જીતનો કશો પ્રશ્ન જ રહેલો ના,
બધું જે જે થતું તે તે થવા કલ્યાણ માટે ત્યાં.

હવે આરંભ્યું જે તપ છે વળી જે યજ્ઞ માંડ્યો છે,
કરી પરિપૂર્ણ શો જંપ હૃદયમાં વાળવાનો છે !

હવે નીકળી જવાનું છે જીવનથી આરપાર જ તે,
વિના તે ક્યાંય આરામ ન ખાવાનો અમારે છે.

લડતમાં શત્રુને જીતવા અમે સંગ્રામ માંડ્યો છે,
હૃદયબળ વાપરી પૂર્ણ જવાનો પાર નિશ્ચય છે.

હરિઃૐ

# મને સંભાળી તું લે છે

અનેકે વાર જીવનમાં મને સંભાળી તું લે છે,
કરી બેસું છું મૂર્ખામી, છતાં તું સાચવી ત્યાં લે.

મને તુજ અંગનું જાણી, બધાં મુજ કર્મ નીપટે છે,
કશું બાકી ન રહેવા દે, પૂરેપૂરું ફળવતો છે.

મને કોઈક વિદ્વાનો પૂછે શા અટપટા પ્રશ્નો !
છતાં સંતોષકારક દિલ તહીં ઉત્તર મળે છે સૌ.

વિષય કોઈ સૂક્ષ્મ પર લખવા મને કોઈક પ્રેરે છે,
કૃપા શી લાયકાત જ તે હૃદય પ્રેરી, લખાવે છે !

હરિઃૐ

## શું તરણાનો કરે મેરુ

પૂરા અડબોથ એવાને ગહન પાઠ ભજવવાને
-મને બક્ષી, પછી ઊભો તમાસો શો કરાવ્યો છે !

વળી બુડથલ બધી રીતે, ખરેખર સાવ બુઠ્ઠો જે,
છતાં કેવો સમર્થ જ તું બધું જે તે બનાવે છે !

કરે શો રાયને રંક, શું તરણાનો કરે મેરુ !
ઊથલપાથલ શી બ્રહ્માંડે સતત ઉપજાવતો રહે શું !

ઊલટપાલટ દશા સહુની જીવનમાં શી થતી રહે છે !
છતાં કેવો રખાવ્યો છે **હરિ**ની ધારણામાં તે !

હરિઃૐ

# હરિની ધારણા દિલ છે

છતાં સાધન વિશે મુજને રહે ના ખ્યાલ સાધનનો,
પરંતુ હેતુનું જ ભાન કૃપાથી ત્યાં રહ્યું દિલમાં.

જીવનની સભાનતા જાગી થતાં જે કર્મ તે વિશે,
જીવનનો હેતુ જીવંતો રહ્યા કરતો હૃદયમાં છે.

મળેલાં કર્મને કરતાં ન ખ્યાલ જ કર્મનો ત્યાં છે,
પરંતુ તે થતાં કર્મે, **હરિ**ની ધારણા દિલ છે.

અખંડિત ધારણા હૃદયે શી અગ્નિસમ તમન્નાને
-લીધે, કેવી સજીવન તે થઈ દિલમાં કૃપાથી છે !

હરિ:ૐ

## હૃદયની જાગૃતિ પર છે

થતાં રહેતાં હૃદય સાધન, હૃદય સાધનના હેતુને-
જીવંતો ધારવા નિત્યે શું મથવાનું થયેલું છે.

જીવનમાં હેતુની ઊંડી પૂરી સભાનતા હૃદયે-
સતત તે ધારવા લક્ષ કૃપાથી તો અપાયું છે.

હૃદયમાં હેતુની સમજણ થતાં પ્રત્યક્ષ સાધનમાં,
પૂરેપૂરું દઢાવાને પ્રયત્નશીલ શો દિલમાં !

બધો પ્રત્યક્ષ આધાર હૃદયની જાગૃતિ પર છે,
થતાં મશગૂલ સાધનમાં શી જાગૃતિ દિલ પ્રગટી છે !

હરિઃૐ

## દીધાં સર્વ કરેલું છે

મજૂરી કાળી જબ્બર શી જીવન અર્થે થયેલી છે,
પરિશ્રમનાં મળ્યાં ફળને **હરિ**ચરણે સમર્પ્યાં છે.

મળ્યું જે સર્વ ઉપયોગે કૃપાથી વાપરેલું છે,
કમાયેલું બધું ધન તે પૂરું વેપાર જોડ્યું છે.

કમાણીથી કમાણીનો નવો વ્યાપાર માંડ્યો છે,
જીવનવિકાસનાં કર્મે નફો પણ જોતરાવ્યો છે.

અમે પાસે ન રાખ્યું છે, દીધાં સર્વ કરેલું છે,
રજેરજ પદ ધરાવ્યું છે, થયા ગયું સર્વ જે તે છે.

હરિઃૐ

## તને સંભારી સંભારી

જીવનમાં કેટલી વાર પડાયું ભાંગી મુજથી છે !
તને સંભારી સંભારી મુસીબતથી જિવાતું છે.

જીવનમાં અટપટી કેવી નરી મુશ્કેલી ઊગીને !
મને ગભરાવી મૂકીને કશો આરો ન રાખ્યો છે.

છતાં ત્યાં છીંડું પાડીને જવાને મોકળો પથ તે
-થવા, મતિની કરામતથી મથ્યા કેવું કરેલું છે !

કશા ગજ જ્યાં ન વાગ્યા છે, સ્મરણ ને પ્રાર્થનાનો તે
-સહારો લઈ લઈ દિલથી થયું સંબોધવું તુજને.

હરિઃૐ

## જીવનમાં એ જ તણખાએ

જીવનમાં આડખીલીઓ અનેકે રીત પ્રગટી છે,
પરેશાન કરી કરીને શી તોબા પોકરાવી છે !

કદીક હાલી ગયેલો છું, નર્યો જ નમી પડેલો છું,
ઊભો રહેવા હૃદય બળતો ન ત્યારે દિલ જાગ્યું'તું.

શું આછુંપાતળું તોયે સ્મરણ દિલ ચાલતું'તું જે,
શું એણે હચમચાવીને, હૃદય તણખો જલાવ્યો છે !

જીવનમાં એ જ તણખાએ તમન્ના આગ જગવીને,
પ્રકાશ ઊર્ધ્વતમ શિખરે શું ફેલાવ્યો ખરેખર છે !

હરિઃૐ

# શું જાળવી રાખવા દમને

શરીરમાં દમ રહ્યા ના છે, ન દમ કાં છાલ છોડે છે ?
શું તોયે દમ ભિડાવીને લગાડ્યો યજ્ઞમાં દમને !

તમારા નિજમાં દમ ના, કશામાં ના જણાવાના,
થયેલું જે વગર દમનું, બધું ભલીવાર વિનાનું.

થતાં સાધનના અભ્યાસે લગાડી દમ પરે દમને
-ચઢાવી બાંય ઉભય શું મથાયું દમ દઈને તે !

શું જાળવી રાખવા દમને પૂરી સમજણથી જીવનમાં,
તકેદારીથી સંપૂર્ણ મથાયું છે સતત દિલમાં.

હરિઃૐ

# પથે આ ભોમિયો કોઈ

કઈ બાજુ જવાનું છે, ન ઝાઝી તેની ગમ કંઈ છે,
પરંતુ પથ શું અડસટ્ટે તહીં લેવાનો શોધી તે.

પડી ભારે જ માથાકૂટ તહીં પથ શોધવાની તે,
પથે **આ** ભોમિયો કોઈ જીવનમાં તો મળ્યો ના છે.

પીધેલા દારૂથી પૂર્ણ શરીર બેભાન હો છોને,
પૂરી બેહોશીમાંયે તો જરૂર ઘર પહોંચતો શો તે !

નિયમિત ને નિરંતરનો પડ્યો અભ્યાસ જીવન જે,
વળાંકો જ્યાં નવા આવ્યે મને એણે સુઝાડ્યા છે.

હરિઃૐ

## *સકળ પુરુષાર્થ જે બનતો

જહીં ગૂંચવાડો પ્રગટ્યો છે, વળી કોયડા જ જાગ્યા છે,
અને જ્યાં પ્રશ્ન ઊભળ્યા છે, તહીં સાવધ થયેલો જે.

ન ગૂંચવાયો જરા પણ છું, ન ગભરાયો જ દિલમાં હું,
શું કરવા સામનો જબ્બર ઊભો સમરાંગણે ભડ હું !

ઊગંતાં શાં નવાં ફેલાં બધાં ઉકેલ કરવાને,
કૃપાથી ત્યાં મથાવાનું થયા કર્યું શું બહુ રીતે !

જહીં હું એકથી નીકળ્યો, તહીં બીજું જ ઊભું છે,
શી વારંવાર અથડામણ જીવનમાં શી શી જાગી છે !

સકળ પુરુષાર્થ જે બનતો કર્યા કરીને, કર્યા કરીને,
હવાલો તે પછી **હરિ**ને દીધો સોંપી જ નિશ્ચિંતે.

---

* શ્રી રાવજીકાકા (ડભાણવાળા)ના બોલાયેલા શબ્દોથી.

હરિઃૐ

# હૃદયના પ્રેમીને માટે

હૃદયમાં પ્રેમ જેના પર અતિશય વહાલ તેના પર,
વછૂટી ધોધની પેઠે, થતું ત્યાં દિલ ન્યોછાવર.

'કરી નાખું હું શું શું તે!' ઉમળકો દિલ જાગે તે,
હૃદયના પ્રેમીને માટે અનોખા કોડ જન્મે છે.

સતત બસ ઝંખના ઉત્કટ શી એકની એક વર્તે છે !
અને તે ઝંખના કેવી ભયંકર કારમી તે છે !

વલોવાયાં જવાતું છે, દશા શી ચંક્રમણની તે !
શી એકની એક નિરંતર વહ્યા કરતી જીવનમાં છે !

હરિ:ૐ

## હરિના પ્રેમના બદલા

'સદાચાર, જીવનનિષ્ઠા, હૃદયશ્રદ્ધાનો આધાર-
'ખરેખર પ્રેમ પર શો છે !' અનુભવ તે મળ્યો જીવન.

**હરિ**ના પ્રેમના બદલામહીં વહોરી ફનાગીરી,
સમર્પણ પૂર્ણ જીવનનું થઈ તેથી શક્યું દિલથી.

અવિસ્મરણીય કેવી તે જીવનની કામગીરી છે !
જીવન ન્યોછાવર કરીને, કમાણી શી કરેલી છે !

વહી છે આંસુની ધારા, વિના નિદ્રા વિતાવ્યા દી,
ગણાવું શું ? કર્યું શું શું ? કૃપા કેવી તમન્નાની.

હરિઃૐ

## તહીં આખરનું હરિનું બળ

ઝઝૂમીને ઝઝૂમીને લડતમાં ઝંપલાવ્યું છે,
કદીક હાર્યો, પડ્યો પાછો, પડાયું છેક નીચે છે.

લડતમાં પડતાં, પડતાંયે લડવું તો જારી રાખ્યું છે,
સકળ કૌશલ્ય, કૌવતથી લડવું શું પકડી રાખ્યું છે !

જીવનમાં જામતાં ઊંડું હૃદય સંપૂર્ણ ત્યાં કેવું,
-ઉભય તે બાવડાંકેરી શી તાકાત જણાઈ શું !

બધી હિંમત, પૂરું બળ તે જહીં વપરાઈ ચૂકેલું છે,
તહીં આખરનું **હરિ**નું બળ ખરું ખપનું જ નીવડ્યું છે.

હરિઃૐ

# નર્યું બહેલાવીને જીવવા

જીવનમાં છાંયડો, તડકો બધાંને આવતો છે તે,
નર્યો કુદરતનો એવો તે અખંડિત કાર્યક્રમ શો છે !

ન છટકી કોઈ શકતું છે, જીવનના કાયદાથી તે,
ખરેખર કોઈ અપવાદ ન એમાં કોઈનોયે છે.

ચઢતી, પડતી, જીવનક્રમ તે પડે લાગુ બધાંનેયે,
રહે તેમાં જ સ્થિતપ્રજ્ઞ વિરલ બડભાગી કોઈ જે.

નર્યું બહેલાવીને જીવવા, બધી પરિસ્થિતિમાં દિલને,
જીવંતો ટેક જાળવવા પ્રતિજ્ઞા દિલ લીધેલી છે.

હરિઃૐ

# થવા દેવા જીવન ઊર્ધ્વ

જીવનની દીર્ઘકાલીન તે થતી રહી સાધના જે છે,
નયન પલટાવી નાખીને નૂતન દૃષ્ટિ શી બક્ષી છે !

શું એનું એ જ છે સઘળું ! છતાં બદલાય દૃષ્ટિ જે,
બધું નવતર ખરું લાગે, ખૂબી દૃષ્ટિ નૂતનની છે.

થવા દેવા જીવન ઊર્ધ્વ લગની ઉત્કટ હૃદયમાં જે,
મથાવ્યા શું કર્યું એણે ! હિમાલય પહાડ ઊંચક્યો છે.

તળે ઉપર થયું સઘળું, પટેપટ સાવ પલટાઈ,
પ્રકૃતિ જે હતી સ્વામી, હવે દાસી બનેલી શી !

હરિઃૐ

# જીવનના ઊર્ધ્વ આરોહણ

નર્યા સ્વચ્છંદથી પૂરા જીવન શું ખદબદેલું છે !
જીવનમાં ડંખતું તીવ્ર ખરેખર ભાન પ્રગટ્યું છે !

જીવનચીલો પૂરેપૂરો ખરેખર તેથી બદલાવા
-તમન્ના આગ પ્રગટી છે શું જાણે જીવતા લાળા !

હવે બેસી રહેવાનો કદી વારો ન જાગ્યો છે,
સતત ઉદ્યમ, નર્યો ઉદ્યમ, થયા કીધો જ ઉદ્યમ છે.

શરીર અંગ, ઉપાંગોને, મનાદિ સર્વ કરણોને
-જીવનના ઊર્ધ્વ આરોહણતણાં કામે લગાડ્યાં છે.

હરિઃૐ

## પ્રયત્નો દિલ મક્કમતા

પ્રસંગો ખૂબ લલચાવે જીવન એવા મળેલા છે,
ફસાઈ ત્યાં જવાતાંમાં કંઈક ચેતાયું દિલથી છે.

પ્રયત્નો દિલ મક્કમતા થકી ત્યારે થયેલા છે,
મથાતાંયે હરાયું છે, કશી કારી ન ફાવી છે.

કરીને એકઠી હૃદયે હતી હિંમત બધીએ તે,
ટકી શકવા જ ઉપયોગે લીધાં મેં તો કરેલી છે.

બધાં પાસાં જ નાખી મેં ખરેખર ખૂબ જોયા છે,
મથ્યા કરવાતણો મેં તો કદી ના છાલ છોડ્યો છે.

હરિઃૐ

# हरिपदમાં મૂક્યા વિના

જીવનની સર્વ હકીકતને **हरिपद**માં મૂક્યા વિના,
પૂરેપૂરું જ ખુલ્લું તે થયા વિણ ચાલતું છે ના.

જીવનમાં આત્મનિવેદનતણો અભ્યાસ જીવંતો,
રજેરજનો, પળેપળનો પડેલો શો અમને તો !

વિતક કથની, સુખદ કથની ચરણ **हरि**ને નિવેદીને,
હૃદય નિશ્ચિંતતાને શા જીવનમાં તો વરેલા તે !

વફાદારીથી સંપૂર્ણ મુનીમનું કર્મ **हरि**નું તે
-કમાણી, ખોટ ને સઘળું જીવનનું તે ધરી દઈએ.

ધરી દઈને, પૂરા ખાલી નરાતાર નર્યા રહીએ,
જીવનનો કાર્યક્રમ એવો નિરંતરનો પડેલો છે.

હરિઃૐ

## જીવન અંતરની શક્તિ જે

જીવન અંતરની શક્તિ જે થતાં જાગ્રત, શું સર્જે તે
-મહાભારે ચમત્કાર ન માન્યામાં જ આવે જે.

થઈ જ ના શકતું હો એવું અશક્ય કર્મનેયે તે
-થયેલી શક્તિ જાગ્રત શી ઉતારી પાર શકશે તે !

થયેલી શક્તિ જાગ્રતનું અભૂતપૂર્વ ન કલ્પેલું
-જીવનમાં બળ પ્રગટતું છે, કરે તે કર્મ ત્યારે શું !

શું દુર્ઘટમાંહી દુર્ઘટ જે અશક્ય જે ગણાતું છે,
બતાવે કર્મ કરીને તે, શી અંતરની જ શક્તિ તે !

હરિઃૐ

## પળેપળ ચિંતવને

વફાદારી, પ્રમાણિકતા શહાદત ને ફનાગીરી
-સમર્પણ સહુ પ્રકારેથી, વળી ન્યોછાવરી દિલની.

પળેપળ ચિંતવને પ્રેમીતણા આકર્ષણે દિલથી,
બધું તે સાવ સ્વાભાવિક હૃદયના પ્રેમમાં મનનથી.

સતત દિલ દિલથી કેવાં શું વળગેલા રખાવે છે !
પલકવાર ન છૂટો તે પરસ્પરથી થવા દે છે.

હૃદય તે સુખની અવધિ શું અપરંપાર કેવી છે !
ભયંકર ભરતીની છોળો થકી વિશેષ ઊછળે તે.

હરિઃૐ

## મહાબડભાગી તે જનને

નર્યું જે બોલવામાં છે સહેલું સુતરું પણ જે,
પરંતુ તેમ આચરવું મહામુશ્કેલ, દુષ્કર છે.

કહ્યું હો, તે પ્રમાણેનું પૂરું આચરવું તે રીતે
-બને તે કોઈક વીરલાથી, વિરલ નરરત્ન કોક જ તે.

પ્રપંચી કાળ છો આજે, છતાં તે કાળમાંયે છે
-ખરેખર કોઈક સદ્‌ભાગી હજી પ્રત્યક્ષ તેવા છે.

જીવન જેણે ઘડી જાણ્યું જીવન નિજ ધ્યેયની રીતે,
મહાબડભાગી તે જનને નમસ્કારો હજારો છે.

હરિઃૐ

## મંથનમાં દિલ સંપૂર્ણ

શું અથડાવાનું જીવનમાં અમથું અમથું થયું શું તે !
કૃપાથી ભાન જાગંતાં સફાળું શું ઉઠાયું છે !

ઊઠીને હું થઈ બેઠો થઈ સજ્જ, કમર કસીને,
જીવનને જીતવા કાજે હું ઉદ્યમશીલ રહેલો જે.

બધી દરકાર ચોમેર ધરી ધરીને જીવન પ્રત્યે,
જીવનઘડતરની શિક્ષામાં પરોવી ધ્યાન દીધું છે.

મંથનમાં દિલ સંપૂર્ણ થઈ એકાગ્રતા જ્યાં તે,
સફળ કેવો થતો ચાલ્યો ! ખૂબી જીવનની શી ત્યારે !

હરિઃૐ

## પરીક્ષા બહુ રીતે કેવી !

**हरि** તુજ ભક્તનું કેવું હૃદય તારી પ્રતિનું છે
-જણાવાનું હજી તુજને રહેલું બાકી શું તે છે ?

પરીક્ષા બહુ રીતે કેવી કરેલી કારમી મુજ **તેં** !
પ્રતીતિ શું હજી તુજને થયેલી મારી કંઈ ના તે ?

કસોટી શી ભયંકર તે જીવનમાં પ્રગટી પ્રગટીને
-કદીક તો બાવરો કેવો બનાવી દિલ દીધેલો છે !

છતાં પાછો સચેતન દિલ થતાં ના વાર લાગી છે,
પરીક્ષામાંથી હું તારી થયો પાસ કૃપાથી જે.

હરિઃૐ

# કસોટી ને પરીક્ષા મુજ

કસોટી ને પરીક્ષા મુજ જીવન **તેં** શી શી લીધી છે !
સમગ્ર બળ હૃદયનું ત્યાં ચૂક્યો સંપૂર્ણ વાપરી જે.

'ઊણપ કોઈ કશી સહેજ થવા દેવા ન', ચેત્યો છું
-તકેદારી પૂરેપૂરી ધરી સજ્જ થયેલો હું.

બધી રીતની હું સંપૂર્ણ ધરી તૈયારી જીવનમાં,
કટોકટીની પળે એવી થયો સાવધ પૂરો દિલમાં.

સતત ચેતેલ રહેવાને કૃપાથી હું મથેલો જે,
કૃપા તારી વરસતાંમાં હવે શી બોલબાલા છે !

હરિઃૐ

## તને મારા સમો બોથડ

મને બહુરૂપીનો વેશ **હરિ તેં** લેવરાવ્યો છે,
જુદા જુદા જીવનપાઠ ભજવવા ભાગ આવ્યા છે.

કળા, શી પાઠની તે તે વિશે મુજને પઢાવીને
-જીવન તે તેતણા હાર્દે પ્રવેશાવું કરાવ્યું છે !

અજાણ્યો સાવ કદી પાઠ ભજવવો તો પડેલો છે,
કૃપા તારાથી તે ક્ષેત્રે મને તેં શિખવાડ્યું છે.

તને મારા સમો બોથડ મળ્યો કોઈ હશે ના તે,
બધું શિખવાડવા મુજને તને શો શ્રમ પડેલો છે !

છતાં **તેં** લાજ રખવી છે, અધૂરું ના રખાવ્યું છે,
કૃપાથી સર્વ લીધેલું પૂરું પાર જ પડાવ્યું છે.

હરિ:ૐ

# **હરિની છે રખેવાળી**

જીવનમાં તોળવા ન્યાય ન કોઈનો જવું બેસી,
ધરી વિશ્વાસ **હરિ**ના પર બધું આચરવું દીનતાથી.

**હરિ**આધાર સંપૂર્ણ ધરી હૃદયે જીવનમાં તે,
જીવનની આંટીઘૂંટીથી જવાનું પાર નીકળીને.

કશો ભય ના કશા વિશે, જીવન નિર્ભયતા વ્યાપી છે,
**હરિ**ની છે રખેવાળી, નિરાંતે સોડ તાણી છે.


મુસદ્દીગીરી ના જાણી મને ના ભાન તેનું છે,
મુસદ્દીગીરીનો તાત *__હરિ__ સંભાળી મુજ લેશે.

* બધું સાચવતો બેઠો છે.

હરિઃૐ

# ખંડ - ૧૦

# શરીરાવસ્થા અને ભગવદ્‌ભાવ



શરીર હોવા છતાં, પૂર્ણ અશરીરી જે ભૂમિકા છે -શરીરની ના હજી થઈ છે, શરીરને રોગ તેથી છે.

હરિઃૐ

# અમારે તો ચરણ તારે

શરીર મુડદાલ **હરિ આ** શું ઘણા રોગે ભરેલું છે,
શરીરની પણ જુદી દુનિયા, અલગ સભાનતાયે છે.

શરીરની સાથ પણ કેવાં મનાદિ સંકળાયાં છે !
છતાં સાથે **હરિ**નામાં શું એકાકાર લાગ્યાં છે !

સહેવાતું, રહેવાતું કૃપાબળ માત્ર તારાથી,
હવે બાકી ગજું ના છે સહેવા દર્દ પણ મનથી.

અમારે તો ચરણ તારે પડી રહેવાનું રાખીને,
જીવનને **આ** નભવવાનું હવે તારે કૃપા કરીને.

હરિઃૐ

## કૃપાથી પ્રાર્થના તુજને

શરીરના રોગથી કેવું પરેશાન શરીર છે **આ** !
શરીરની આળપંપાળ છતાં ઝાઝી ધરાતી ના.

મને પ્રવૃત્તિ લીધેલી કંઈક થોડી ઘણી પણ તે
-થવા દે છે, મને ઊભી કરે ના આડખીલી તે.

હવે મારે પડ્યા રહીને નિરાંતે સૂઈ રહેવું છે,
થતા પરમાર્થભાવે ત્યાં પરોવી દિલ જીવવું છે.

'થતા પરમાર્થના યજ્ઞે શરીર હોમાઈ દેવાને
-શરીરને આપજે શક્તિ' કૃપાથી પ્રાર્થના તુજને.

હરિ:ૐ

## સતત તેથી ભજનભાવે

ગતકડાં **આ** શરીરનાં શાં ! શરીરના દર્દના ભાને,
કદીક અકળાઈ જવાયે છે, તહીં હું પ્રાર્થું દિલ **હરિ**ને.

મનાદિમાંની શાતાને **હરિ**ની સભાનતામાં તે
-પરોવીને પરોવીને કૃપાથી શાંતિ ધારી છે.

પરંતુ **આ** શરીર દર્દો શરીર શાતા ન ટકવા દે,
શરીરનાં સાલતાં દર્દો શરીરને ઊથલાવે છે.

પૂરેપૂરી છતાં એવી શરીર શક્તિ મળી ના છે,
સતત તેથી ભજનભાવે પરોવાનું જ ધાર્યું છે.

હરિઃૐ

## છતાં સભાનતા તેની

શરીરની આગવી શક્તિ સચેતન ના બનેલી છે,
**હરિ**નું અવતરણ હજી ત્યાં પૂરેપૂરું થયું ના છે.

મનાદિ સંકળાયેલાં શરીરની સાથ પાછાં છે,
ભલે તે હો ભજનભાવે છતાં ભાન શરીરનું છે.

શરીરનું ભાન તનનાં તે થતાં દર્દે શું અકળાવે !
કથોલું બોલી મરવાને કદીક પ્રેરાવી તે દે છે.

છતાં સભાનતા તેની કૃપાથી તો રહે હૃદયે,
કથોલું દેખીતું તોયે છતાં સાચું જ તે તે છે.

હરિઃૐ

## हरि અવતારવા કાજે

શરીર **આ** સ્થૂળ સંપૂર્ણ હજી શક્તિ **हरि**ની તે
-ન ઊતરી ત્યાં શકેલી છે, બધી પંચાત તેથી છે.

**हरि**ની શક્તિ અવતરતાં શરીર પણ દિવ્ય શક્તિમાં
-પૂરેપૂરું જ તાદાત્મ્ય શું પલટાતું અનુભવતાં !

શરીરને સર્વ રોગાદિ હજી પજવ્યા કરે છે તે,
શરીર ક્ષમતા પરત્વે તે અધૂરી સાવ પોતે છે.

ન સ્થૂળની કંઈ જ ગુંજાશ **हरि** અવતારવા કાજે,
-ને સ્થૂળને દિલ જિજ્ઞાસા હજી ઊગતી થયેલી છે.

હરિઃૐ

# શરીરનું ભાન તેથી છે

શરીરની આગવી શક્તિ ન સંપૂર્ણ ખીલેલી છે,
**હરિ**ને કાજ જિજ્ઞાસા થવા શક્તિ ન એને છે.

શરીરનું સ્થૂળ દિલ જે છે, ન તે દિલને ગતાગમ છે
-**હરિ**ને માટે સહેજેયે, શરીર તેથી જ એવું રહે.

શરીરના સ્થૂળ ગુણધર્મો હજી એવા જ એવા છે,
અવસ્થા શી શરીરની તે રહે છે મૂળની મૂળ તે.

મનાદિ છો ભલે **હરિ**માં છતાં પાછાં શરીર સાથે
-પરોવાયેલ હોવાથી, શરીરનું ભાન તેથી છે.

હરિ:ૐ

## શરીરની દુર્દશા શી છે !

શરીરનું ભાન તો રહે છે, શરીરનાં દર્દની તેથી
-શી તીવ્ર સભાનતા રહે છે, પીડાકારી જ તે કેવી !

પીડા કેવી ભયંકર છે, શરીરની હીલચાલ જ ને
-થવા ના યોગ્ય રીતે દે, શરીરની દુર્દશા શી છે !

શરીર હોવા છતાં, પૂર્ણ અશરીરી જે ભૂમિકા છે
-શરીરની ના હજી થઈ છે, શરીરને રોગ તેથી છે.

**હરિ**ની પૂર્ણ તન્મયતા શરીરમાં તે ન પ્રગટી છે,
શરીરના પ્રાકૃતિક ગુણો ન બદલાયા હજી તે છે.

હરિઃૐ

# વિધિની શી કરામત તે

દુકાળ કેવો જીવનમાં ભયંકર જે પડેલો'તો !
મને ટટળાવી મારીને શું અધમૂઓ કરી નાખ્યો !

શરીર **આ** હાડપિંજર સમ નર્યું તે થઈ ગયેલું છે,
જરા પ્રાણ જ રહેલા ના, વિધિની શી કરામત તે !

'અમારે જીવવું મરવું' કશું એવું રહેલું ના,
રહમ તુજ માગવાકેરી હૃદય હામ રહેલી ના.

કઈ રીતે જ મડદું તે કશું માગી શકે ચરણે,
શરીરના હોશકોશ જ ના, રટણ તોયે ખરું દિલ છે.

હરિઃૐ

## હરિ એથીય જબરો છે !

શરીરના રોગ કપરા તે શું નામર્દ બનવવાને
-પૂરેપૂરા જ બેઠા છે થઈને સજ્જ કેવા તે !

અનેકે રીતની સજ્જડ ભયંકર વેદનાને તે
-શી ઉપજાવી, નમાલા શા બનવવાને જ તત્પર છે !

કૃપાથી માંહ્યલો સાબૂત જીવંતો આપ પોતે છે,
રહેવાયું જ જીવતાં ને **હરિ**થી તો ટકાયું છે.

ગજું બાકી ન માનવનું શરીરના રોગ આગળ છે,
ભલે બળવાન શા રોગ ! **હરિ** એથીય જબરો છે !

હરિઃૐ

## જીવંતી શક્તિ અંતર્ગત

શરીર, સૌ રોગથી સઘળી ટટારી ખોઈ બેઠું છે,
શરીર, નિજ શક્તિથી પણ તે હણાઈ તો ગયેલું છે.

શઊર કોઈ રીતનુંયે તે શરીરમાં ના રહેલું છે,
શરીર સૌ રોગથી કેવું નર્યું લબડી ગયેલું છે !

શરીરમાં હોશકોશ જ ના, શરીર મુડદાલ કેવું છે !
છતાં પરમાર્થના યજ્ઞો નભાવેલું નભેલું છે.

અશક્તિ શી શરીરની છે ! છતાં **हरि** શો નભાવે છે !
જીવંતી શક્તિ અંતર્ગત શી ગર્જંતી પળેપળ છે !

હરિઃૐ

## અનુભવવું મળ્યું આ પણ

બહુ અકરાંતિયું ખાઈ ચઢેલો આફરો શો તે !
બહુ શ્રમ શ્વાસ લેતાંયે અરે ! કેવો પડે છે તે !

શરીરની સર્વ હિલચાલ પડી મંદ ગઈ શી તે !
પ્રમાદ શો ગયો વ્યાપી ! બને શેં સર્જવું કશું તે ?

પ્રવાહ ભાવનાકેરો છતાં ચાલ્યા કરે છે તે,
કશી ના આડખીલી છે, સ્મરણની ધારણામાં તે.

શરીરની અસર શરીર પર તે ખરેખર માત્ર થતી રહે છે,
અનુભવવું મળ્યું **આ** પણ, **હરિ**ની મહેરબાની તે.

---

* શ્રી શશિકાંતભાઈ તથા શ્રીમતી કુમુદબહેનને ત્યાં વડોદરામાં કેરીના રસનો આઈસક્રીમ ખવરાવ્યો તે વેળાનું ગીત.

હરિઃૐ

## હરિમાં રાચવાનું છે

શરીરને તો પડ્યા રહીને બધા દી ગાળવાના છે,
હવે તેના વિના આરો શરીરને ના અવર કો છે.

હવે સહેવાતું પણ ના છે, ન છાનું પણ મરાતું છે,
શરીરના દર્દની કથની જઈ સંભળાવવી કોને ?

સહાનુભૂતિ દિલ એવી ઊંડી પ્રગટેલ કોને છે !
વળી સંભળાવવાથી શું થવાનો લાભ તેથી છે ?

સ્મરણના ભાનના તાને હવે તો માત્ર પડી રહીને,
જીવન બસ એ રીતે જીવી **હરિ**માં રાચવાનું છે.

હરિ:ૐ

# બધું ભરપૂર, ભરપૂર છે

શરીરની ભાળ લેનાર **હરિ તું** મોકલી દે છે,
વળી સંભાળ બહુ રીતથી બધાં લેતાં જ રહે છે તે !

જરૂરિયાતો જુદી જુદી બધી પૂરી **તું** પાડે છે,
કમીના કોઈ વાતે તો જીવનમાં ના કશાની છે.


બધું ભરપૂર, ભરપૂર છે, કશી વાતે ઊણપ ના છે,
નર્યા વૈભવથી છલકાતું જીવન અલમસ્ત કેવું છે !

પતિતની પર મહા અદ્‌ભુત **હરિ**ની બોલબાલા છે,
**હરિ**રસથી છલોછલ તે શું રંગાયેલ જીવન છે !

હરિઃૐ

# ખંડ - ૧૧

# મળેલાંને ઉદ્‌બોધન



મળેલાંને હૃદયની તે ખરેખર વિનતિ છે કે
'પ્રવેશાવા તમારે દિલ સરળતા આપજો મુજને.'

હરિઃૐ

# પ્રવેશાવા તમારે દિલ

ઝઘડવું ના અમારે છે, ન તસ્કરવું કદી પણ છે,
કશી પંચાતમાં કોઈની, ન પડવાનું જરા દિલ છે.

મળેલાંને હૃદયની તે ખરેખર વિનતિ છે કે
'પ્રવેશાવા તમારે દિલ સરળતા આપજો મુજને'.

કહીં ના પ્રવેશ મળતો છે, બધાં દ્વારે જ તાળાં છે,
'અનેકે રીતથી દાખલ તમારામાં થવું' ચહ્યું છે.

મળેલાંને કૃપાથી શાં હૃદય ચાહ્યાં કરેલાં છે !
સફળતા ના મને મળતી, તપાસી દિલ જોયું છે.

હરિઃૐ

# અમે કિસ્મતના ઘડવૈયા

કશી કિસ્મતની કંઈ વાત ભૂલેચૂકે ન કરવી છે,
અમે કિસ્મતના ઘડવૈયા અમારા તો અમે શા તે !

અમારે ભૂત કે ભાવિ કશું કંઈ ના જીવનમાં છે,
અમારે માત્ર જીવનમાં નર્યો શો વર્તમાન જ છે !

કશું ના ભૂત અમમાં છે, કશું ભાવિ ન અમમાં છે,
જીવનમાં વર્તમાનતણા અમે ભક્ત પૂરા શા તે !

અમારે ભૂત કે ભાવિ પરે આધાર કંઈ ના છે,
કશો આધાર કોઈ રીતે અમારો કાળ પર ના છે.

હરિઃૐ

# તમારા દિલમાં 'મોટા'

તમારા પ્રશ્ન જીવનના ઉકેલાવા પૂરેપૂરા,
ના સામર્થ્ય કશું મુજમાં, ક્ષમા દેજો મને હાવાં.

તમે 'મોટા'ની પાસેથી મદદ મેળવવા ઇચ્છો જો
-તમારા દિલમાં 'મોટા' તમે જીવતા કરી દેજો.

તમે 'મોટા'ની સંગાથે તમારું દિલ સંપૂર્ણ
-કરી તે ઓતપ્રોત જ ત્યાં નીરખજો તે પરિણામ.

શું તાણાવાણા જીવનના વિશે પરોવી દઈ 'મોટા'.
કરી કરી પ્રાર્થના દિલથી તમે સંબોધજો 'મોટા'.

હૃદયમાં ભાવ સંપૂર્ણ ટકેલો જીવતો જો છે,
બધા પ્રશ્નો ઉકેલાવા કૃપાથી જાગશે મતિ જે.

હરિઃૐ

## ખરેખર કોણ પ્રીછે છે ?

થતાં પ્રત્યેક કર્મે તો અવરજન સાથ પણ હેતુ
-રહેલો, કોણ જાણે છે જીવંતો દિલ ધબકંતો ?

થતાં રહેતાં જ સૌ કર્મે હૃદયની ભાવના ત્યારે
-સહેતુક ચેતનાત્મક જે ખરેખર કોણ પ્રીછે છે ?

અમે જે તે બધું કરીએ પ્રભુપ્રીત્યર્થ જીવન તે,
કશું ના કોઈ માટે છે, અમો સાક્ષી, **हरि** પણ છે !

અમારો ભીખનો ધંધો પરંતુ ના અમો કાજે
-પ્રભુપ્રીત્યર્થ બેઠો તે થવાને સમાજ અર્થે છે.

હરિઃૐ

# પ્રવેશાવા અવર દિલમાં

અમારી પ્રકૃતિ પણ છે ખરું માધ્યમ જીવનમાં તે
-પ્રવેશાવા અવર દિલમાં, **હરિ**ભાવે ચહેલું છે.

મળેલાં પ્રકૃતિ સાધનતણો ઉપયોગ લીધો છે,
પરંતુ ત્યાં મળેલાંએ ધરી ના યોગ્ય સમજણને.

બધાંએ **જીવ**કક્ષાની પડેલી રીતરસમ જે છે,
શું નિજની પ્રકૃતિ રીતે બધું સમજેલું તે તે છે.

મળેલો કર્મનો પડઘો, પછી ત્યાં દોષ કોનો છે ?
અમારી પ્રકૃતિયે શી પડેલી પાછી કેવી તે !

થયા હડધૂત સંપૂર્ણ શી પ્રકૃતિથી મળેલાંની !
તિરસ્કાર વળી પામ્યા નફામાં લાધી બદનામી.

હરિઃૐ

## તને અન્યાય કરતો છું

તમારે ને અમારે તો કદીક ઝઘડો થતો રહે છે,
પડે વાંધા અને વચકા નકામી બાબતે શા તે !

કશો તુજ દોષ કંઈ ના છે, હૃદય સંપૂર્ણ જાણું તે,
છતાં આડું થતાં કંઈક લઉં છું ઊધડો તુજને.

તને અન્યાય કરતો છું, હું ચોંટું છું ઊંધી રીતે,
**તું** એવા દોષ મારા ના કદી લક્ષે ધરંતો છે.

ઊગી જ્યાં આવતું ડહાપણ, મને અન્યાયની શિક્ષા
-તને દેવા, કરું વિનતિ હું ખોળો પાથરી દિલમાં.

હરિઃૐ

# જીવનમાં ત્યાગી ત્યાગીને

ઝઘડવું ના અમારે છે, મચડવું કંઈ કશું ના છે,
ન ખેરવી લેવું કંઈ પણ છે, વળી સાચવવું સહુનું છે.

સુમેળ, પૂર્ણ સહકાર સહુ જન સાથ ધરવો છે,
સહી લઈને ઉમળકાથી ભલું સહુનું જ કરવું છે.

હૃદય **આ** એકલા **જીવ**ને ન સુખ મેળવવું ધાર્યું છે,
જીવનને ત્યાગ, પરમાર્થે *કૃપાથી રાજી કરવું છે.

જીવનમાં ત્યાગી ત્યાગીને રહે જે શેષ બાકી તે
-કૃપાથી એ જ ખોરાક જીવનનો માત્ર સાચો છે.

* શું ગૌરવવંત કરવું છે !

હરિ:ૐ

# હૃદય સૂઝ તેથી ઊગી છે

વહેતો જે દિશામાંનો પ્રવાહ તે જીવનનો છે,
દિશા તેથી ઊલટ બાજુ વહેવાનું થયેલું છે.

પ્રચંડ સામનો ભારે તહીં કરવો પડેલો છે,
મથામણની મહેનતમાં છતાં ના ખાસ લાગ્યું છે.

મહેનતમાં ઉમળકો દિલ ધગશ, ઊલટ હતાં સાથે,
મહેનત તેથી તો મુજને ન લાગી આકરી સહેજે.

વળી જે સાધવું છે દિલ, પૂરો રસ તે વિશે હૃદયે,
પડ્યાં કરતો હતો કેવો ! હૃદય સૂઝ તેથી ઊગી છે.

હરિઃૐ

# हरि જોનાર બેઠો છે

બધાં તો એકસરખાં તે કદી પણ ના થવાનાં છે,
જીવનમાંના બધા ભેદ ભૂંસાવાના કદી ના તે.

થવા વિકાસ જીવનમાં સરળતા સમ બધી હોવા
–સહુ માટે જ એકધારી, ઘટે હોવી જ વાસ્તવિકતા.

બધાંનો ન્યાય જીવનમાં શું બેઠો તોળનારો તે !
લઈને ત્રાજવાં કર તો **हरि** જોનાર બેઠો છે !

**हरि** કાતર ને ગજ લઈને શું વેતરવા જ બેઠો છે !
વધતું ઘટતું બરાબર તો બધાંનું **ते** કરી દે છે.

હરિઃૐ

## સતત તેવી મથામણમાં

જીવન જેણે શું જીવવાનું ચહ્યું નિજ ધ્યેયની રીતે
-ઘણા ખત્તા, ઘણાં જોખમ, જીવનમાં વહોરવાં પડશે !

સતત તેવી મથામણમાં હૃદય ઉત્સાહ જેને છે,
વિરલ યોદ્ધો પરાક્રમી તે જીવન જીતનાર માત્ર જ છે.

જીવન વિકસાવવા કેવું ભયંકર યુદ્ધ ખેલ્યું છે,
કદીક હાર્યો, કદીક જીત્યો, બધા ત્યાં દાવ ખેલ્યા છે.

ઊંધોચત્તો થવાયું છે, કદીક ગબડી પડાયું છે
-છતાં પાછો ઊભો થઈ શો રણાંગણમાં ઝઝૂમ્યો જે !

હરિઃૐ

# જીવન કૃતાર્થ કરવું છે

જતા ના કોઈના દિવસ જીવનમાં એક સરખા તે,
કદીક ચડતી, કદીક પડતી શિખર, ખીણ પંથ આવે છે.

જીવનમાં તે પરિસ્થિતિ ન કોઈ એકસરખી છે,
ગરીબ, રાજા, મજૂર, માલિક, જુદી સ્થિતિ સહુની છે.

ગમે તેવી દશા દુર્ઘટ જીવનમાં આવતી છોને,
પ્રવર્તાવી પરંતુ દિલ પૂરી શાંતિથી જીવવું છે.

જીવન આનંદ હિલ્લોળે ચડીને જીવવા લહાવો,
-રસીલો શો લીધા કરીને જીવન કૃતાર્થ કરવું છે !

હરિઃૐ

## શરણ સંપૂર્ણ જે તારે

ખબરદાર ધણી ધીંગો બધી રીતે અમારો છે,
બધાંની સૌ જરૂરિયાત પ્રમાણે આપતો છે **તે**.

કીડીને કણ **તું** બક્ષે છે, વળી હાથીને મણ દે છે,
શરણ સંપૂર્ણ જે તારે, **તું** તેને યોગ્ય શું દે છે !

હવે ફરિયાદ કરવાની કશી મારે ન રહેતી છે,
કદીક બોલું, હૃદય સ્નેહતણું તે ખાસ લક્ષણ છે.

મળેલી પ્રકૃતિ સાથે શું બાથંબાથ આવીને
-ખરેખર યુદ્ધ ખેલીને **હરિ** અંતરનો જીત્યો છે.

હરિઃૐ

## સતત તારી તરફ શી છે !

હવે ના આપદા કંઈ છે, ન મુશ્કેલી, ગૂંચો ના છે,
જીવનનાં સર્વ પાસાંનું બધું સંભાળતો મુજ તે.

બધી ચિંતા, ફિકર મારી હવે તો તુજ હૃદયમાં છે,
કશી દરકાર ધરવાની અમારે તો રહી ના છે.

છતાં **તેં** બુદ્ધિ બક્ષી છે, શી સ્ફુરતી પ્રેરણા કંઈ જે !
પ્રમાણે તેમ વર્તીને, વહ્યા જીવન જતું જે તે.

ઈશારા તુજ નયનના હૃદય સમજણ પડંતી છે,
નયનમીટ તેથી અમ જીવતી સતત તારી તરફ શી છે !

હરિઃૐ

# બધાં સાથે ચહી ચહીને

અમારે ના બબડવું છે, ન આથડવું અમારે છે,
ન ચડભડવું અમારે છે, સ્મરણ શું માત્ર લેવું છે !

કશી પંચાત કોઈની અમારે તો ન કરવી છે,
કશા ઝઘડા, ફિસાદોમાં અમારે ના ભરાવું છે.

કશી લડવાડ કો સાથે ન કરવાની અમારે છે,
નર્યો સદ્‌ભાવ, સુમેળ બધાં સાથેય ધરવો છે.

હૃદય સહકાર કરી કરીને બધાં સાથે ચહી ચહીને,
અમારે તો હળીમળીને જીવન વિતાવવાનું છે.

હરિઃૐ

## ફરજનો ધર્મ એવો છે

ફરજ આવી પડે ત્યારે, શરીરનું દોદળાપણું તે-
ઊડી ક્યાંયે જતું રહે છે, ફરજનો ધર્મ એવો છે.

પ્રભુપ્રીત્યર્થના ભાવે ફરજનો ધર્મ પાળ્યો છે,
સ્મરણની ધૂનમસ્તીમાં અદા ફરજ કરેલી છે.

ફરજ તે ના ફરજ માત્ર, ફરજ શી પ્રેરણારૂપ છે !
જીવનમાં કંઈક અનુભવવા ફરજ મુજને મળેલી છે.

ફરજથી ભાવના ઊંડી ફરજ પ્રત્યેની તે દિલની
-જીવંતી કેટલી કેવી શું તાત્કાલિક ખબર પડતી !

હરિઃૐ

# પુરુષ લોકોત્તર જ શ્રેષ્ઠ

પુરુષ લોકોત્તર જ શ્રેષ્ઠ જીવનમાં જે ખરેખર છે,
ન કોઈ તેમના મનને સમર્થ પ્રીછી શકવાને.

સદા તેમના શું સદ્‌ભાગ્યે પ્રિછાવું તેમનું થયું ના,
કંઈક ઊલટું પ્રસંગોમાં ઊંધા પોતે પ્રિછાયા શા ?

હૃદય તે તેમણે જાણ્યું બધું હોવા છતાં પોતે,
પૂરા અસ્પૃશ્ય શા નરદમ સદા તેમાં રહેલા તે !

કશું જાણે ન વળગે કંઈ, ન લાગે છે કશું જાણે,
રહે સંપૂર્ણ તટસ્થ જ તે હૃદય કોરા બધી રીતે.

હરિઃૐ

# તને મુજ સાક્ષી રાખીને

જીવનની સર્વ બાબતમાં તને મુજ સાક્ષી રાખીને,
અડોઅડ સાથ ધારી તુજ થતું જે તે, ભજી તુજને.

જરા સરખો વીલો તુજને ન મારાથી મુકાતો છે,
ભુલાયો ના ભુલાતો છે, હવે એવી દશા મુજ છે.

હવે તો જે થતું તે તે, બને આશ્રયથી તારા તે
-ન ડગલું એક પણ આગળ વિના તારા ભરાતું છે.

**हरि** જેમાં અને તેમાં જીવનનું બળ બધું મુજ છે,
**हरि** જિવાડતો મુજને હ્રદય **हरि**માં રખાવીને.

**॥ હરિઃૐ ॥**

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટ રસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણા મહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશા માંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુ-પદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ - **શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્‌લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)
આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.




(ગઝલ)

શરણ તારે ઢળેલાને કશી વાતે ન નાનમ છે,
જગત સંસારમાં એને ન શરમાવાનું કારણ છે.

વખાણે કે વખોડે છો, હરિની પ્રસાદી તે વિના
-કશું બીજું ન ખપતું છે, નમાવું શિર હરિપદમાં.

પદે એક વાર ઝૂકેલો, હવે તેનાથી તો ઊલટું
-કશું પણ તે થઈ શકવા, પૂરો દુર્બળ બધી રીત હું.

ભલે કદી વિઘ્નનાં વૃક્ષો તૂટી મુજ પર પડે છોને,
છતાં દિલની અડગ શ્રદ્ધા ન તૂટવાની કૃપાથી તે.

*'જીવનપ્રભાત', બીજી આ., પૃ. ૩૯* - શ્રીમોટા